بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૩**

શવ્વાલુલ મુકર્રમ-ઝી કઅ્દા

હિજરી સન : ૧૪૩૪

વર્ષ : ૧૦, અંક : ૦૯, સળંગ અંક : ૧૧૭



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | અલ્લાહની રહમત તેના ગઝબથી વિશેષ છે ! | ૦૨ |
| ૦૨ | **મક્કા શરીફ ઐતિહાસિક રૂહાની શહેર કે ફાઈવસ્ટાર શહેર ?!** | ૦૩ |
| ૦૩ | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | ૧૦ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૨ |
| ૦૫ | હ઼દાઈકે બખ્શિશ | ૧૩ |
| ૦૬ | ક઼ાનૂને શરીઅત | ૧૪ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૭ |
| ૦૮ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૦ |
| ૦૯ | પીળુ પત્રકારત્વ જુલ્મ બને છે ! | ૨૨ |
| ૧૦ | હુઝૂર તાજુશ્શરીઅહનો કા'બા શરીફમાં પ્રવેશ | ૨૩ |
| ૧૧ | ફાતેહે ખૈબર હઝરત અલી رضی اللہ عنہ નો ખોરાક ! | ૨૪ |
| ૧૨ | મદીના શહેરનો ઈતિહાસ | ૨૫ |
| ૧૩ | કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ચાર સહાબીઓ | ૩૨ |
| ૧૪ | ખુલફાએ રાશિદીન અને ખૌફે ખુદા | ૩૭ |
| ૧૫ | વિશ્વમાં ૬૦ લાખ મુસ્લિમોની ઈદ શરણાર્થી | ૪૪ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


## ★ શહનશાહ કા રોઝા ★

હાજીઓ આઓ શહનશાહ કા રોઝા દેખો
કા'બા તો દેખ ચુકે કા'બે કા કા'બા દેખો
રુકને શામીસે મિટી વહશતે શામે ગુર્બત
અબ મદીને કો ચલો સુબ્હે દિલઆરા દેખો
આબે ઝમઝમ તો પિયા ખૂબ બુઝાઈ પ્યાસેં
આઓ જૂદે શહે કૌષર કા ભી દરયા દેખો
ઝેરે મીઝાબ મિલે ખૂબ કરમ કે છીંટે
અબરે રહમત કા યહાં ઝોર બરસના દેખો
મિષ્લે પરવાના ફિરા કરતે જો જિસ શમ્અ કે ગિર્દ
અપની ઉસ શમ્અ કો પરવાના વહાં કા દેખો
ધો ચુકા ઝુલ્મતે દિલ બોસએ સંગે અસ્વદ
ખાક બોસીએ મદીના કા ભી રુત્બા દેખો
કર ચુકી રિફઅતે કા'બા પે નઝર પરવાઝેં
ટોપી અબ થામ કે ખાકે દરેવાલા દેખો
જુમ્આએ મક્કા થા ઈદ અહલે મહ઼બ્બત કે લિએ
મુજરિમો ! આઓ, યહાં ઈદે દો શમ્બા દેખો
મુલ્તઝિમસે તો ગલે લગ કે નિકાલે અરમાં
અદબો શૌક઼ કા યાં બાહમ ઉલઝના દેખો
ગૌર સે સુન તો "**રઝા**" કા'બે સે આતી હૈ સદા
મેરી આંખોં સે મેરે પ્યારે કા રોઝા દેખો

જો કે આપણા અમલો તો એના પાત્ર જ નથી કે જેના ભરોસા પર આપણે મગફેરતની અપેક્ષા કરી શકીએ પણ જ્યારે આ આયતે કરીમા પર નજર જાય છે તો બખ્શિશની ઉમ્મીદ બંધાય જાય છે. ઈર્શાદે બારી તઆલા છે : ''બેશક ! અલ્લાહ એને નથી બખ્શતો કે એની સાથે કુફ્ર કરવામાં આવે અને કુફ્રથી નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે છે.'' *(સૂરએ નિસાઅ, આયત : ૪૮, પારા : ૫)* બીજીવાર ઈર્શાદ છે : ''તમે ફર્માવો, હે મારા તે બંદાઓ જેમણે પોતાની જાનો પર જુલ્મ કર્યો, અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ ! બેશક ! અલ્લાહ સર્વ ગુનાહ માફ કરી આપે છે.'' *(સૂરએ ઝુમર, આયત : ૫૩, પારા : ૨૪)*

## અલ્લાહની રહમત તેના ગઝબથી વિશેષ છે !

કાર્યાલય

નબી કરીમ ﷺ ફર્માવે છે કે અલ્લાહ તઆલાની સો રહમત છે એમાંથી એક રહમતને જિન તથા ઈન્સાન પર ચોપગાં તથા જમીનના જાનવરો બરાબર જમીનની વચ્ચે નાઝિલ કરી અને એના જ કારણે દરેક ચીજ આપસમાં રહમ તથા મહેર (દયા) કરે છે અને નવ્વાણુ રહમતો જેને ક્યામતના દિવસે પોતાના બંદાઓ સમક્ષ પ્રદર્શિત કરશે તેને હશ્ર (હિસાબ કિતાબ)ના દિવસ માટે બાકી રાખી છે.

રિવાયત છે કે જ્યારે ક્યામતનો દિવસ થશે તો અલ્લાહ તઆલા એક લખાણ અર્શની નીચેથી બહાર પાડશે જેમાં લખ્યું હશે કે આજના દિવસે મારી રહમત મારા ગઝબથી વધીને છે અને હું સર્વ મહેરબાનોથી અધિક મહેરબાન છું. જન્નતમાં જેટલા માણસો મૌજૂદ છે એનાથી બમણી સંખ્યામાં માણસો દોઝખથી બહાર થઈ જાય.

આ હદીષમાં આવેલ છે કે ક્યામતના દિવસે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવશે કે દોઝખમાંથી એ લોકોને કાઢો જેમણે મને એક દિવસ યાદ કર્યો હોય અથવા એક સ્થળે મારાથી ડર્યા હોય.

એક હદીષમાં આવ્યું છે કે લોકો જ્યારે દોઝખમાં ભેગા થશે અને એમનામાં અમુક મુસલમાન પણ હશે. તો કાફિરો મુસલમાનોથી સવાલ કરશે કે શું તમે મુસલમાન ન હતા ? તેઓ કહેશે, હા ! મુસલમાન હતા. તેઓ કહેશે કે તમારો ઈસ્લામ કામ ન આવ્યો ! કેમ કે તમો પણ દોઝખમાં અમારી સાથે છો ! તેઓ કહેશે કે અમારા ગુનાહો ખૂબ હતા જેથી અમે અહીં સજા ભોગવવા આવ્યા. અલ્લાહ તઆલા તેમની વાતચીત સાંભળશે અને હુકમ ફર્માવશે કે જેઓ મુસલમાન છે એમને દોઝખથી બહાર કાઢી લો ! તો સર્વને કાઢી લેવામાં આવશે. જ્યારે કાફિરો આ જોશે તો કહેશે, કાશ ! અમે પણ મુસલમાન હોત તો દોઝખથી કાઢી લેવામાં આવત.

એક હદીષમાં ઈર્શાદ છે કે અલ્લાહ તઆલા પોતાના મો'મિન બંદા પર તેની હેતાળ મા કરતાંય અધિક રહમ કરે છે.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે ક્યામતના દિવસે જેની નેકીઓ બુરાઈઓથી વધીને હશે તે વિના હિસાબે જન્નતમાં દાખલ થશે અને હુઝૂરે અક્દસ ﷺની સિફારિશ તે શખ્સના માટે હશે જેણે પોતાને નફસના કારણે બર્બાદ થયો હશે અને એની પીઠ ગુનાહોના બોજથી ભારે હશે. બંદાએ જોઈએ કે અલ્લાહ તઆલાથી સારું ગુમાન રાખે.

હઝરત સઈદ બિન બિલાલ رضی اللہ عنہ ફર્માવે છે કે ક્યામતના દિવસે અલ્લાહ તઆલા બે ગુનેહગારોને માટે હુકમ આપશે કે દોઝખમાં લઈ જાવ ! એક ગુનહગાર તો હુકમ પામતાં જ દોઝખની તરફ દોડતો ચાલ્યો જશે અને બીજો રોકાતો રોકાતો પગો ઘસડતો જશે. તેમને ફરીવાર પાછા આવવાનો હુકમ થશે અને પહેલા માણસને પૂછવામાં આવશે કે તું દોડતો દોડતો કેમ દોઝખની તરફ ચાલ્યો ?! તે અર્ઝ કરશે, ઈલાહલ આલમીન ! આગલી નાફર્માનીથી તો એ થયું કે દોઝખમાં મોકલવામાં આવ્યો, જો અત્યારે પણ નાફર્માની કરીશ તો ન જાણે શું થશે ?! જ્યારે બીજાને અચકાતા અચકાતા જવા વિશે પૂછવામાં આવશે તો અર્ઝ કરશે, ઈલાહી ! મને તારાથી સારું ગુમાન હતું અને હું તને ઘણો જ રહીમ સમજુ છું. એ કારણે ધીરે ધીરે ડગલાં ભરતો હતો કે કદાચ તને રહમ આવી જાય ! તરત જ હુકમ થશે કે બંનેને બખ્શી આપ્યા.

એક હદીષમાં આવ્યું છે કે ક્યામતના દિવસે અર્શની નીચેથી એક પોકારનારો પોકારશે કે હે ઉમ્મતે મુહમ્મદિયહ્ (ﷺ) જે મારા હક્કો તમારા માથે હતા એ મેં તમોને માફ કર્યા. હવે તમારા આપસના હક્કો રહ્યા તેને આપસમાં એકબીજાને માફ કરી આપો ! અને મારી રહમતથી જન્નતમાં ચાલ્યા જાવ ! *(કાશાનાએ સાબરી, ફેબ્રુઆરી–૧૯૫૬)*

# મક્કા શરીફ

## ઐતિહાસિક રૂહાની શહેર કે ફાઈવસ્ટાર શહેર(?!)




મક્કા મોઅઝ્ઝમામાં હાલ હાજીઓની સગવડના નામે હરમ શરીફની અંદરના ભાગો તેમજ આસપાસની બિલ્ડિંગોની ભાંગફોડ કરીને તેનું વિસ્તરણ થઈ રહ્યું છે અને ગગનચુંબી ફાઈવ સ્ટાર હોટલોના નિર્માણનું કાર્ય પ્રોજેક્ટમાં છે. આ બાબતે ચર્ચા આગળ જતાં કરીશું પણ સૌ પ્રથમ હાલમાં જેઓ પોતાને ''ખાદિમુલ હરમૈન'' કહે છે તેઓ અસલમાં છે કોણ ? તેઓનો ઈતિહાસ શું છે ? અને કઈ રીતે તેઓ સત્તા પર આવ્યા ? કોને હરાવીને કેવી રીતે અને કોના સહારે સત્તા પર આવ્યા ? સત્તા પર આવ્યા પછી તેમણે મક્કા શરીફ મદીના શરીફમાં શું શું ભાંગતોડો કરી છે ?... વગેરે જાણવું પણ જરૂરી છે જેનું વિસ્તારપૂર્વક વર્ણન આપ ઈતિહાસ વગેરેની કિતાબોમાં વાંચી લેશો✪ અહીં ટૂંકમાં રજૂ કરીએ છીએ.

**★ કહેવાતા ખાદિલમુલ હરમૈને સત્તા પ્રાપ્તિ માટે અંગ્રેજોથી કરેલ કરાર ★**

આજે સર્વત્ર મુસ્લિમ દેશોમાં અશાંતિ, અજંપો, અવ્યવસ્થાનું સામ્રાજ્ય છવાયેલું આપણે જોઈ રહ્યા છીએ. પાકિસ્તાન, અફઘાનિસ્તાન, ઈરાક઼, લેબનાન, યમન, સીરિયા, ટયૂનિસ્યા, નાઈજિર્યા, ઈજીપ્ત વગેરે દેશોમાં ગૃહ યુદ્ધમાં મુસ્લિમ કૌમનો ખૂનામરકી, બોમ્બ ધડાકા, ગોળીબાર....વગેરેથી કચ્ચરઘાણ વળી રહ્યો છે, જેનાથી મુસ્લિમ દેશો દરેક રીતે નબળા તથા નિર્બળ તથા કંગાળ બની રહ્યા છે. વિચારવાની વાત એ છે કે આ સર્વ બિનાઓ પાછળ દુનિયાની સૌથી બદ્‌બખ્ત કૌમ યહૂદીનો હાથ છે અને એનાં મૂળો ઘણા ઊંડાં છે. યહૂદી પોતાના અવગુણો, બેવફાઈ, ગદ્દારી તથા ફસાદવૃત્તિના કારણે જગતમાં ભટકતી કૌમ હતી, તેમને વસાવવા માટે અંગ્રેજો વરસો સુધી જગ્યા માટે કોશિશ કરતા રહ્યા પરંતુ ૮૦૦ વરસ સુધી પૂરા અરબ જગત પર તુર્કી ઉષ્માની (સુન્ની) હુકૂમતનો કન્ટ્રોલ તથા દબદબો હતો અને જગતભરની ઈસાઈ હુકૂમતો પર તેની જબરદસ્ત ધાક હતી. તે સમયના તુર્કી ખલીફા પાસે યહૂદીઓને વસાવવા જગ્યાની માગણી થઈ હતી તો તેમણે તસુભર જગ્યા પણ આપવાથી ઈન્કાર કર્યો હતો. આ ફિત્નાખૌર કૌમ યહૂદીને અંગ્રેજોના સહકારથી પેલેસ્ટાઈનની ભૂમી પર પગ જમાવવાનો મોકો શાથી મળ્યો તેના સંબંધે થોડોક ઈતિહાસ જોઈ લઈએ. હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ ક઼લમ–દિલ્હી) લખે છે :–

**દુનિયાના બધા જ મુસલમાન અને ગૈરમુસ્લિમ ઈતિહાસવેત્તાઓનો એ વાત પર ઈત્તેફાક઼ છે કે સલ્તનતે ઉષ્માનિયા (સુન્ની હુકૂમત)ને જ્યારે તબાહ તથા બરબાદ કરવાનો અંગ્રેજોએ પ્લાન બનાવ્યો તો પોતાની બિછાવેલી સાઝિશ પ્રમાણે આરબોમાં જાતિવાદની રૂહ ફૂંકી અને તુર્કોની વિરુધ્ધ આપસમાં લડાઈ શરૂ કરી. દુનિયાના મુસલમાનોની બદ્‌કિ઼સ્મતીથી મુહમ્મદ બિન અબ્દુલ વહાબ નજ્દીની શકલમાં એક**

✪ *તારીખે નજ્દો હિજાઝ, વહાબીની કહાની હમ્ફેની ઝબાની, રહનુમાએ હક્ક઼, હક્ક઼ નાહક્ક઼ની પહેચાન...વગેરે*

**મઝહબી શેખ મળી ગયો જેણે આલે સઊદની સાથે મિલીભગત કરી અને પછી આલે સઊદે નજદનો વિસ્તાર અને એના પછી ઈ.સ. ૧૯૨૫માં હિજાઝની સરઝમીન પર મુકમ્મલ (સંપૂર્ણપણે) કબજો કરી લીધો.** મશ્હૂર ઈતિહાસકાર ઈસ્ટિન્લે પોલ પોતાની કિતાબ "તુર્કી સુલ્તાનો"માં લખે છે : અરબોમાં અંગ્રેજોએ એક અન્ય રીતે જાહેર કામ્યાબી હાંસલ કરી. કર્નલ લારેન્સની વરસોની છુપી કોશિશો છેવટે કામ્યાબ થઈ અને બ્રિટનની આગેવાનીમાં અરબો જાતિવાદના જોશમાં તુર્કીઓની વિરૂધ્ધમાં ઉભા થઈ ગયા અને પરિણામ એ આવ્યું કે બ્રિટનની કોશિશોએ તુર્કોના મુકાબલામાં અરબોને લાવી એમના દબદબાને કાયમ માટે ખતમ કરી દીધો. ઈ.સ. ૧૯૧૫માં અંગ્રેજ અને ઈબ્ને સઊદ વચ્ચે એક કરાર થયો જેનું સાચુ હોવું ઈ.સ. ૧૯૨૦માં સાબિત થયું. આ કરારને ધ્યાનથી વાંચીને ફેંસલો કરો કે વહાબી અને સઊદીની તાકત ક્યાંથી પેદા થઈ ?

**કલમ (૧) :** બ્રિટિશ ગવર્નમેન્ટ કબૂલ કરે છે અને એ બાબત સ્વીકારવામાં એને કોઈ વાંધો નથી કે નજદનો વિસ્તાર, અહસા, કતીફ, જબીલ અને ઈરાનના અખાતની સાથે લાગેલા વિસ્તારો જેની હદબંધી પછી થશે, આ બધા વિસ્તારો સુલ્તાન ઈબ્ને સઊદના છે. અને બ્રિટન એ વાતને માને છે. આ વિસ્તારોના બાદશાહ આ સુલ્તાન અને એના બાપદાદાઓ છે. એમને આ મુલ્કો અને કબીલાઓ પર આઝાદ હુકૂમત હાંસલ છે એમના પછી એમના છોકરાઓ (વારસ) ગાદીપતિ છે. પરંતુ **એમના વારસો હક્કદારો માટે કોઈ એકને નિમણૂંક કરવા માટે એ શર્ત હશે કે એ શખ્સ બ્રિટન ગવર્નમેન્ટનો વિરોધી ન હોય અને લખેલી શર્તોનો પણ વિરોધી ન હોય.**

**કલમ (૨) :** કોઈ અજાણી તાકાત સુલ્તાન ઈબ્ને સઊદ અને એના વારસોના મુલ્કો પર બ્રિટિશ ગવર્નમેન્ટના સલાહ મશ્વેરા વગર અથવા એમને ઈબ્ને સઊદ સાથે મશ્વેરાની ફુરસદ આપ્યા વગર આક્રમણ કરશે તો **બ્રિટિશ ગવર્નમેન્ટ** ઈબ્ને સઊદથી મશ્વેરો કરીને આક્રમણ કરવાવાળાના વિરૂધ્ધમાં **ઈબ્ને સઊદને મદદ આપશે.** પોતાની હાલતનો લેહાઝ રાખી એવા રસ્તાઓ શોધશે જેનાથી ઈબ્ને સઊદના મકસદો અને એનો મુલ્ક સલામત રહી શકે.

**કલમ (૩) :** ઈબ્ને સઊદ એ કરાર પર (રાજી) ખુશ છે અને વાયદો કરે છે કે : (અ) એ કોઈ બીજી કૌમ અથવા કોઈ હુકૂમત સાથે કોઈ પણ પ્રકારની વાતાઘાતો કે સમજૂતી અને કરાર કરવાથી દૂર રહેશે. (બ) જણાવેલ મુલ્કોના વિશે અગર કોઈ હુકૂમત દખલ આપશે તો ઈબ્ને સઊદ તુરત બ્રિટિશ ગવર્નમેન્ટને ખબર કરશે.

**કલમ (૪) :** ઈબ્ને સઊદ વાયદો કરે છે કે એ એનાથી વિમુખ થશે નહીં અને આ જણાવેલ મુલ્કો અથવા એના બીજા કોઈ વિસ્તારને બ્રિટિશ ગવર્નમેન્ટથી મશ્વેરો કર્યા વગર વેચવા, ગીરવી રાખવા કોઈપણ પ્રકારનો ફાયદો ઉઠાવવાની અધિકારી નહીં રહેશે. એને એ વાતનો હક્ક નહીં હોય કે કોઈ હુકૂમત અથવા કોઈ હુકૂમતના લોકોને બ્રિટનની ઈચ્છા વિરુધ્ધ ઉપર જણાવેલ મુલ્કોમાં છૂટછાટ કે લાયસન્સ આપે. ઈબ્ને સઊદ વાયદો કરે છે કે એ બ્રિટિશ ગવર્નમેન્ટના આદેશોનું પાલન કરશે જેમાં એની કોઈ શર્ત નથી કે એ ફર્માન એમના વિરૂધ્ધ છે કે એમની તરફદારીમાં. (આ કરારમાં આ જ રીતે બીજી કલમો પણ છે જેને વાત લાંબી થવાના લીધે લખવામાં નથી આવતી.

*–યાસીન અખ્તર મિસ્બાહી)*

**મોહર સહી** : અબ્દુલ અઝીઝ અસ્સઊદ આ કરારનો વકીલ અને ઈરાની અખાતનો બ્રિટનનો પ્રતિનિધિ **સહી** : ચીફ ફોર ધ નાયબ મુલ્કે મોઅઝઝમ વાઈસ રાયએ હિંદ

આ કરારનું હિંદના વાઈસરોય ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા બ મુકામ સીમલા ૧૮ મે ઈ.સ. ૧૯૧૬માં સમર્થન થઈ ચૂક્યું છે. **સહી** : એ.એચ. ગ્રાન્ટ સેક્રેટરી હુકૂમતે હિંદ, વિદેશ તથા રાજકીય વિભાગ –*(હવાલો : પ્રસ્તાવના કિતાબ "વસીલા તથા ઝિયારતના મસાઈલ)*

નજદીઓએ અંગ્રેજોને અલમદદ પોકાર્યું અને તેના સહારે તુર્કી ઉષ્માની (સુન્ની) હુકૂમતનો ખાત્મો બોલી ગયો અને અરબસ્તાનના અનેક ટુકડા પડી ગયા અને અનેક અય્યાશો, અંગ્રેજોના ગુલામો, ઈસ્લામના બાગીઓ મોટાભાગે વિવિધ નાના મોટા ટુકડાના રાજા બની બેઠા અને મુસ્લિમોનું જગતભરમાં સંગઠન તૂટી ગયું અને અંગ્રેજોના સહકારથી પેલેસ્ટાઈનમાં ઈઝરાઈલ નામના રાજ્યની સ્થાપ્ના ક્રમે ક્રમે જગતભરમાંથી યહૂદીઓને ત્યાં ભેગા કરીને કરવામાં આવી. જેમણે મુસ્લિમોની કમજોરીનો લાભ ઉઠાવી હિ.સ. ૧૯૬૭માં મુસ્લિમોના કિબ્લાએ અવ્વલ બયતુલ મુકદસ મસ્જિદે અકસા પર કબજો જમાવી લીધો. અને ત્યારથી આજ સુધી યહૂદીઓના જુલ્મો અંગ્રેજ તથા અમેરિકાના સહકારથી પેલેસ્ટાઈની મુસ્લિમો પર સતત ચાલુ છે. તેમજ ઈઝરાઈલને મજબૂત બનાવવા માટે યહૂદીઓના ઈશારે તથા ગુપ્ત પોલીસીઓથી મુસ્લિમ દેશોમાં હંગામા ખડા થતા રહે છે જે હવે ચરમસીમાએ પહોંચ્યા છે કે વિશ્વના લગભગ સર્વ મુસ્લિમ દેશોમાં કે મુસ્લિમોની વસ્તીઓમાં એક કે બીજા કારણે ગૃહયુદ્ધ ખેલાયને પાણીની જેમ લોહી વહી રહ્યું છે, કીડા મકોડા જેમ મુસ્લિમો મરી રહ્યા છે, સ્ત્રીઓની ઈજ્જતો લૂટાઈ રહી છે, અસંખ્ય સ્ત્રીઓ વિધવા તથા બાળકો યતીમ થઈ રહ્યાં છે. આ સર્વના જિમ્મેદાર ગદ્દાર સઊદી વહાબીઓ નજદીઓ જ છે જેમણે વહાબિયત ફેલાવવા અને સત્તા પામવા તુર્કી જેવી જબરદસ્ત (સુન્ની) હુકૂમતથી ગદ્દારી કરીને અંગ્રેજોનો સાથ લઈને તેને તોડી પાડી. ઈઝરાઈલ વિરુદ્ધ સઊદી હરફ પણ નથી ઉચ્ચારતું અને કેમ કરીને ઉચ્ચારે કે સઊદી યહૂદી ભાઈ ભાઈ બનેલા છે ! અને ઈઝરાઈલનું વર્ચસ્વ તથા મજબૂતી વધારવા માટે હાલમાં પણ અમેરિકા મુસ્લિમ દેશોમાં ફસાદ ખડા કરાવી રહ્યું છે. જેમ કે વર્તમાન પત્રોમાં તાજા સમાચાર પ્રસિદ્ધ થયા છે કે :–

### ★ 'ગ્રેટર ઈઝરાઈલ'ની રચના માટે અમેરિકાનું ભયાનક કાવત્રુ ! ★

"વોશિંગ્ટન, તા. ૧૬ એક અગ્રણી રાજકીય વિશ્લેષકે જણાવ્યું હતું કે ઈઝરાયલને નાઈલથી યુક્રેટીસ સુધી ગ્રેટર ઈઝરાઈલ રાજ્યની રચનામાં સહાયતા કરવા માટે અમેરિકા મધ્યપૂર્વમાં હાલ ચાલી રહેલ ગૃહયુદ્ધને હવા આપી રહ્યું છે. પ્રેસ ટીવીની વેબસાઈટ માટે પોતાના આર્ટિકલમાં કેવીન બેરેટે લખ્યું હતું કે અમેરિકાને આખરે મધ્યપૂર્વના દેશોનો વિનાશ કરવાની જરૂર કેમ જણાય છે ? વિચિત્રતાપૂર્ણ વાત એ છે કે આમ કરવું સ્વંય અમેરિકાના હિતમાં નથી. આ બધું ઈઝરાઈલની ઓડેડ થિનોન યોજના અંતર્ગત ઈઝરાઈલના પડોશીઓનો સફાયો કરીને નાઈલ તથા યુક્રેટીસ વચ્ચેની તમામ જમીન પર કબજો જમાવવા માટે છે. બેરેટે ઈરાક, સીરિયા અને ઈજિપ્તમાં હાલ ચાલી રહેલા સંઘર્ષનો સઘળો દોષ અમેરિકાના માથે લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમેરિકા તરફી સરમુખ્ત્યારને ઊભા કરવા સરકાર વિરોધી કાર્યકર્તાઓની હત્યા કરવાની જગ્યાએ અમેરિકા

હવે રાજકીય ધાર્મિક વિભાજનની બંને બાજુએ રહેલ ડેથ સ્કવોડસને પ્રાયોજીત કરે છે. જેનો હેતુ નિશાન પર રહેલા રાષ્ટ્રને નબળો પાડવા ગૃહયુદ્ધનું સર્જન છે." *(ગુજરાત ટુ ડે તા. ૨૭-૮-૨૦૧૩)*

સારાંશ કે જગતભરમાં મુસ્લિમોની કમ્મર તોડવાનું કામ આ વહાબી ચળવળના પ્રણેતા સઊદી નજદીઓની ગદ્દારીનું પરિણામ છે. વળી અંગ્રેજો તથા અમેરિકાના ગુલામ આ નાહક્ક બની બેઠેલા રાજાઓએ, કહેવાતા ખાદિમુલ હરમૈને સત્તા પ્રાપ્તિ પછી સહીહુલ અક઼ીદા મુસલમાન રાજકર્તાઓએ ઈસ્લામના ઉદયથી ઈ.સ. ૧૯૨૫ સુધી જે ઈસ્લામી યાદગારો તથા મુતબર્રક જગાઓ, મઝારોની સાચવણી કરી, તા'ઝીમ સાથે તેમને સલામત રાખી હતી તેને જુલ્મી રીતે તોડી પાડીને એ ઈસ્લામી ઐતિહાસિક વારસાનો ખુરદો બોલાવી દીધો જેમાં નીચે મુજબની પવિત્ર જગાઓ નોંધપાત્ર છે :–

### ★ સઊદી નજદીઓના ભાંગફોડના ઈતિહાસનો સંક્ષિપ્ત ચિતાર ★

રસૂલુલ્લાહ ﷺના જમાનાનો ગુસ્તાખે રસૂલ ઝુલ્ખવૈસરા તમીમી નજદીની નસલથી નીકળેલા આ સઊદી નજદી વહાબીઓએ નબી કરીમ ﷺની અદાવતમાં જે મઝારો, મસ્જિદો, મોતબર્રક સ્થળોની તા'ઝીમ સહાબા, તાબઈન, તબે તાબઈનથી અત્યાર સુધીના ઉલમા ઔલિયા કરતા આવ્યા તેને આ નવા પેદા થયેલ મુનાફિકોએ તોડી ફોડીને મેદાન બનાવી દીધાં. એમના જ માટે ગયબદાં રસૂલે કરીમ ﷺએ આગાહી કરી હતી કે :–

"નજીકના સમયમાં એક **ગુંગો, બહેરો, આંધળો ફિત્નો** થશે એટલે એ ફિત્નાથી લોકોની આંખો આંધળી થઈ જશે, જેનાથી નીકળવાનો રસ્તો નહીં મળે, સાચુ કહેવાથી સાંભળવાથી ગુંગા બહેરા થઈ જશે. જે એના મુકાબલામાં ઉભો થશે ફિત્નો પણ એના મુકાબલામાં ઉભો થઈ જશે."

એક રિવાયતમાં છે, "નજદથી નજીકના સમયમાં એક શૈતાન જાહેર થશે જેના ફિત્નાથી અરબ દ્વિપ હાલી ઉઠશે." જેમ કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબે તે સત્ય કરી દેખાડયું.

સૈયદ અલવી હદાદ ફર્માવે છે કે એનાથી વધારે સાફ વાત એ છે, કે આ ધોકો ખાધેલો મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ એ કબીલા તમીમથી સંબંધ ધરાવે છે. એટલા માટે ગુમાન છે કે એ તે ઝુલ્ખવૈસરા તમીમીની ઔલાદમાંથી હોય જેના બારામાં સહીહ બુખારીમાં છે.

સારાંશ કે એ હદીષો સાચી ઠરી અને એ ક઼ૌમ તે જ આ વહાબી સઊદી નજદી તમીમી ક઼ૌમ છે જેમણે પવિત્ર ભૂમી પર શું કાળો કેર વર્તાવ્યો તે વાંચો :–

"યા રસૂલલ્લાહ ! અલમદદ !"ને શિર્ક કહેનારા વહાબી, દેવબંદીઓએ અંગ્રેજોની ગુલામી સ્વીકારી "અલ મદદ યા બ્રિટન !"ના પોકાર સાથે હિજાઝ પર કબજો જમાવ્યા બાદ વહાબીઓ દ્વારા ૧૯૨૫માં તોડી પાડેલ સહાબાના તેમજ ખાનદાને નબુવ્વતના મઝારો તેમજ ઐતિહાસિક મસ્જિદોની યાદી : (જે ૧૩૦૦ વરસથી દુનિયાના દરેક ઔલિયાએ કિરામ બુઝુર્ગાને દીનની આંખોની ઠંડક હતી તે ૧૫૦ વરસથી પેદા થયેલ દેવબંદી વહાબીઓને મૂર્તિ પૂજા લાગી !)

### ★ વહાબીઓ દ્વારા તોડી પડાયેલ ઐતિહાસિક મસ્જિદો ★

**(૧)** મસ્જિદે ફાતેમા, મુત્તાસિલ મસ્જિદે કુબા. **(૨)** મસ્જિદે સનાયા. (ઓહદનું મેદાન જ્યાં હુઝૂર ﷺના દાંત મુબારક શહીદ થયા.) **(૩)** મસ્જિદે મનાઝેતીન. **(૪)** મસ્જિદે માએદા. (જ્યાં સૂરએ

માએદહ્ નાઝિલ થઈ હતી.) **(૫)** મસ્જિદે ઈજાબા (જ્યાં સરકારની એક અતિ મહત્વની દુઆ કુબૂલ થઈ હતી.) હુઝૂર ﷺ ના મઝારે અક્દસને (મઆઝલ્લાહ) " સનમે અકબર" (સૌથી મહાન મૂર્તિ) ઠરાવી ખોદી કાઢવાની કોશિશ પણ કરી હતી, પરંતુ તેમનું કાંઈ ચાલ્યું નહીં,

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલા ખાનદાને નબુવ્વતની શાહઝાદીઓનાં મઝારાત ★**

**(૧)** રસૂલે ખુદા ﷺ ની શાહઝાદી હઝરત સૈયદા ફાતેમા رضی اللہ عنہا **(૨)** બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઝૈનબ رضی اللہ عنہا **(૩)** બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا **(૪)** બિન્તે રસૂલ (શાહઝાદી) હઝરતે રુકૈયા رضی اللہ عنہا **(૫)** હઝરતે ફાતેમા સુગરા (બિન્તે હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہا)

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ ઉમ્મતની પાકદામન માંઓના મઝાર ★**

**(૧)** ઉમ્મુલ મુ'મિનીન હઝરતે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا **(૨)** ઉમ્મુલ મુ'મિનીન હઝરતે ઝૈનબ رضی اللہ عنہا **(૩)** ઉમ્મુલ મુ'મિનીન હઝરતે સૌદા رضی اللہ عنہا **(૪)** ઉમ્મુલ મુ'મિનીન હઝરતે હફસા رضی اللہ عنہا ★ કુલ ૯ અજવાઝે તય્યેબાતનાં મઝારાત

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર એહલે બૈતનાં મઝાર શરીફ ★**

**(૧)** શાહઝાદએ રસૂલ ﷺ હઝરતે ઈમામ હસન મુજતબા رضی اللہ عنہ **(૨)** સરે મુબારક હઝરત ઈમામ હુસૈન શહીદે કરબલા رضی اللہ عنہ **(૩)** હઝરત ઈમામ ઝયનુલ આબેદીન رضی اللہ عنہ **(૪)** જિગર ગોશએ રસૂલ ﷺ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ **(૫)** ઉમ્મુન્નબી (હુઝૂર ﷺ ના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہ **(૬)** હઝરત ઈમામ જા'ફર સાદિક્ رضی اللہ عنہ **(૭)** હઝરત ઈમામ મુહમ્મદ બાક્ર رضی اللہ عنہ

**★ વહાબીઓ દ્વારા તોડી પાડેલ મશ્હૂર સહાબા અને તાબેઈનના મઝારો ★**

**(૧)** અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ **(૨)** હઝરત સૈયેદના ઉષ્માન ઈબ્ને મજઊન رضی اللہ عنہ **(૩)** હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہ **(૪)** હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ **(૫)** હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ **(૬)** હઝરત ઈમામ નાફિઅ્ رضی اللہ عنہ

*–(રિપોર્ટ ખિલાફત કમિટી, પાન ૮૦ થી ૮૯)*

આ નબી સહાબા તથા વલીઓના, અહલે બયતના દુશ્મનો સત્તા પર આવ્યા ત્યારથી સતત તોડપીખ કરતા જ રહ્યા છે. થોડા સમય પર સૈયદુલ અંબિયા, હુઝૂર આખરી નબી, મહબૂબે રબ ﷺનાં વાલિદા હઝરત આમિના رضی اللہ عنہاના મઝારને અબ્વા નામના સ્થળે હતું તે પણ તોડી પાડયું અને તેમની યોજનામાં ગુંબદે ખદરાને તોડવું પણ છે. હરમ શરીફના વિસ્તરણના નામે સર્વ રૂહાની યાદગારો જે નબી કરીમ ﷺથી સંબંધિત હતી, જે સ્થળોએ મો'જિઝા જાહેર થયેલ, ઈસ્લામી રૂહાની ઈતિહાસ જેની સાથે સંકળાયેલો છે તેવી સર્વ જગાઓનો સફાયો આ નજદી સઊદીઓ સતત કરી રહ્યા છે. આવો ! હવે અંતમાં મક્કા શરીફની રૂહાનિયતભરી જગાઓનો કઈ રીતે સફાયો થઈ રહ્યો છે તથા તેનાં શું પરિણામો થશે તેનો ચિતાર વર્તમાનપત્રોના રિપોર્ટ મુજબ જોઈએ.

## ★ મક્કા હજ્જ જેવી મહાન ઈબાદતનું સ્થળ કે પિકનિક પોઈન્ટ ?! ★

સૌથી પવિત્ર શહેર મક્કા મોઅઝ્ઝમાનું નવેસરથી બાંધકામ ચાલુ છે. એ દુનિયાનુ સૌથી સુંદર શહેર બનવા જઈ રહ્યું છે. ફ્રાંસનું પેરીસ હોય કે અમેરિકાનું ન્યૂયોર્ક, ઈંગ્લેન્ડનું લંડન હોય કે દુનિયાનું કોઈ અન્ય અતિ સુંદર શહેર હોય એ સૌથી અધિક નિખરીને સજીને આ શહેર સામે આવશે. કેમ કે પૂરાણી ઈમારતો ભોંય ભેગી થઈ રહી છે અને હવે ત્યાં મસ્જિદે હરામને અધિક વિશાળ કરવામાં આવી રહી છે અને મક્કા શહેરમાં ચો તરફ ફાઈવ સ્ટાર ગગનચુંબી બહુમાળી હોટલો, આલીશાન માર્કેટો તથા સુંદર ભવ્ય મોલો બનાવવામાં આવી રહ્યા છે જેને જોઈને આંખો અંજાય જશે ! ૨૧૦ અબજ ડોલરના આ મહાન પ્રોજેકટનો પાયો (કહેવાતા) ખાદિમુલ હરમૈન શરીફૈન શાહ અબ્દુલ્લાહ બિન અબ્દુલ અઝીઝ રાખી ચૂકેલ છે.

મસ્જિદે હરામના વિસ્તરણ બાદ એમાં અધિક હાજીઓ, યાત્રીઓ તથા નમાઝીઓના માટે જગા મળી રહેશે. હાલમાં હજ્જના મોકા પર ૪૦ લાખ હાજીઓ ભેગા થાય છે પણ તેના વિસ્તરણ બાદ ઉમ્મીદ છે કે અધિક ૨૦ લાખ હાજીઓના માટે જગા ઉભી થશે. હરમ શરીફની ચો તરફ હાજીઓના રોકાણ માટે અઝીમુશ્શાન ફાઈવ સ્ટાર હોટલો બંધાઈ રહી છે જે વિશ્વની સૌથી સુંદર હોટલો હશે અને આધુનિક સગવડોથી સજ્જ હશે. આટલી શાનદાર હોટલો દુનિયાના કોઈ ખૂણે મળશે નહીં. અહીં દુનિયાની દરેક પ્રકારની પ્રોડક્ટસ્‌ના શો રૂમ પણ હશે, અને અહીં આવનારાઓ ન કેવળ હજ્જ કે ઉમરાના માટે આવશે બલ્કે શોપિંગના માટે પણ આવ્યા કરશે ! જીવન જરૂરી વસ્તુઓથી લઈને એશઆરામની ચીજો અહીં મૌજૂદ હશે, બસ તમારા ખિસ્સામાં રૂપિયા હોવા જોઈએ. મક્કા મોઅઝ્ઝમામાં પૂરાણી ઈમારતોની તોડફોડ કા'બાના ઈમામ તથા સઊદી હુકૂમતના વહાબી ગૈર મુકલ્લિદ મુફતી અબ્દુર્રહમાન સુદેસની નિગરાનીમાં થઈ રહી છે. જ્યારે કે બાંધકામની જિમ્મેદારી વિશ્વ વિખ્યાત ત્રાસવાદી ઓસામા બિન લાદેનની ખાનદાની કંપની સઊદી "બિન લાદેન ગૃપ"ને સોંપવામાં આવી.

યાદ રાખશો કે મક્કા હાલમાં સૌથી મોંઘુ શહેર છે. અહીં કોઈ પણ ઈમારતની એક ચોરસ મિટર જગાની કિંમત ઓછામાં ઓછી ૭૦ લાખ રૂપિયા છે અને ભવિષ્યમાં એમાં વધારો થતો જશે જે કરોડ સુધી જઈ શકે છે !

## ★ ગરીબો માટે હજ્જ એક ખ્વાબ બની જશે ! ★

મક્કા મોઅઝ્ઝમાનુ નવનિર્માણ, તેની સગવડો તથા સજાવટોનું પગલુ ભલે ખુશ કરનારું છે પણ એની સાથોસાથ અંદેશો એ પણ છે કે એના કારણે હજ્જ તથા ઉમરાનો ખર્ચ વધીને અનેકગણો થઈ જશે, અને ગરીબ મુસલમાન તો છોડો, પણ હજ્જ કરવી એ મધ્યમ વર્ગના લોકોના વશની વાત પણ નહીં રહે. અહીં રહેવા માટે ફાઈવ સ્ટાર હોટલો ઉચ્ચ કક્ષાની ફેસિલિટીઓ સાથે હશે જેના ખર્ચા પૂરા કરવા એ સામાન્ય કક્ષાના લોકોથી બનશે નહીં. તમે તમારી હોટલમાં બેસીને કા'બા શરીફને તથા પૂરા મક્કા શહેરને જોઈ શકશો પણ એ જોવાની કિંમત બહુ ઊંચી ચૂકવવી પડશે ! થોડા દિવસો માટે લાખોનો ખર્ચ સામાન્ય માનવીના વશની વાત નથી. કાશ ! કે કહેવાતા ખાદિમુલ હરમૈન (અસલમાં હરમના વેપારીઓ તથા યહૂદી ઈસાઈ કંપનીઓના ભાગીદારો !)

દુનિયાના ગરીબો તેમજ મધ્યમ વર્ગના લોકોનો પણ ખયાલ રાખીને એવી હોટલો પણ બનાવતે જેમાં ખર્ચ તદ્દન ઓછો થાત અથવા તેમના માટે રિઆયતની વ્યવસ્થા કરતા.

**★ નવીનીકરણના નામે ઐતિહાસિક તથા રૂહાની યાદગારોનો ખાત્મો ! ★**

જાહેરી ભપકાને જોનારા અને ખાસ તો વહાબીઓના પીઠ્ઠુઓ મક્કા શહેરના સુંદર બિલ્ડિંગો થકી થતા નવ નિર્માણને ખૂબ દાદ આપશે, પણ મુસલમાનો એ વાત પણ જાણી લે કે આ નવનિર્માણના બહાને પૂરાણી રૂહાની ઐતિહાસિક યાદગારોની જે તોડફોડ થઈ રહી છે તે અસલમાં વહાબી અક઼ીદાનો પાયો છે. તમોએ ઉપર જોયું કે જૂઠી તૌહીદના આ ઠેકેદારોએ નબી, સહાબી, અહલે બયત તથા વલીઓની અદાવતમાં શિર્કના નામે યાદગાર મસ્જિદો, મઝારો, ક઼બ્રોનો નાશ કરી નાખ્યો તે જ ક્રમ હજી ચાલુ છે.

આ શહેરની સદીઓ પૂરાણી ઐતિહાસિક ઈમારતોમાં જે અબ્બાસીઓ તથા ઉષ્માનીઓના સત્તાકાળની છે તેનું નામો નિશાન મિટાવી દેવામાં આવ્યું. ઝમઝમ શરીફનો કૂવો જે ઈસ્લામી ઈતિહાસનો રૂહાની યાદગાર છે, જે હઝરત ઈબ્રાહીમ તથા હઝરત ઈસ્માઈલ عليهم السلامની યાદગાર છે તેને અદશ્ય કરી દેવાયો. જો ફાઈવ સ્ટાર હોટલો અને અંડર ગ્રાઉન્ડ માર્ગો બની શક્તા હોય તો ઝમઝમના કૂવાને લોકો કેવળ જોઈને રૂહાની યાદગારોને તાજી કરી શકે છે એ વ્યવસ્થા ન થઈ શક્તી હતી ? તેમજ સફા તથા મરવાની સઈનો અસલ તથા હદીષોમાં બતાવેલ માર્ગ છોડીને તેને મનમાની રીતે વધારવાની બુરી બિદઅત કરીને સઊદી હુકૂમતે શું ઈસ્લામની ખિદમત કરી છે ? અને આ સર્વ ભાંગતોડો કરીને રાજાઓના નામથી દરવાજાઓ તથા  બિલ્ડિંગોના નામો બાબે ફહદ વગેરે રાખવાં એ કોની સુન્નત છે ! આ બુરી બિદઅત નથી ? હુઝૂર ﷺનો એ મશ્હૂર મો'જિઝો ચાંદના બે ટુકડા કરવાનો જે અબૂ કુબૈસ પહાડ પર જે જગાએ થયેલો ત્યાં સઊદી રાજાનો એશઆરામવાળો મહેલ બનેલો છે ! એ મહેલને યથાવત રાખીને સર્વ પૂરાણી યાદગારો અદશ્ય થઈ રહી છે. અને હરમ શરીફમાં જે જગાએ ઉમ્મે હાનીનું મકાન હતું જ્યાંથી હુઝૂર ﷺએ મેઅરાજ શરીફની સફરની શરૂઆત કરેલી તે જગાએ કોઈ નિશાન પણ બાકી નથી. એવી અસંખ્ય મુબારક જગાઓ કેવળ કા'બા શરીફ અને હજરે અસ્વદ સિવાય કોઈ યાદગાર તેમણે છોડી નથી. ઈસ્લામી સંસ્કૃતિની સર્વ યાદગારોના સ્થાને ચકાચક બિલ્ડિંગો, ફાઈવ સ્ટાર હોટલો અને વિશાળ જમીન પરના તથા અંડર ગ્રાઉન્ડ માર્ગોથી મક્કા શહેરને દીપાવી દેવામાં આવી રહ્યું છે. જો કે ઈસ્લામિક હેરીટેજ ફાઉન્ડેશનના ડાયરેક્ટર ઈરફાન અલ્વીએ સઊદી હુકૂમતને અપીલ કરી છે તથા જગતભરના જાગૃત મુસ્લિમોએ એ અવાજ ઉઠાવ્યો છે કે સઊદી રાજાઓ આ ૮૦૦ વરસથી પૂરાણા તુર્કી હુકૂમત વેળાના બાંધકામના ઈસ્લામી સંસ્કૃતિના વારસાને મહેફૂઝ રાખે, કેમ કે એને તોડયા વિના પણ હરમ શરીફનું વિસ્તરણ શક્ય છે, બીજી બાજુ હાલની તુર્કી હુકૂમત પણ ઈ.સ. ૨૦૧૦થી સતત એ કોશિશમાં છે કે ઐતિહાસિક ઈમારતો તોડવામાં ન આવે. એમના વિદેશ મંત્રાલયે વારંવાર પરિપત્રો મોકલ્યા છે. પણ આ નજદી કઠોરોની નજરમાં પવિત્ર સ્થળો કે તબર્રુકોની તા'ઝીમ જે સહાબા, તાબઈન, તબેતાબઈન તથા બુઝુર્ગો કરતા આવ્યા તેની તાઝીમ કે યાદગારની સાચવણી શિર્ક ઠરી છે તે બદ્નસીબો ક્યાંથી એ વાત માનશે ? વર્તમાન તુર્કી ગવર્નમેન્ટે પણ એને બર્બરિયત ઠરાવેલ છે, ઉપરથી આ વહાબીઓનો સરાસર ગલત દાવો એ છે કે અમે કુર્આન હદીષથી રજમાત્ર હટીને કામ નથી કરતા !

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

یَکَادُ الْبَرْقُ
یَخْطَفُ اَبْصَارَهُمْ ؕ كُلَّمَاۤ اَضَآءَ لَهُمْ مَّشَوْا فِیْهِ ۙۗ وَ اِذَاۤ اَظْلَمَ عَلَیْهِمْ قَامُوْا ؕ وَ لَوْ شَآءَ اللّٰهُ لَذَهَبَ بِسَمْعِهِمْ وَ اَبْصَارِهِمْ ؕ اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ قَدِیْرٌ ﴿۲۰﴾ یٰۤاَیُّهَا النَّاسُ اعْبُدُوْا رَبَّكُمُ الَّذِیْ خَلَقَكُمْ وَ الَّذِیْنَ مِنْ قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۲۱﴾ الَّذِیْ جَعَلَ لَكُمُ الْاَرْضَ فِرَاشًا وَّ السَّمَآءَ بِنَآءً ۪ وَّ اَنْزَلَ مِنَ السَّمَآءِ مَآءً فَاَخْرَجَ بِهٖ مِنَ الثَّمَرٰتِ رِزْقًا لَّكُمْ ۚ فَلَا تَجْعَلُوْا لِلّٰهِ اَنْدَادًا وَّ اَنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۲﴾ وَ اِنْ كُنْتُمْ فِیْ رَیْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ ۪ وَ ادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۲۳﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا وَ لَنْ تَفْعَلُوْا فَاتَّقُوا النَّارَ الَّتِیْ وَ قُوْدُهَا النَّاسُ وَ الْحِجَارَةُ ۖۚ اُعِدَّتْ لِلْكٰفِرِیْنَ ﴿۲۴﴾

જ્યારે થોડો પ્રકાશ થયો તેમાં ચાલવા માંડયા[૨૯] અને જ્યારે અંધારૂં થયું ઉભા રહી ગયા અને અલ્લાહ ચાહતે તો તેઓના કાન અને આંખો લઇ જતે[૩૦] બેશક ! અલ્લાહ બધું જ કરી શકે છે[૩૧] (૨૦) અય લોકો[૩૨] પોતાના રબને પૂજો જેણે તમને અને તમારા પૂર્વજોને પૈદા કર્યા એવી આશા સાથે કે તમને પરહેઝગારી મળે[૩૩] (૨૧) અને જેણે તમારા માટે જમીનને પથારી અને આસ્માનને ઇમારત બનાવી. અને આસ્માનથી પાણી ઉતાર્યું[૩૪] તો એનાથી અમુક ફળો કાઢયાં તમારા ખાવા માટે તો અલ્લાહ માટે જાણી સમજીને સરખામણીવાળા ન બનાવો[૩૫] (૨૨)અને જો તમને કંઇ શક હોય તેમાં જે અમે પોતાના તે ખાસ બન્દા[૩૬] પર ઉતાર્યું તો તેના જેવી એક સૂરત લઇ આવો[૩૭] અને અલ્લાહ સિવાય પોતાના તમામ ટેકેદારોને બોલાવી લો જો તમે સાચા હોવ તો (૨૩) પછી જો ન લાવી શકો અને અમે કહી દઇએ છીએ કદાપિ લાવી નહીં શકો ! તો ડરો તે આગથી જેનું બળતણ આદમી અને પથ્થર છે[૩૮] તૈયાર રાખી છે કાફિરો માટે[૩૯] (૨૪)

૨૯. જ્યારે થોડો પ્રકાશ થયો તેમાં ચાલવા લાગ્યા, વરસાદમય અંધારી રાતમાં જેવી રીતે મુસાફર હેરાની અનુભવે છે. વીજળી ચમકે છે ત્યારે થોડું ચાલે છે વળી જ્યારે અંધારૂ થાય ત્યારે ઉભો રહી જાય છે, એવી જ રીતે ઇસ્લામની ચઢતી અને મુઅજેઝાના પ્રકાશ તેમજ આરામના સમયે મુનાફિકો ઇસ્લામ તરફ આકર્ષાય છે, અને જ્યારે કોઇ તકલીફ આવે છે ત્યારે કુફ્રની તારીકી - અંધારામાં ઉભા રહી જાય છે, અને ઇસ્લામથી છેટા થવા લાગે છે, આ જ વસ્તુને બીજી આયતમાં આ પ્રમાણે બયાન કરવામાં આવી છે :–

وَ اِذَا دُعُوْۤا اِلَی اللّٰهِ وَرَسُوْلِهٖ لِیَحْكُمَ بَیْنَهُمْ اِذَا فَرِیْقٌ مِّنْهُمْ مُّعْرِضُوْنَ ۔ وَاِنْ یَّكُنْ لَّهُمُ الْحَقُّ یَاْتُوْۤا اِلَیْهِ مُذْعِنِیْنَ

(ખાઝિન, સાવી. વિ.)

૩૦. અલ્લાહ ચાહતે તો તેઓના કાન અને આંખ લઇ જતે, એટલે કે મુનાફિકોનું કાર્ય તો એ સજાને લાયક જ છે. પણ છતાં અલ્લાહ એમના કાન અને આંખોને બેકાર નથી કરતો.

**મસઅલો** : એનાથી સાબિત થયું કે અસ્બાબ (કારણો)ની

તાસીર અલ્લાહની મરજીને આધિન છે. અલ્લાહની મરજી વગર અસ્બાબ કે કારણો કશું કરી શકતાં નથી.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે અલ્લાહની મરજી કારણોને આધિન નથી તે વગર કારણે પણ ગમે તે કરી શકે છે.

૩૧. બેશક ! અલ્લાહ બધું જ કરી શકે છે. આયતમાં જે 'શય'નો શબ્દ આવ્યો છે તેનો અર્થ એ છે કે જે ખુદા ઇચ્છે અને જે તેની ઇચ્છાના વર્તુળમાં આવી શકે, તમામ મુમકેનાત (તેની ઇચ્છાના વર્તુળમાં આવતી બાબતો) 'શય'માં દાખલ છે એટલા માટે તે કુદરતની હદમાં છે, પણ જે બાબતો મુમકિન નથી વાજિબ (ખુદાની ઝાત માટે અનિવાર્ય) છે અથવા મુમતનઅ (ખુદાની ઝાત માટે અસંભવ) છે તેના સાથે કુદરત કે ઇરાદો સંબંધિત થતો નથી, જેવી રીતે કે ખુદાની ઝાત અને તેના ગુણો વાજિબ છે એટલા માટે તેને મકદૂર કહી શકાય નહીં.

**મસઅલો** : બારી તઆલા માટે જૂઠ અને બીજા તમામ અયબો અશક્ય છે. માટે તેની કુદરતને એ બાબતો સાથે કશો સંબંધ નથી.

૩૨. અય લોકો ! પહેલી સૂરતમાં ફરમાવ્યું હતું કે આ કિતાબ મુત્તકીન માટે હિદાયત આપવા ઉતરી છે. પછી મુત્તકીનના ગુણોનું વર્ણન કર્યું, ત્યાર પછી તેઓથી ફરી જનાર કાફિરોનું અને તેમની હાલતનું બયાન થયું, જેથી નેકબખ્ત માણસ હિદાયત અને તકવા તરફ આકર્ષાય, અને નાફરમાની તેમજ બગાવતથી બચે, હવે તકવો પ્રાપ્ત કરવાનો તરીકો બતાવવામાં આવે છે. يَاَيُّهَا النَّاسُ નું સંબોધન વધુ કરીને મક્કાવાસીઓ માટે અને يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا નું સંબોધન મદીનાવાસીઓ માટે કરવામાં આવે છે, પણ આ આયતમાં જે يَاَيُّهَا النَّاسُ કહેવાયું છે તે મુઅમિન, કાફિર દરેક માટે છે. આમાં ઇશારો એ તરફ છે કે ઇન્સાની શરાફત એમાં જ છે કે માણસ તકવો હાંસલ કરે અને ઇબાદતમાં મગ્ન રહે.

### ઇબાદતની વ્યાખ્યા

ઇબાદત તે હદ દરજ્જાની તઅઝીમનું નામ છે જે બન્દો પોતાના બન્દાપણા તેમજ જેની ઇબાદત કરે છે તેના ઇલાહ (ખુદા) હોવાનો ઇકરાર અને માન્યતા સાથે બજાવી લાવે. આ આયતમાં ઇબાદતનો ભાવાર્થ સામાન્ય છે. તેના તમામ પ્રકાર અસલ ઇબાદત અને તેના પેટા વિભાગ વિ. આમાં દાખલ છે.

**મસઅલો** : કાફિરો માટે પણ ખુદાની ઇબાદત ફર્ઝ છે. જેવી રીતે વુઝૂ ન હોવું નમાઝ ફર્ઝ થવાને રોકતુ નથી. એવી જ રીતે કુફ્ર ઇબાદત ફર્ઝ થવાને રોકતું નથી. અને જે રીતે નમાઝ ફર્ઝ થવાથી તેના માટે વુઝૂ કરવું જરૂરી ઠરે છે, તેવી જ રીતે ઇબાદત ફર્ઝ થવાથી કાફિર માટે કુફ્ર અને શિર્કથી દૂર થવું જરૂરી ઠરે છે.

૩૩. એવી આશા સાથે કે તમને પરહેઝગારી મળે, આનાથી સાબિત થયું કે ઇબાદતનો ફાયદો ઇબાદત કરનારને પોતાને જ થાય છે. અલ્લાહ તઆલા એનાથી પાક છે કે તેને ઇબાદત ઇત્યાદીથી ફાયદો થાય.

૩૪. ઉપરની આયતમાં અસ્તિત્વમાં લાવવાની નેઅમતની ચર્ચા કરી કે તમને અને તમારા પૂર્વજોને શૂન્યમાંથી સર્જ્યા, હવે આ બીજી આયતમાં જીવન જરૂરીયાતની બાબતો, જમીન, આસ્માનની પેદાઇશ, પાણી વરસાવવું, ફળો ઉગાડવાં વિગેરેનું બયાન કરીને જાહેર કર્યું કે ફક્ત તે જ નેઅમતો દેવાવાળો છે. તો અન્યની પૂજા ખુલ્લે ખુલ્લી રીતે ખોટી છે.

૩૫. અલ્લાહના એક હોવા, નબી ﷺ તેના રસૂલ હોવા અને કુરઆન તેની કિતાબ અને લાજવાબ હોવા વિશે હવે પછીની આયતમાં એવી જડબાતોડ દલીલ રજૂ કરવામાં આવે છે કે સત્યના શોધકને સંતોષ આપે અને ઇન્કાર કરનારને ચૂપ કરી મૂકે.

૩૬. આ આયતમાં ખાસ બન્દાથી હુઝૂર ﷺની પાક ઝાત મુરાદ છે.

૩૭. તો તેના જેવી એક સૂરત તો લઇ આવો, એટલે કે એવી સૂરત બનાવી લાવો જે ફસાહત બલાગત (શ્રેષ્ઠ વકતવ્ય) નઝમો તરતીબ (વાક્યોની ગોઠવણી) અને ગયબની ખબરો આપવામાં કુરઆન જેવી હોય.

૩૮. અહીં પથ્થરથી તે મૂર્તિઓ મુરાદ છે જેઓને કાફિરો પૂજે છે. અને તેમની મહોબ્બતના કારણે કુરઆને પાક અને હુઝૂર ﷺનો દુશ્મનીથી ઇન્કાર કરે છે.

૩૯. તૈયાર રાખી છે કાફિરો માટે.

**મસઅલો** : આનાથી સાબિત થયું કે દોઝખ પેદા થઇ ચૂકી છે.

**મસઅલો** : એ પણ સાબિત થયું કે અલ્લાહના કરમથી (ગુનેહગાર) મોમિનો હમેશા દોઝખમાં રહેશે નહિ.

**હદીષ** : હઝરત મુઆવિયહ્ બિન અબૂ સુફયાન[૧]થી રિવાયત છે કે નબી ﷺએ ફર્માવ્યું, આંખો ગુદા (જ્યાંથી વા સરે છે)નું બંધન છે, જેથી જ્યારે આંખો સૂઈ ગઈ તો બંધન ખુલી ગયાં[૨]. (દારમી) હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ ગુદાનું બંધન આંખો છે જેથી જે સૂઈ ગયો તો વુઝૂ કરે[૩]. એને અબૂ દાઊદે રિવાયત કરી. શયખ ઈમામ મુહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે આ તેના માટે છે જે બેઠો ન હોય, કેમ કે હઝરત અનસ رضی اللہ عنہથી સહીહ રિવાયત મરવી છે કે નબી ﷺના સહાબા ઈશાની નમાઝનો ઈંતેઝાર કરતા હતા, ત્યાં સુધી કે તેમનાં માથાં ઝુકી જતાં હતાં, પછી નમાઝ પઢી લેતા અને વુઝૂ કરતા હતા[૪]. એને અબૂ દાઊદ તિર્મિઝીએ રિવાયત કરી. પણ તિર્મિઝીએ يَنْتَظِرُوْنَ الْعِشَآءَ الخ..ને બદલે ફર્માવ્યું કે તેઓ સૂઈ જતા હતા. રિવાયત છે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે વુઝૂ એના પર છે જે લેટીને (આડા પડીને) સૂએ, કેમ કે એ જ્યારે આડા પડખે સૂઈ જશે તો તેના સાંધાઓ ઢીલા પડી જશે[૫]. (તિર્મિઝી તથા અબૂ દાઊદ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** હઝરત મુઆવિયહના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે. એમના પિતાનું નામ હર્બ, કુન્નિયત અબૂ સુફયાન ઈબ્ને સખર છે. ઉમવી છે, કુરૈશી છે. ''ફીલ''ના બનાવથી દસ વરસ પહેલાં પેદા થયા. અને હુઝૂર ﷺની પેદાઈશ ''ફીલ''ના ચાલીસ દિવસ પછી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. હુઝૂરની સાથે જંગે હુનૈનમાં શરીક રહ્યા. હુઝૂર ﷺએ તેમને મોટી મોટી ભેટો અપર્ણ કરી. જંગે તાઈફમાં આપની એક આંખ જતી રહી અને જંગ યરમૂકમાં બીજી આંખ પણ શહીદ થઈ ગઈ. હિ.સ. ૨૪માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા અને જન્નતુલ બકીઅમાં દફન થયા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ આપનાથી રિવાયતો લીધી.

**૨.** જેથી સૂવું વુઝૂ તોડી નાખે છે જેવી રીતે મૌત ગુસ્લ તોડી નાખે છે. પણ નબીની ઊંઘથી વુઝૂ નથી જતુ કેમ કે તે ગાફિલ નથી થતા, એટલા માટે એમનો ખ્વાબ અલ્લાહની વહી હોય છે, તેમજ શહીદની મૌત ગુસ્લ નથી તોડતી. આ હદીષથી જાણવા મળ્યું કે બેખબરીની ઊંઘ વુઝૂ તોડી નાખશે. બેઠાં બેઠાં ઊંઘવું વુઝૂ નથી તોડતુ, કેમ કે એમાં અંગો ઢીલાં નથી પડતાં.

**૩.** એટલે કે જો આંખ ખુલ્લી રહે તો હવા નીકળવાની ખબર રહે છે અને સૂતાં જ બેખબરી છવાઈ જાય છે, જેથી હવે ઊંઘ જ વુઝૂ તોડનાર માની લેવામાં આવી ચાહે વા સરે કે ન સરે. ઊંઘનું ઝોકું આવ્યું અને વુઝૂ ગયું.

**૪.** જેથી જે ઊંઘમાં અંગો ઢીલાં ન પડી જાય તેનાથી વુઝૂ નથી જતુ. એટલા માટે કહેવામાં આવે છે કે જો સ્ત્રી સિજદામાં સૂઈ જાય તો વુઝૂ તૂટી ગયું અને જો પુરૂષ સજદામાં સૂઈ જાય તો વુઝૂ નથી જતું. કેમ કે પુરૂષ સજદામાં ગાફેલ નથી થઈ શક્તો, નહીં તો પડી જશે. *(કેમ કે તેની કોણીઓ જમીનથી ઊંચી રહે છે અને સ્ત્રી જેમ સમેટાઈને જમીન સાથે સર્વ અંગો સાથે મળી જઈને સજદો નથી કરતી, બલ્કે પેશાની, નાક, હાથોના પંજા, ગુઠણો તથા પગની આંગળો સિવાય સર્વ અંગો તેનાં અધ્ધર હોય છે. –અનુવાદક)*

**૫.** બેઠા બેઠા ટેકો લગાડીને સૂવું પણ આ જ હુકમમાં છે, કેમ કે વુઝૂ તૂટવાની ઈલ્લત (સબબ) અંગોનું ઢીલા પડી જવું છે ચાહે શરીર લંબાવીને હોય કે બેઠા બેઠા ટેકો લગાડીને હોય, ત્યાં સુધી કે જે કોઈ બેઠાં બેઠાં ઊંઘે, અને ઊંઘમાં પડે, પડયા પછી આંખ ખુલે, હવે વુઝૂ જતુ રહ્યું અને જો ગબડી જતાં પહેલાં આંખ ખુલી ગઈ અને પછી ગબડયા તો વુઝૂ ન ગયું.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**એહલે સિરાત રૂહે અમીં કો ખબર કરેં**
**જાતી હૈ ઉમ્મતે નબવી ફ઼ર્શ પર કરેં**

*(એહલે સિરાત = પુલ સિરાતવાળા, રૂહે અમીં = જિબ્રઈલ علیہ السلام, ફ઼ર્શ પર કરેં = પર એટલે પાંખને બિછાવે)*

**અર્થ** : પુલસિરાત પર નિયુક્ત ફરિશ્તાઓ જિબ્રઈલ અમીનને ખબર કરો કે મુસ્તફા જાને રહમત صلی اللہ علیہ وسلم ની ઉમ્મત પુલ સિરાતથી ગુજરવાની તૈયારીમાં છે તે પોતાની પાંખો બિછાવી ઉમ્મતને પસાર કરી શબે મેઅરાજમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં વ્યક્ત કરેલી ઈચ્છા પૂરી કરે.

**રિવાયત** : મેઅરાજની રાતે સિદરાથી આગળ જતા પહેલાં હુઝૂર صلی اللہ علیہ وسلم એ જિબ્રઈલ علیہ السلام થી ફ઼ર્માવ્યું, કોઈ ઈચ્છા છે જે રબની બારગાહમાં પેશ કરું. જિબ્રઈલ علیہ السلام એ અર્ઝ કરી, મારા માટે સવાલ કરજો કે ક઼યામતના દિવસે જ્યારે આપની ઉમ્મત પુલસિરાતથી પસાર થઈ રહી હોય ત્યારે હું મારી પાંખો બિછાવી શકું જેથી આપની ઉમ્મત આસાનીથી પસાર જાય. *(તફ઼સીરે રૂહુલ બયાન–૫૨/૨૨૧)*

**ઈન ફ઼િત્નાહાએ હશ્ર સે કેહ દો હિઝર કરે**
**નાઝોં કે પાલે આતે હૈં રહ સે ગુઝર કરે**

*(ફ઼િત્નાહાએ હશ્ર = મેહશરના હંગામા, હિઝર = પરહેઝ, નાઝોં કે પાલે = લાડ પ્યારથી ઉછરેલા, રહ = રસ્તો, ગુઝર = પસાર થવું)*

**અર્થ** : મેહશરના હંગામાઓને કહો કે રસ્તામાંથી હટી જાવ ! હવે કોઈ મામૂલી લોકો નહીં બલ્કે લાડ પ્યારથી ઉછરેલ જેને અલ્લાહે ઉમ્મતે ખૈર, ઉમ્મતે વસ્ત કહી, જેને હજાર મહિનાઓથી બેહતર એક રાત શબે ક઼દ્ર આપી, જે સૌ ઉમ્મતોમાં સર્વોત્તમ છે જેમાં સામેલ થવા નબીઓએ તમન્ના કરી એટલે કે હુઝૂર સરાપા નૂર صلی اللہ علیہ وسلم ની લાડલી ઉમ્મત જેના માટે પ્યારા નબી صلی اللہ علیہ وسلم જીવનભર બખ્શિશની દુઆ કરતા રહ્યા તે પ્યારી ઉમ્મત આવી રહી છે.

**બદ હૈં તો આપકે હૈં ભલે હૈં તો આપ કે**
**ટુકળોં સે તો યહાં કે પલે રુખ કિધર કરેં**

*(બદ = બુરો, ભલે = સારા, રુખ = ચહેરો, પલે = ઉછર્યા)*

**અર્થ** : યા રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلم અમે બુરા છીએ કે સારા છીએ પરંતું આપની બારગાહના ટુકડાથી ઉછરેલ છીએ હવે આપની ચોખટ છોડી કઈ બાજુ મોઢુ કરીએ ?!

**સરકાર હમ કમીનોંકે અતવાર પર ન જાએં**
**આક઼ા હુઝૂર અપને કરમ પર નઝર કરેં**

*(સરકાર = પ્યારા નબી, કમીનોં = બેકારો, અતવાર = આદતો, તૌર તરીક઼ો)*

**અર્થ** : અય પ્યારા આક઼ાએ કરીમ صلی اللہ علیہ وسلم અમારી બુરી આદતો અને કામો તરફ ધ્યાન ન આપો ! આપના કરમ પર નઝર કરો ! અમારા ગુનાહો આપના કરમ સામે શું હૈસિયત ધરાવે છે ! અમારી બખ્શિશ માટે આપનો એક ઈશારો કાફી છે.

**ઉનકી હરમ કે ખાર કશીદા હૈં કિસ લિએ**
**આંખોં મેં આએં સર પે રહેં દિલમેં ઘર કરેં**

*(ઉનકી હરમ = હુઝૂર صلی اللہ علیہ وسلم નું હરમ મદીના શરીફ, ખાર = કાંટા, કશીદા = ખેંચાયેલ)*

**અર્થ** : પ્યારા નબી صلی اللہ علیہ وسلم ના હરમના કાંટા દૂર કેમ છે ?! મારી વધુ પેજ નં. ૧૯....પર

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી હુકમ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ ક઼બ્ર અને દફનનું બયાન ★

મૈયતને દફન કરવું ફર્ઝે કિફાયા છે ક઼બ્રની લંબાઈ મૈયતના કદની બરાબર હોય અને પહોળાઈ અડધા કદની અને ઊંડાઈ ઓછામાં ઓછા અડધા કદની બરાબર હોય બલ્કે બેહતર એ છે કે ઊંડાઈ પણ પૂરા કદની જેટલી હોય. (કદ એટલે શરીરની લંબાઈ) દરમ્યાની ઊંડાઈ છાતી બરાબરની ગણાય છે. (રદુલ મુહતાર) આ ઊંડાઈનો મતલબ એ કે લહદ અથવા સંદૂક એટલી ઊંડી હોય, એ નહીં કે જ્યાંથી ખોદવાની શરૂઆત કરવામાં આવે છે ત્યાંથી તળિયા સુધી ગણવામાં આવે.

<u>મસ્અલો</u> : ક઼બ્ર બે પ્રકારની બને છે એક લહદ એટલી બગલી જે કિબ્લા તરફ અંદર ક઼બ્રમાં જગ્યા ખોદવામાં આવે છે, જેમાં મૈયતને મૂકવામાં આવે છે. બીજા પ્રકારની સંદૂક કે હોજ જેવી બનાવી તેમાં મૈયતને મૂકી ઉપર લાકડા કે પથ્થરના બરગા મૂકવામાં આવે છે. લહદ સુન્નત છે અને એ ન બની શકે તો સંદૂક પણ વિના સંકોચે ચાલશે કોઈ વાંધો નથી. *(આલમગીરી, કાઝીખાન બહાર, જોહરા, નૈયરા)*

<u>મસ્અલો</u> : ક઼બ્રના તે ભાગમાં કે જે મૈયતના શરીરની નજીક પાકી ઈંટો લગાડવી મકરૂહ છે. *(આલમગીરી, કાઝીખાન)*

<u>મસ્અલો</u> : ક઼બ્રમાં ચટાઈ, સાદડી વગેરે પાથરવું નાજાઈઝ છે. વિના કારણે માલ બર્બાદ કરવા બરાબર છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

<u>મસ્અલો</u> : ક઼બ્રમાં ઉતરનારા બે ત્રણ કે જેટલા માણસોની જરૂરત હોય તેટલા ઉતરે પરંતુ તેઓ નેક માણસોમાંથી હોય કે જેથી કોઈ અણગમતી બાબત જુએ તો તેને લોકોમાં જાહેર ન કરે અને સારી જુએ તો તેની ચર્ચા કરે. *(આલમગીરી વગેરે)*

<u>મસ્અલો</u> : જનાઝો ક઼બ્રથી ક઼િબ્લા તરફ મૂકવો મુસ્તહબ છે કે જેથી મુર્દાને ક઼િબ્લા તરફથી ક઼બ્રમાં ઉતારવામાં આવે. એવું ન કરવું કે ક઼બ્રની પાંયતી તરફ મૂકવામાં આવે અને માથા તરફથી ક઼બ્રમાં મૂકવામાં આવે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, ફત્હલુલ ક઼દીર વગેરે)*

<u>મસ્અલો</u> : સ્ત્રીનો જનાઝો ઉતારનારા તેના મહરમો હોવા જોઈએ (શરીઅતના હુકમ પ્રમાણે જેનાથી પર્દો નથી), એઓ ન હોય તો બીજા સગાઓ અને એ પણ ન હોય તો પારકાઓમાંથી પરહેઝગાર માણસોના ઉતારવામાં વાંધો નથી. *(આલમગીરી)*

<u>મસ્અલો</u> : મૈયતને ક઼બ્રમાં ઉતારતી વેળા આ દુઆ પઢવી :–

**بِسْمِ اللّٰهِ وَعَلٰى مِلَّةِ رَسُوْلِ اللّٰهِ اَللّٰهُمَّ يَسِّرْ عَلَيْهِ اَمْرَهٗ وَسَهِّلْ عَلَيْهِ مَا بَعْدَهٗ وَاَسْعِدْهُ بِلِقَاءِكَ وَاجْعَلْ مَا خَرَجَ اِلَيْهِ خَيْرًا مِّمَّا خَرَجَ عَنْهُ**

*(રદુલ મુહતાર, આલમગીરી)*

<u>મસ્અલો</u> : મૈયતને જમણા પાસા ઉપર સૂવાડવું અને એનું મોં કિબ્લા તરફ કરવું, જો કિબ્લા તરફ મોં કરવાનું ભૂલી ગયા અને પાટિયાં (બરઘા) લગાડવા પછીથી યાદ આવ્યું તો પાટિયાં કાઢીને કિબ્લા તરફ કરી દેવું પરંતુ જો માટી નાખ્યા પછી યાદ આવ્યું તો ન કાઢે. એવી જ રીતે ડાબી કરવટ (ડાબા પાસે) સૂવાડયું અથવા જે તરફ માથુ હોવું જોઈએ તે તરફ પગ રાખી દીધા તો માટી આપી દીધા પહેલાં યાદ આવે તો ઠીક કરી દેવું, નહીં તો ન કરે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : ક઼બ્રમાં મૂક્યા પછી કફનનું બંધન (દોરી) ખોલી નાખવું અને ન ખોલ્યું તો પણ વાંધો

નથી. *(જૌહરા, બહાર)*

<u>મસ્અલો</u> : મૈયતને કબ્રમાં મૂક્યા પછી કબ્રને (લહદ) કાચી ઈંટોથી બંધ કરી દેવી અને જમીન નરમ હોય તો પાટિયાં લગાડવાં પણ જાઈઝ છે. પાટિયાં વગેરેની વચમાં કાણા (જગ્યા) રહી જવા પામ્યાં તો તેને માટીના ઢેફાં વગેરેથી બંધ કરી દેવા. સંદૂકના માટે પણ એ જ હુકમ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

<u>મસ્અલો</u> : સ્ત્રીનો જનાઝો હોય તો કબ્રમાં ઉતારવાથી પાટિયાં લગાડતાં સુધી કબ્રને કપડાં વગેરેથી પર્દો કરવો, મર્દ (પુરૂષ)ની કબ્રને પર્દો ન કરવો, હા ! જો વરસાદ વગેરે મજબૂરી હોય તો પર્દો કરવો જાઈઝ છે. સ્ત્રીનો જનાઝો પણ ઢાંકેલો રહેવો જોઈએ. *(જૌહરા, દુર્રે મુખ્તાર, બહાર)*

<u>મસ્અલો</u> : પાટિયાં લગાડયા પછી માટી નાખવામાં આવે. મુસ્તહબ એ છે કે માથા તરફથી બંને હાથો વડે ત્રણવાર માટી નાખવી. પ્રથમ વાર કહો : مِنۡهَا خَلَقۡنَاكُمۡ **મિન્હા ખલકનાકુમ** બીજીવાર : وَ فِيۡهَا نُعِيۡدُكُمۡ **વ ફીહા નુઈદુકુમ** અને ત્રીજીવાર : وَمِنۡهَا نُخۡرِجُكُمۡ تَارَةً اُخۡرٰى **વ મિન્હા નુખ્રિજુકુમ્‌તારતન્ ઉખ્રા** પછી બાકીની માટી પાવડા વગેરે સાધનો વડે કબ્રમાં નાખવી. જેટલી માટી કબ્રમાંથી નીકળી હોય તેથી વધુ નાખવી મકરૂહ છે. *(આલમગીરી, જૌહરા, અયની, શર્હકન્ઝ)*

<u>મસ્અલો</u> : હાથોમાં જેટલી માટી લાગી હોય તેને ખંખેરી નાખવી અથવા ધોઈ નાખવી બંને રીતે છૂટ છે. *(બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : કબ્ર ચોરસ ન બનાવવી બલ્કે એમાં ઢાળ બનાવવી જેવી કે ઊંટની પીઠ હોય છે. કબ્ર ઉપર પાણી છાંટવામાં વાંધો નથી, બલ્કે ઉત્તમ છે, કબ્ર એક વેંટ ઊંચી હોય અથવા થોડી વધુ. *(આલમગીરી, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : જહાઝ, સ્ટીમર, નાવડીમાં મૃત્યુ થયું અને કિનારો દૂર હોય તો ગુસલ, કફન આપીને નમાઝ પઢી દરિયામાં ડૂબાડી દેવું. *(ગુનિયા, રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : આલિમો, સૈયદોની કબ્ર ઉપર કુબ્બા (મઝાર) બનાવવામાં વાંધો નથી, કબ્રને પાકી બનાવવામાં ન આવે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)* એટલે કે અંદરથી પાકી બનાવવામાં ન આવે. અંદરથી કાચી હોય અને ઉપરથી પાકી હોય તો વાંધો નથી. *(બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : જો જરૂરત હોય તો કબ્ર ઉપર કુબ્બા ઉપર નિશાન માટે કંઈક લખી શકાય છે પરંતું એવી જગ્યાએ ન લખવું કે જ્યાં બેઅદબી થાય તેમ હોય. *(જૌહરા, દુર્રે મુખ્તાર)*

<u>મસ્અલો</u> : એવા કબ્રસ્તાનમાં દફનાવવું મુસ્તહબ છે જ્યાં નેક લોકોની કબ્ર હોય.

<u>મસ્અલો</u> : મુસ્તહબ એ છે કે દફન કર્યા પછી કબ્ર ઉપર સૂરએ બકરહની શરૂઆત અને છેવટની આયતો પઢવી, માથા તરફ **અલિફ લામ મિમથી મુફલેહુન** સુધી અને પગ તરફ **આમનર્રસૂલથી કાફિરૂન** (અંત સુધી) પઢવું. *(જૌહરા, બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : કબ્ર ઉપર સૂવું, બેસવું, ચાલવું, જાજરૂ, પેશાબ કરવું હરામ છે. કબ્રસ્તાનમાં જો નવો રસ્તો કાઢવામાં આવ્યો તો તેના ઉપર ચાલવું **નાજાઈઝ** છે ભલે પછી તેનું નવું હોવાની જાણ હોય કે શક હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, બહાર)*

<u>મસ્અલો</u> : પોતાના કોઈક સગાની કબ્ર સુધી જવા માંગે છે પરંતું વચમાં બીજી કબ્રો ઉપર થઈ જવું પડે તેમ છે તો ત્યાં સુધી જવું **મના** છે, દૂરથી જ ફાતેહા પઢી દેવા. **કબ્રસ્તાનમાં જોડા પહેરીને ન જવું**. એક આદમીને જોડા પહેરેલી હાલતમાં રસૂલુલ્લાહ ﷺ એ જોયો તો ફર્માવ્યું, **કબ્રસ્તાનમાં જોડા કાઢી નાખ ! તું કબ્રવાળાને તકલીફ ન આપ અને ન તે તને આપે.** *(બહારે શરીઅત)*

## ★ કબ્રોની ઝિયારત ★

કબ્રોની ઝિયારતે જવું સુન્નત છે. દર અઠવાડિયામાં એક દિવસ ઝિયારત કરવી. (ઝિયારતનો મતલબ ત્યાં ઈસાલે સવાબ અને ઈબ્રત માટે જવું) જુમ્આ કે જુમેરાત કે શનિવાર કે સોમવારના દિવસો ઠીક છે. સૌથી ફઝીલતવાળો જુમ્આનો દિવસ અને તેનો સવારનો સમય છે. અવલિયા અલ્લાહના મઝારો ઉપર સફર (પ્રવાસ) કરી જવું જાઈઝ છે અને અવલિયા અલ્લાહ પોતાની ઝિયારત માટે આવનારાઓને ફાયદો પહોંચાડે છે અને જો ત્યાં કોઈ **શરીઅત વિરૂદ્ધ બાબત** હોય જેમ કે **સ્ત્રીઓનો સામનો, વાજાંગાજાં વગેરે** તો તેના કારણે ઝિયારત ન છોડવી કે એવી વાતોને કારણે નેક વાત છોડવામાં આવતી નથી. બલ્કે બુરી બાબતોને **બુરી સમજે અને શક્ય હોય તો એવી બાબતોને દૂર કરવી.** *(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

<u>મસ્અલો</u> : સલામતી એમાં છે કે **સ્ત્રીઓને કબ્રોની ઝિયારતથી રોકવામાં આવે.** *(રદ્દુલ મુહતાર, બહાર)*

## ★ કબ્રોની ઝિયારત રીત ★

કબ્રની પાંયતી અર્થાત સૂતેલી વ્યક્તિના પગ તરફથી જઈ મૈયત અથવા સૂતેલ વ્યક્તિના મોંની સામે ઉભા થવું અને કહેવું :–

**اَلسَّلَامُ عَلَیْكُمْ اَهْلَ دَارِ قَوْمٍ مُّوْمِنِیْنَ اَنْتُمْ لَنَا سَلَفٌ وَ اِنَّا اِنْشَاءَ اللّٰهُ بِكُمْ لَاحِقُوْنَ نَسْئَلُ اللّٰهَ لَنَا وَلَكُمُ العَفْوَ وَ الْعَافِیَةَ یَرْحَمُ اللّٰهُ الْمُسْتَقْدِمِیْنَ مِنَّا وَالْمُسْتَاخِرِیْنَ اَللّٰهُمَّ رَبَّ الْاَرْوَاحِ الْفَانِیَةِ وَالْاَجْسَادِ الْبَالِیَةِ وَالْعِظَامِ النَّخِرَةِ اَدْخِلْ هٰذِهِ الْقُبُوْرِ مِنْكَ رَوْحًا وَّ رَیْحَانًا وَّ مِنَّا تَحِیَّةً وَّ سَلَامًا**

(અગર કોઈને ઉપરોક્ત સલામ ન યાદ હોય તો ફક્ત આટલું પઢે :–

**اَلسَّلَامُ عَلَیْكُمْ یَا اَهْلَ الْقُبُوْرِ مِنَ الْمُسْلِمِیْنَ**

**અસ્સલામુ અલયકુમ યા અહલલ્ કુબૂરિ મિનલ્ મુસ્લિમીન્**

પછી ફાતેહા પઢવા અને જો બેસવા વિચારે તો એટલે દૂર બેસે કે જેટલે દૂર તેની જિંદગીમાં (દુન્યવી હયાતીમાં) બેસતા હતા. *(રદ્દુલ મુહતાર)*

<u>મસ્અલો</u> : મૈયતના માથા તરફથી ન આવવું કારણ કે મૈયતને તેનાથી તકલીફ પહોંચે છે એટલે ડોક ફેરવી તેણે જોવું પડશે. *(રદ્દુલ મુહતાર, બહાર)*

<u>મસ્અલો</u> : કબ્રસ્તાનમાં જાવ તો અલ્હમ્દ શરીફ અને અલિફ લામ મીમથી મુફલિહુન સુધી અને આયતુલ કુર્સી તેમજ આમનર્રસૂલ થી કાફિરીન (સૂરત પૂરી થાય છે ત્યાં સુધી) અને સૂરએ યાસીન શરીફ તેમજ 'તબારક' અને ૧ વખત સૂરએ તકાષૂર, સૂરએ ઈખ્લાસ ૧૧ કે ૭ કે ત્રણ વખત પઢવી અને એ બધાનો સવાબ કબ્રસ્તાનના તમામ મુર્દાઓને પહોંચાડવો. હદીષ શરીફમાં છે કે જે ૧૧ વખત કુલ્હુવલ્લાહ (સૂરએ ઈખ્લાસ) પઢી એનો સવાબ મુર્દાઓને પહોંચાડશે તો મુર્દાઓની ગણત્રી (સંખ્યા) બરાબર તેને એકલાને સવાબ મળશે.

–*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો**

(કિતાબ) **રોશનસિતારા**

(ભાગ–૪, પેજીસ–૧૦૮)

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી**, રેલ્વે કોલોની, મુ.પો. હાપા–૩૬૧૧૨૦ જિ. જામનગર, મો. ૯૩૨૮૦ ૮૮૩૭૮

**નોંધ** : વિવિધ સહાબા તથા બુઝુર્ગોની જીવન ઝરમર કિતાબમાં રજૂ કરેલી છે, જરૂરથી મંગાવશો.

(ચર્ચાક)

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

## કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ કા઼દરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

### ★ એક જ સમયે અનેક સ્થળે હાજરી ! ★

બિહારના 'ગયા' શહેરમાં મૌલાના બશારત કરીમ દેવબંદી ધર્મના ખાસ પ્રચારક હતા. તેમના એક મુરીદ મૌલ્વી અબ્દુશ્શકૂર પટનાના મદ્રસા શમ્સુલ હુદામાં સદર મુદર્રિસ હતા. તેમના સંબંધે કિતાબ 'દર્સે હયાત'ના લેખક મહાશયે લખ્યું છે કે, એક વખત મૌલ્વી અબ્દુશ્શકૂર તેમના પીર મૌલાના બશારત કરીમની ખિદમતમાં હાજર થવા માટે પટનાથી 'ગયા' તરફ રવાના થયા. રવાનગી વખતે તેમના મનમાં એવો વિચાર હતો કે કેટલાક બુઝુર્ગોને સંબંધે એમ સાંભળવામાં આવે છે કે તેઓ એક જ સમયે જુદા જુદા અનેક સ્થળે હાજર રહી શકતા હતા, તો તેની હકી઼કત શું છે ? ત્યાર પછીનો બનાવ 'દર્સે હયાત' કિતાબના દેવબંદી લેખકની ક઼લમ અને મુરીદની ઝબાનથી સાંભળો :–

*જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે નમાઝનો સમય હતો, એ સમયમાં ખૂદ હઝરત (બશારત કરીમ) નમાઝ પઢાવતા હતા, હું પણ જમાઅતમાં સામેલ થઈ ગયો, નમાઝ શરૂ થતાં જ મારા પર એક કેફિયત છવાઈ ગઈ અને મેં જોયું કે એક વિશાળ મેદાન છે અને આ વિશાળ મેદાનમાં ઠેર ઠેર સંખ્યાબંધ જમાઅતો નમાઝ પઢી રહી છે અને દરેક દરેક જમાઅતના ઈમામ હઝરત (બશારત કરીમ) છે અને તમામ મુકતદીઓ એ જમાઅતોમાં એ જ છે જેઓ આ જમાઅતમાં સામેલ હતા, જેની સાથે સામેલ થઈને હું નમાઝ પઢી રહ્યો હતો.*

*આ જોઈને મારી આંખોની સામેનો પડદો હટી ગયો. મને મારા સવાલનો જવાબ મળી ગયો. હઝરત (બશારત કરીમ)ના 'રૂહાની તસર્રુફે' મને એ વસ્તુ પ્રત્યક્ષ બતાવી દીધી કે ત્યાર પછી મને પૂછવાની કંઈ જરૂરત બાકી રહી નહીં. (દર્સે હયાત, પેજ–૩૫૪)*

''મુઝ પર કેફિયત તારી હૂઈ''નો અર્થ ઊંઘ નથી કે આ બનાવને ખ્વાબની વાત કહીને ટાળી દેવાય,

બલ્કે કહેવું એ છે કે બિલકુલ જાગૃત અવસ્થામાં મુરીદે તેમના પીરના 'ગયબી તસર્રુફ'નો તમાશો જોયો હતો.

ઉપરોક્ત બનાવની વિગત સમજમાં ન આવી હોય તો ફરી એક વખત વાંચી જાવ, દેવબંદી વર્ગના પ્રચારક અને પીર મૌલાના બશારત કરીમની 'ગયબદાની' કેટલી હદે હતી તેનો તેમાં ઉલ્લેખ છે. **તેમણે પટનાથી આવેલા મુરીદના મનમાં શું છે તે નમાઝની અંદર જાણી લીધું અને એ પણ જાણી લીધું કે એ મુરીદ મહાશય અત્યારે પાછળની સફમાં હાજર છે, બીજી તરફ તેમના 'તસર્રુફ'ની પરાકાષ્ટા પણ જોઈ લો કે, નમાઝ શરૂ થતાંની સાથે જ 'તિલસ્મ હોશરૂબા'ની જેમ તેમણે તેમના મુરીદને એક વિશાળ મેદાનમાં પહોંચાડીને સ્પષ્ટ રીતે દેખાડી દીધું કે એક જ માનવી એક જ સમયે અનેક સ્થળે હાજર રહી શકે છે !**

આ બનાવને સાચો માનવામાં આવે તો મને કહેવા દો કે, **દેવબંદી ધર્મનું જૂઠાણું જાહેર કરવાને માટે કોઈ નવું પુસ્તક લખવાની જરૂરત બાકી રહેતી નથી. ખૂદ દેવબંદી લેખકો જ એ સેવાને માટે પૂરતા છે !**

## ★ નવ મુસ્લિમ પંડિતજીનો મર્તબો ! ★

'દર્સે હયાત' કિતાબના દેવબંદી લેખકે એક ખૂબ જ વિશ્વાસપાત્ર માનવીના હવાલાથી એક નવ મુસ્લિમ પંડિતજીનો હૈરતનાક કિસ્સો લખ્યો છે, એ ખૂબ જ વિશ્વાસપાત્ર માનવીના કથન અનુસાર હઝરત (બશારત કરીમ)ના હુજરામાં મારા અને પંડિતજી સિવાય બીજા કોઈને આવવા જવાની છૂટ નહોતી. એક સમયે મગરિબની નમાઝ બાદ એ હુજરામાં હઝરત તિલાવત કરતા હતા, તેના એક ખૂણામાં પંડિતજી મુરાકેબહમાં બેઠા હતા અને એક ખૂણામાં હું બેઠો હતો. અચાનક પંડિતજી ચીસ પાડીને બેહોશ થઈ ગયા. હઝરતે તિલાવત બંધ કરીને તેમની તરફ નજર કરી, થોડીવાર પછી પંડિતજી હોશમાં આવી ગયા, તો પૂછયું કે, "શું થયું ? શું જોયું ?" હવે આ શું જોયું ?! નું વર્ણન એ વિશ્વાસપાત્ર માનવીની ઝબાનથી સાંભળો :–

> *પંડિતજીએ વિનંતી પૂર્વક કહ્યું કે, 'પાદશાહ' મેં જોયું કે, કયામતનો દિવસ છે હશ્રનો મેદાન છે. અલ્લાહ તઆલા અર્શ પર બિરાજમાન છે, હિસાબ કિતાબ થઈ રહ્યા છે, અસંખ્ય માનવીઓ ત્યાં એકઠાં થએલા છે, તમે પણ છો, હું પણ છું, તમે મને પકડીને અલ્લાહના અર્શ તરફ લઈ જઈ રહ્યા છો. જ્યારે નજીક પહોંચ્યા તો તમે મને બંને હાથો વડે ઉઠાવીને અર્શ તરફ ધકેલ્યો,* ***હું અલ્લાહ તઆલાના જલાલ અને અઝમતને જોઈને ચીસ પાડી ઉઠયો.*** *(દર્સે હયાત, પેજ–૩૦૪)*

આ તો પંડિતજીએ જોએલું દ્રશ્ય હતું, જેનું વર્ણન વિશ્વાસપાત્ર માનવીએ કર્યું છે તેને પણ વાંચી લો, ખાસ જોવા સમજવાની બાબત તો આ જ છે. લખ્યું છે કે :–

> *હઝરત એ સાંભળીને તેમની આદત પ્રમાણે પ્રથમ તો ચૂપ થઈ ગયા, ત્યાર પછી ઠંડો નિશ્વાસ લઈને કહ્યું કે,* ***મુબારક હો ! નૂરૂલ્લાહ ! (પંડિતજીનું નવું નામ) આથી વિશેષ હવે શું ચાહો છો ?*** *(દર્સે હયાત, પેજ–૩૦૪)*

લાઈલાહ ઈલ્લલ્લાહ ! નવ મુસ્લિમ પંડિતજીનો મર્તબો તેને સ્થાને, પરંતુ **ખરું પૂછો તો ઉપરોક્ત બનાવની ક્રેડિટ હઝરત (બશારત કરીમ)ને મળવી જોઈએ કે જેમણે પંડિતજી જેવા નવ મુસ્લિમને**

**સાથમાં રાખીને તેને આલમે ગયબના રહસ્યનો જાણકાર બનાવી દીધો ! એટલું જ નહીં, એ ગયબુલ ગયબ ઝાત પણ તેની નજરથી છુપી રહી નહીં જેને આજ સુધી દુનિયાની ભૂમિ પર કોઈ ઈન્સાને જાગૃત સ્થિતિમાં જોઈ નથી !**

હવે તમે જ અમારી મઝલૂમીની સાથે ઈન્સાફ કરો કે, **આટલો ખુલ્લો શિર્ક ! કહેવાતા દેવબંદી પરહેઝગારો પોતાના ગળા હેઠળ ઉતારી લીધા પછી પણ તેમને પાકા 'તવહીદપરસ્ત' કહેવડાવે છતાં તેમને કોઈ પૂછનાર નથી !** અને આપણે ઈમાનનો દેખાવ કરીએ તો પણ આપણા માટે કતલની વ્યવસ્થા કરવામાં આવે છે ! اِنَّا لِلّٰہِ وَ اِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ

**દુનિયાથી અગર ઈન્સાફ વિદાય થઈ ચૂક્યો ન હોય તો ઈન્સાફ પસંદ ઈન્સાન તેનો નિર્ણય જરૂર કરશે કે, પોતાના મરી પરવારેલા બુઝુર્ગો સંબંધે દેવબંદી શ્રીમાનોની સ્પષ્ટ માન્યતા છે કે, તેઓ જીવંત છે તસર્રુફની પૂર્ણશક્તિ ધરાવે છે, તેમના ચાહકોને ગમે ત્યારે સહાય પણ કરી શકે છે.** તો પછી **આપણે અવલિયા અને અંબિયા સંબંધે આવો અકીદો રાખીએ તો એ પ્રશ્ન પર એકસો વર્ષથી તેઓ આપણી સાથે શા માટે જંગ કરી રહ્યા છે ? શા માટે દેવબંદી મોલ્વીઓ આપણા પર આગ વરસાવી રહ્યા છે ? શા માટે આપણને 'કબ્રપરસ્ત' અને 'મુશ્રિક' બતાવતા ફરે છે ?!**

મને ચોક્કસ ખાત્રી છે કે આજે નહીં તો આવતી કાલે તેમનો દેખાવનો ઈસ્લામ અને તેમની બનાવટી તવહીદ પરસ્તીનો ભરમ તૂટીને જ રહેશે બાખબર દુનિયાને હવે વધુ સમય મૂર્ખ બનાવી શકાય તેમ નથી.

પેજ નં. ૧૩ નું ચાલુ...

આંખોમાં આવો ! માથા પર રહો ! દિલમાં ઘર બનાવી લો.

**જાલોં પે જાલ પળ ગએ લિલ્લાહ વક્ત હૈ**
**મુશ્કિલ કુશાઈ આપકે નાખૂન અગર કરે**

*(જાલોં પે જાલ પળ ગએ = જાળો પર જાળ પડી ગઈ છે, લિલ્લાહ = અલ્લાહ વાસ્તે, મુશ્કિલ કુશાઈ = મુસીબત દૂર કરવી, નાખૂન = નખ)*

**અર્થ** : અય પ્યારા નબી ﷺ હું ગુનાહોની જાળોમાં ફસાય ગયો છું, મદદનો વખત છે, ખુદા વાસ્તે મારી મદદ ફર્માવો ! જો આપની મુકદસ અગાળીના નખ મુબારક ઈશારો કરી દે તો મારી જાળો તૂટી જાય.

**મંઝિલ કળી હૈ શાને તબસ્સુમ કરમ કરે**
**તારોંકી છાઓં નૂર કે તળકે સફર કરે**

*(મંઝિલ કળી હૈ = રસ્તો ખતરનાક છે, શાને તબસ્સુમ, મુસ્કુરાહટની શાન, તળકે = પ્રભાત)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આખિરતની મંઝિલ ઘણી કઠિન છે, જો આપ મુસ્કુરાહટ આપી દો તો મુસીબતોનુ અંધારું હટી જાય અને નૂરના પ્રકાશમાં સફર આસાન થઈ જાય.

**કિલ્કે 'રઝા' હૈ ખંજરે ખૂંખાર બર્કબાર**
**આ'દા સે કેહ દો ખૈર મનાએઁ શર ન કરે**

*(કિલ્કે રઝા = મુરાદ ઈમામ અહમદ રઝાની કલમ, ખંજરે ખૂંખાર = ખૂની ચાકુ, બર્કબાર = વીજળીઓ ગિરાવનાર, આ'દા = દુશ્મન, ખૈર = ભલાઈ, શર = નુકસાન, ફિત્નો)*

**અર્થ** : અય મુસ્તફા ﷺના ગુસ્તાખો ! અહમદ રઝાનો કલમ તમારા માટે ખૂંખાર ખંજર છે ! તમારી બદ અકીદગીનો સફાયો કરી નાખશે, તમારા જૂઠા મઝહબ પર મારો કલમ વીજળી બનીને પડશે. અય નબી ! ﷺના દુશ્મનો ! ભલાઈની વાત કરો, ફિત્ના બાજી ન કરો.

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તાહીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ શું સ્ત્રીના ૨૦ (વીસ) બાળકો થઈ જાય તો તેની નિકાહ તૂટી જાય છે ? ★

"જે સ્ત્રીના ૨૦ (વીસ) બાળકો થઈ જાય તેની નિકાહ તૂટી જાય છે" આ એક બિલકુલ અજ્ઞાતનાભર્યો વિચાર (માન્યતા) છે. સાચી વાત તો એ છે કે બાળકો વીસ થઈ જાય કે એનાથી પણ વધુ, તેના નિકાહ ઉપર તેની કોઈ અસર થતી નથી અને પહેલો નિકાહ (જે નિકાહમાં છે તે જ) બાકી રહે છે, બીજીવાર નિકાહ કરવાની કોઈ જરૂરત રહેતી નથી.

## ★ ઈદ્દતને માટે પત્નીને તેના માવતરે લઈ જવું ★

આજકાલ જો કોઈ સ્ત્રીને તલાક઼ આપવામાં આવે તો પિયરવાળા (માવતરવાળા) તેણીને તરત જ તેના ઘરે લઈ જાય છે અને તેના ઉપર અભિમાન કરવામાં આવે છે. અને જો તેવી સ્ત્રી પતિના ઘરે રહે તો કેટલાક લોકો તેણીના મા બાપ અને ભાઈઓને ચઢાવે છે કે "તલાક઼ પછી પણ છોકરીને તેના પતિના ઘરે છોડી દીધેલ છે !" આ બધી ખોટી વાત છે.

**મસ્અલો** : આ પ્રમાણે છે કે "તલાક઼ પછી સ્ત્રી તેના પતિના ઘરે જ ઈદ્દત પૂરી કરે અને પતિ ઉપર તેણીના ઈદ્દત દરમ્યાનનું ભરણ પોષણ અને રહેવાનું મકાન આપવું જરૂરી છે."

"તલાક઼વાળી સ્ત્રીઓને તેમના ઘરેથી ન કાઢો અને ન તો તેઓ પોતે નીકળે પરંતુ જ્યારે કે તેઓ ખુલ્લેઆમ બેહયાઈ (બેશરમી) કરે." *(પારા-૨૮, સૂરએ તલાક઼)*

હા! એ જરૂરી અને ફર્ઝ છે કે તે બંને અજનબી અને એકબીજાનાં પરાયા થઈને રહે, અને સારું તો એ છે કે તેમની સાથે કોઈ વૃધ્ધ સ્ત્રી રહે અને તેમની સાર સંભાળ રાખે. અને આ પ્રમાણે પણ થઈ શકે છે કે પતિ ઘરમાં ન રહે ખાસ કરીને રાત્રે બીજે ક્યાંય સૂએ. આવી પત્નીના હાથથી બનાવેલું ખાણુ ખાવામાં કોઈ વાંધો નથી. પતિના કપડાં વગેરે ધોવાં પણ તલાક઼ પછી કોઈ ગુનોહ નથી, કેમ કે તલાક઼ પછી જો કે પત્ની નથી પરંતું એક મુસલમાન સ્ત્રી છે અને શરીઅતની પાબંદીઓની સાથે એક મુસલમાનનું બીજા મુસલમાનના કામમાં આવવું "હુસ્ને અખ્લાક઼" (સદ્‌ગુણ) અને સારી વાત છે.

અમુક સ્થળોએ લોકો એટલી હદે કડકાઈથી વર્તે છે કે તલાક઼ પછી ઈદ્દત દરમ્યાન જો પતિ, પત્નીના હાથે પકાવેલું ખાણું ખાય લે તો તેની સાથે હુક્કા પાણી બંધ કરી દે છે (સામાજિક બહિષ્કાર કરે છે) તે ખોટુ (ગલત) છે. જ્યાં સુધી પૂરેપૂરી ખાત્રી સાથે ખબર ન હોય કે તેઓ પતિ પત્નીની જેમ ખાસ સંબંધો ધરાવે છે, ત્યાં સુધી ફક્ત શંકાને આધારે તેમને હેરાન કરવામાં ન આવે અને બદગુમાની (ખોટી ધારણા) ઈસ્લામમાં ગુનોહ છે.

હા ! જો તલાકે મુગલ્લઝા અથવા તલાકે બાઈનાની ઈદ્દત હોય અને પતિ ફાસિક઼ હોય અને કોઈ એવો ત્યાં ન હોય કે જો પતિની નિય્યત બગડે તો તેને કાબૂમાં રાખી શકે (રોકી શકે) તો પત્નીએ તે ઘરને છોડવાનો હુકમ છે. *(ફતાવાએ ફૈયઝુર્રસૂલ, ભાગ-૨, પેજ-૨૯૦)*

(**નોધ** : તલાકે મુગલ્લઝા એટલે ત્રણ તલાક઼, જેનાથી પત્ની તરત જ તેના નિકાહમાંથી નીકળી જાય

છે અને હલાલા વગર એ બંનેનો ફરી નિકાહ થઈ શકતો નથી.)

**તલાકે બાઈન** : એટલે કે (બે તલાક઼) જેનાથી સ્ત્રી તરત જ નિકાહમાંથી નીકળી જાય છે અને પરસ્પરની સહમતિથી ફરી "નિકાહ" થઈ શકે છે.

**તલાકે રજઈ** : એટલે કે (એક તલાક઼) જેનાથી સ્ત્રી તરત જ નિકાહમાંથી નીકળી જતી નથી પરંતું ઈદ્દતના સમય દરમ્યાન પતિ પત્ની આપસમાં મતભેદ દૂર કરી એકબીજાથી રાજી થઈ જાય તો ફરીથી સંસારિક જીવન એકબીજા સાથે ચાલુ થઈ શકે છે.

## ★ તલાક઼ આપેલ સ્ત્રીની ઈદ્દત ત્રણ મહિના ગણવી ?! ★

ઘણા લોકો એવો વિચાર ધરાવે છે કે તલાક઼શુદા (તલાક઼ આપેલી સ્ત્રી)ની ઈદ્દત ત્રણ મહિનામાં પૂરી થઈ જાય છે, આ ગલત છે. તલાક઼શુદા સ્ત્રીની ઈદ્દતની મુદ્દત આ પ્રમાણે છે કે "જો તેણી ગર્ભવતી ન હોય, તો તલાક઼ આપ્યા પછી તેને ત્રણ વખત માસિક આવી જાય પછી આ ત્રણ માસિક ત્રણ મહિનાથી ઓછી મુદ્દતમાં આવે કે ત્રણ મહિનાથી વધુ સમયમાં આવે કે વરસ પૂરું થઈ જાય. જો ત્રણ વખત તેને માસિક નથી આવ્યાં તો તેની ઈદ્દત પૂરી થશે નહીં. હા ! જો તેણી ૫૫ વરસની થઈ ગયેલ હોય અને માસિકનું આવવું બંધ થઈ ગયેલ હોય, અથવા નાબાલિગ હોય કે હજુ માસિકની શરૂઆત જ ન થઈ હોય અથવા કોઈ બીમારીને કારણે તેને ક્યારેય માસિક આવ્યું જ ન હોય તો તેની ઈદ્દત ત્રણ મહિના છે. અને સગર્ભા સ્ત્રીની ઈદ્દત બાળકના જન્મ સુધીની છે પછી ભલે બાળક તલાક઼ આપ્યા પછી તરત જન્મે તો પણ ઈદ્દત પૂરી થઈ જાય છે. અને જેનો પતિ ગુજરી જાય તે સગર્ભા ન હોય તો તેની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે.

ખુલાસો એ જ કે સામાન્ય રીતે તલાક઼ની મુદ્દત ત્રણ મહિના અથવા ત્રણ મહિના અને ૧૩ દિવસ સમજવું ખોટું છે. સાચી હક઼ીક઼ત એ જ છે જે અમોએ આગળ વર્ણવેલ છે.

## ★ છોકરાઓની શાદીમાં વલીમા કરવાને બદલે મંઢીયા (મહેમાની) કરવું ★

છોકરાની શાદીમાં ઝુફાફ એટલે કે પતિ પત્નીના મિલન (સુહાગ રાત) પછીની સવારે, પોતાની હૈસિયત મુજબ મુસલમાનોને ખાણુ ખવડાવે તેને "વલીમા" કહેવામાં આવે છે અને આ વલીમા એ સૈયદે આલમ ﷺની મુબારક સુન્નત છે. ઘણી બધી હદીષોમાં તેનું (વલીમાનું) વર્ણન પણ છે. સરકાર ﷺએ ખૂદ પણ વલીમા કર્યા અને સહાબાએ કિરામને પણ તેનો હુકમ આપ્યો. પરંતું આજકાલ ઘણા લોકો શાદીની પહેલાં દાવતો આપીને ખાણા ખવડાવે છે જેને મુંઢીયા (મહેમાની) કહેવામાં આવે છે. વલીમા ન કરવો અને તેની જગ્યાએ મુંઢીયા (અન્ય ખાણાઓ) કરવા સુન્નતની વિરૂદ્ધ છે. પરંતું લોકો રીત રિવાજોને વળગેલા છે અને તેમની જીદ અને હઠીલાપણુ અથવા અજ્ઞાનતાને કારણે રસૂલે કરીમ ﷺની આ મુબારક અને પ્યારી સુન્નતને છોડી દે છે. ઈસ્લામના દરેક કાનૂનમાં હજારો ખૂબીઓ છે. ખોટા ખાણાઓની મનાઈ અને વલીમા સુન્નત હોવા પાછળ પણ એક હિકમત સમાયલી છે કે નિકાહની પહેલાં જ ખાવાનું (ખાણું) ખવડાવી દેવામાં આવે તો શક્ય છે કે કોઈપણ કારણે નિકાહ ન થાય અને ઘણી વખત આવું થતું હોય છે, તો આ પરિસ્થિતિમાં તે નિકાહના તમામ ખર્ચાઓ બે બુનિયાદ અને ખોટો (આર્થિક) બોજ બની જાય છે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# પીળુ પત્રકારત્વ જુલ્મ બને છે !

-કાર્યાલય

આપ સૌ જાણો જ છો કે હિંદુસ્તાનભરમાં ક્યાંય પણ સહેજ બોંબ ધડાકો કોઈ આતંકવાદી કરી બેસે તો તેને સીધુ જ લગભગ સર્વ મીડિયાવાળા તથા ખ્યાતિપસંદ રાજકરણીઓ, પક્ષપાતી ગૃપો મુસ્લિમો પર ઠોકી બેસાડે છે અને કોઈ મુસ્લિમનામી સંગઠન જેમ કે યંગ મુજાહિદીન, ઈન્ડિયન મુજાહિદીન વગેરે. આખા જગતમાં મુસ્લિમ કૌમની પલભરમાં કશી જ સાબિતી કે કોઈની ધરપકડ વિના મીડિયાવાળા જ જાહેરાત કરી દે છે કે એમનો હાથ છે ! આ એક મહાન જુર્મ છે કે કોઈના પર કશીય સાબિતી વિના આટલા મહાન ગુનાહનો આક્ષેપ ઠોકી દેવો. આને પીળુ પત્રકારત્વ કહે છે ! મીડિયાનું કામ તો પબ્લિકમાં ખોટી અફવાને રદિયો આપી દેશની શાંતિ તથા એકતા સાચવી રાખવાના પ્રયત્નો કરવાનું છે તેને બદલે એક કૌમ પ્રતિ પક્ષપાત રાખીને ગલત સમાચારો, વહેમો લોકોમાં ફેલાવવા કે જેના કારણે આપસી અથડામણો થાય, ખૂનામરકી થાય તો એ કેટલો મહાન જુર્મ છે ?! એવું જ બોધગયા બ્લાસ્ટ સંબંધે થયું હતું પણ છેવટે કોની ધરપકડ થઈ તે બાજુના બ્લોકમાં વાંચી લેશો. અને પોલીસનું વલણ પણ પક્ષપાતી જોવા મળે છે. જેમ કે હરેન પંડયાના કેસમાં હૈદ્રાબાદના સાત આઠ યુવાનોને આઠ વરસે નિર્દોષ છોડવા પડયા ! કોઈ પુરાવા વિના આટલા વરસો તેઓ જેલમાં રહ્યા તો તેમની તથા તેમનાં કુટુંબોની શું હાલત થઈ હશે ? એ ગંભીરતાથી આપ વિચારશો.

> **બોધગયા બ્લાસ્ટ : હિન્દુ પૂજારીની ધરપકડ**
>
> (એજન્સી) પટણા, તા.૧૪
>
> ગયાના મહાબોધિ મંદિર ખાતે થયેલા શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટની તપાસ કરી રહેલી નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)એ અરૂપ બ્રહ્મચારી નામના એક હિન્દુ પુજારીની ધરપકડ કરી છે. બોધગયા પોલીસ મથકના એક અધિકારીએ જણાવ્યું હતું કે, એનઆઈએની ટીમે પોલીસની મદદથી વિસ્ફોટો બાદ ફરાર થઈ ગયેલા અરૂપ બ્રહ્મચારીની ધરપકડ કરી હતી.
>
> મૂળ પશ્ચિમ બંગાળનો વતની અને બોધગયા ખાતે રહેતા બ્રહ્મચારીને હાલ સુરક્ષાના કારણોસર ગયાના રામપુર પોલીસ મથક ખાતે રાખવામાં આવ્યો છે. એનઆઈએની ટીમ તેની પૂછપરછ કરશે. ૭મી જુલાઈના રોજ મહાબોધિ મંદિર પરિસરમાં ૧૦ બોંબ વિસ્ફોટ થયા હતા જ્યારે અન્ય ત્રણ બોંબ નિષ્ક્રિય કરાયા હતા. (ગુજરાત ટુડે, ૧૫–૮–૨૦૧૩)

બીજુ કે માલેગાંવ બ્લાસ્ટ, હૈદ્રાબાદ મક્કા મસ્જિદ બ્લાસ્ટ, અજમેર શરીફ દરગાહ બ્લાસ્ટ તથા સમઝૌતા એક્સપ્રેસ બલાસ્ટ સર્વેમાં મુસ્લિમ સંગઠનોનાં નામો ગજવ્યાં અને છેવટે આર.એસ.એસ.ના કાર્યકરો પકડાયા જેમ કે સુનીલ જોશી, અસીમાનંદ તેમજ સાધ્વી પ્રજ્ઞા ઠાકુર, કર્નલ પુરોહીત વગેરે અને હજીય હિંદુ આતંકવાદીઓની ધરપકડો થઈ રહી છે. અને મીડિયા આ સમાચારોથી આંખ આડા કાન કરે છે !! તો એવા લોકો કુદરતના પ્રકોપથી ડરે અને જુલ્મી વલણ અપનાવવાથી બચે, નહીં તો ક્યાંય ન ક્યાંય તેમના પર મુસીબતો કુદરત તરફથી આવશે એ ન ભૂલે ! હજીય અમારી મીડિયાને વિનંતિ છે કે નિષ્પક્ષ રીતે સત્ય વલણ અપનાવે એમાં જ દેશની ભલાઈ છે.

અગાઉની જેમ બોધગયા બલાસ્ટમાં પણ હિંદુ પૂજારીની ધરપકડ થઈ અને આ સમાચારોથી મોટાભાગે પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયાએ પરહેઝ કર્યો છે ! જો કોઈ મુસ્લિમનામીની ધરપકડ થઈ હોત તો કાંઈ કેટલી જાતનું મીઠુ મરચુ ઉમેરી રોચક સ્ટોરી બનાવીને પાનાં ભરીભરીને સમાચારો પ્રસિધ્ધ થયા હોત, પણ આજે સર્વત્ર ખામોશી જોવા મળી રહી છે ! તો શું આવું કરનારા લોકો માનવજાતના દોસ્તો છે કે દુશ્મનો છે એનો નિર્ણય તેઓ તેમના દિલને જ પૂછે. ખુદા તઆલા સર્વને સત્ય માર્ગે શાંતિના માર્ગે ચાલવા નેક સમજ અતા કરે. (આમીન)

# હુઝૂર તાજુશ્શરીઅહનો કા'બા શરીફમાં પ્રવેશ

:: રજૂકર્તા ::

**હઝરત ગુલઝાર અહમદ સાહબ નૂરી–જૂનાગઢ**

કા'બા શરીફ સમગ્ર વિશ્વના મુસ્લિમોની આસ્થા અને અક઼ીદતનું કેન્દ્ર છે. દુનિયાભરના મુસ્લિમો જેની તરફ મોઢું કરીને નમાઝ અદા કરે છે અને જેના દીદાર તથા તવાફને જિંદગીની અમૂલ્ય ઘડીઓ સમજે છે તેની ફક્ત એક ઝલક મેળવવા માટે કરોડો આંખો તરસતી હોય છે, તે મુક઼દ્દસ કા'બા શરીફના દરવાજા આજથી ૧૦૨ વર્ષ પહેલા ઈ.સ. ૧૯૧૧માં આ'લા હઝરત અઝીમુલ બરકત સૈયદના ઈમામ અહમદ રઝા ખાન ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ માટે ખોલવામાં આવેલ અને આપને અંદર દાખલ થઈ ઈબાદતનો સુનેહરી મૌક઼ો નસીબ થયેલ. ત્યારબાદ ૧૦ જૂન–૨૦૧૩ સોમવારે વહેલી સવારે ૬ કલાકે આ'લા હઝરત અઝીમુલ બરકત સૈયદના ઈમામ અહમદ રઝા ખાન رضی اللہ عنہના ઈલ્મના સાચા વારિસ અને કરોડો સુન્નીઓના દિલના ચૈન નબીરએ આ'લા હઝરત હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અલ્હાજ મુફતી અશ્શાહ મુહમ્મદ અખ્તર રઝા ખાન સાહબ કિ઼બ્લા અઝહરી મિયાં ક઼ાદરી બરકાતી રઝવી مدظلہ العالی માટે ખોલવામાં આવ્યાં. (દર વર્ષે ૧૨ મુહર્રમ તથા ૧ શાબાનના રોજ કા'બા શરીફના ગુસ્લ વેળા સૌ પ્રથમ સઊદી શાહી ખાનદાનના લોકો પછી અમુક ખાસ વ્યક્તિઓને કા'બા શરીફમાં એન્ટ્રી માટે પાસ આપવામાં આવે છે જેમાં આ વરસે અન્ય ચુનંદા લોકો સાથે આપે પણ કા'બા શરીફની અંદર હાજરી આપી એ અગાઉ અન્ય સુન્ની ઉલમા પણ હાજરી આપી ચૂક્યા છે અને આપતા રહે છે. –*તંત્રી*)

અહીં આશ્ચર્ય એ વાતનું છે કે હુઝૂર તાજુશ્શરીઅહ માટે કા'બા શરીફના દ્વાર ખોલનાર કોઈ તેમના મુરીદ કે અક઼ીદતમંદ ન હતા પણ તે લોકો હતા જેમના વિરૂદ્ધ હુઝૂર તાજુશ્શરીઅહ અને તેમના બાપદાદા, મુરીદો, ખલીફાઓએ પૂરી જિંદગી લખતા અને બોલતા રહ્યા છે અને હુઝૂર સરકાર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ તો એક નઅત શરીફમાં તે લોકો વિશે કહ્યું છે કે :–

**તેરે હબીબકા પ્યારા ચમન કિયા બર્બાદ**
**ઈલાહી નિકલે યે નજદી બલા મદીનેસે**

હક઼ીક઼ત એ છે કે જેને અલ્લાહ તઆલા જેને ઈજ્જત અતા કરે તો તેને કોઈ ઝલીલ કરી શકતું નથી અને જેને અલ્લાહ તઆલા બુલંદી અને ઈજ્જત અતા કરવા ચાહે તેને દુશ્મનો વડે પણ ઈજ્જત આપી શકે છે.

એક સામાન્ય વ્યક્તિ જ્યારે કા'બા શરીફના દીદાર કરીને પરત આવે છે તો લોકો તેનું ફૂલહારથી સ્વાગત કરે છે. જ્યારે હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા અલ્હાજ મુફતી અશ્શાહ મુહમ્મદ અખ્તર રઝા ખાન સાહબ કિ઼બ્લા ક઼ાદરી બરકાતી રઝવી مدظلہ العالی અને તેમના હોનહાર સુપુત્ર હઝરત મૌલાના અસ્જદ રઝા ખાન સાહેબે ફક્ત દીદાર નથી કર્યા પણ તેઓ કા'બા શરીફમાં પ્રવેશ્યા અને કા'બા શરીફના ગુસ્લમાં હાજર રહી કા'બા શરીફની અંદર ઈબાદતનો સુનેહરી મૌક઼ો નસીબ પ્રાપ્ત કર્યો.

હુઝૂર તાજુશ્શરીઅહ પ્રચંડ વિદ્વાન અને ટોચના આલિમ અને ફક઼ીહ છે. થોડા વરસો પર તેમના ઈલ્મની ક઼દર કરીને વિશ્વવિખ્યાત યુનિવર્સિટી જામે અઝહર મિસ્રએ હુઝૂર તાજુશ્શરીઅહને ''ફખ્રે અઝહર'' એવોર્ડ આપી બહુમાન કરેલ છે. ત્યાંના આલિમો તથા મક્કા શરીફ અને મદીના શરીફના આલિમો તથા મુફતીઓ હુઝૂર તાજુશ્શરીઅહથી બૈઅત કરી ખિલાફત મેળવે છે અને હઝરત પાસેથી હદીષ વગેરેની સનદો પ્રાપ્ત કરે છે. અને હાલનો આ પ્રસંગ પણ હઝરતની શાનને જાહેર કરી રહ્યો છે.

કાર્યાલય

# ફાતેહે ખૈબર

## હઝરત અલી رضی اللہ عنہનો ખોરાક !

સુવૈદ બિન ગફલહ رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હું હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہની ખિદમતમાં હાજર થયો અને કેટલીક જવની રોટીઓ આપની સમક્ષ રાખેલી જોયી. રોટીઓ એટલી સૂકી હતી કે આપ કદીક હાથો વડે તો કદીક ગુઠણો વડે એને તોડતા હતા. આ જોઈને મને અફસોસ થયો અને હઝરતની કનીઝ ફુઝ્ઝાને કહ્યું કે તને દયા નથી આવતી કે હઝરત અમીરુલ મોમિનીન માટે આટો ચારીને રોટી પકાવે ?! આ કઠણ રોટીઓના ટુકડાઓ તોડવામાં કેટલી તકલીફ પડે છે ! ફુઝ્ઝાએ જવાબ આપ્યો કે હઝરત અમીરુલ મોમિનીન رضی اللہ عنہએ મારાથી વાયદો લીધો છે કે એમની રોટી હું કદી આટો ચારીને ન બનાવું. જો હું આક઼ાના હુકમની વિરૂદ્ધ વર્તીશ તો ગુનાહમાં સપડાઈ જઈશ !

મારી આ સર્વ વાતો હઝરત અલી رضی اللہ عنہએ સાંભળી અને મને ફર્માવ્યું કે હે ઈબ્ને ગફલહ ! તું એ કનીઝને શું કહી રહ્યો છે ? મેં સર્વ વિગત કહી અને અર્ઝ કરી કે હે અમીરુલ મોમિનીન ! તમો તમારી જાન પર રહમ કરો ! અને આટલી તકલીફ ન ઉઠાવો. આપે ફર્માવ્યું કે હે સુવૈદ ! તને ખબર છે કે હઝરત રસૂલે અકરમ ﷺએ અને તેમના ઘરવાળાંઓએ કદી પણ ત્રણ દિવસ સતત ઘઉંની રોટી ધરાઈને નથી ખાધી, ન કદી તેમના માટે ચારીને આટો પકાવવામાં આવ્યો. જો હું ઉમદા પ્રકારની રોટી કે જેનાથી નફસને મજા મળે તેને ખાઉં તો રસૂલે અકરમ ﷺ તથા અલ્લાહ عزوجلને શો જવાબ આપીશ !

આપે આપનો એક બનાવ સંભળાવ્યો કે એકવાર હું મદીનામાં સખત ભૂખ્યો હતો જેથી મજૂરી કરવા નીકળ્યો. જોયું કે એક સ્ત્રી માટીના ઢેફાંઓને ભેગાં કરીને તેને પલાળવા ચાહે છે. મેં તે કામ એક ડોલ પાણી દીઠ એક ખજૂર મજૂરી પેટે લેવાનું નક્કી કરી લીધું અને સોળ ડોલો ખેંચીને તે માટીને પલાળી આપી, ત્યાં સુધી કે મારા હાથોમાં છાણાં પડી ગયાં. તે ખજૂરો હું નબી કરીમ ﷺની મુક઼દસ ખિદમતમાં લઈ ગયો અને મજૂરી પર પાણી ખેંચવાનો સર્વ બનાવ રજૂ કરી આપ્યો. નબીપાક ﷺ ખૂબ જ ખુશ થયા અને તે ખજૂરોમાંથી કેટલીક ખજૂરો ખાધી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાનો બનાવ વર્ણવે છે કે હું ઈદના દિવસે જનાબ અમીરુલ મોમિનીન رضی اللہ عنہની સેવામાં હાજર થયો. જોયું કે એક થેલો ચામડાનો મોઢુ બાંધેલો આપની સમક્ષ રાખેલો છે. હઝરત અલી رضی اللہ عنہ એ થેલાનું મોઢુ ખોલીને જવની સૂકી રોટીઓ કાઢીને ખાવા લાગ્યા. મેં અર્ઝ કરી, હે અમીરુલ મોમિનીન ! આપે આ થેલા પર મોહર કેમ લગાડી હતી ? ફર્માવ્યું, હું છોકરાઓથી ડરતો હતો કે તેઓ સૂકી જવની રોટીઓને ઝયતૂનના તેલથી ચીકણી ન કરી નાખે. આપ મોટાભાગે સિરકો તથા નમક વડે રોટી ખાયા કરતા હતા. અને ફર્માવતા હતા કે પેટને જાનવરોનો મકબરો ન બનાવો !

એક દિવસે આપની સામે ફાલૂદો રાખવામાં આવ્યો તો આપે ન ખાધો. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ અર્ઝ કરી, શું ફાલૂદો ખાવો હરામ છે ? ફર્માવ્યું, હરામ તો નથી પણ હું મારા નફસને આવી ચીજોની આદતવાળો (આદી) બનાવવાને બુરુ સમજુ છું જેમને હુઝૂરે અકરમ ﷺએ ન ખાધી હોય. માણસ જેટલો નફસને કંટ્રોલ કરે છે એટલો જ એને રબ તઆલાનો કુર્બ હાંસલ થાય છે. *(કાશાનાએ સાબરી, ફેબ્રુઆરી–૧૯૫૬)*

# મદીના શહેરનો ઈતિહાસ

અઝ : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

હઝરત નૂહ علیہ السلامના નબુવ્વતના દૌરમાં જ્યારે તોફાન આવ્યું તો આખા જગતના માનવો મિટાવી દેવામાં આવ્યા, કેવળ હઝરત નૂહ علیہ السلامની ઈત્તેબાઅ (અનુસરણ) કરવાવાળા ૮૦ માણસો મેહફૂઝ રહ્યા જેઓ નાવડામાં સવાર થઈ ગયા હતા. તે લોકોએ સૌકે ષમાનૈન નામના સ્થળે રોકાણ કર્યું. થોડાક મહિનાઓ પછી તેમની સંખ્યા વધી અને તે લોકો ૭૨ બોલીઓમાં વહેંચાઈ ગયા. એમાંથી એક શખ્સને અલ્લાહ عزوجل એ ઈલ્હામ થકી અરબી ભાષા શીખવાડી અને તેણે મદીના શહેરમાં વસવાટ કર્યો. ખેતીવાડી કરીને પોતાની જિંદગીના દિવસો પસાર કરવા લાગ્યો અને ખજૂરોના બાગો લગાડીને એને આવકનો ઝરીયો બનાવ્યો. એનો જ વંશવેલો મદીના મુનવ્વરામાં આબાદ છે.

અમુક ઉલમાએ કહ્યું કે અહીં સૌથી પહેલાં યષરબ બિન ફાઈતા બિન મીલાઈલ બિન અરમ બિન અવદ્ બિન સામ બિન નૂહ (علیہ السلام) આબાદ થયા, એ કારણે એ શહેરનું નામ 'યષરબ' હતુ. *(ખુલાસતુલ વફા, ૭૦)*

### ☆ મૂસા علیہ السلامની બશારત ☆

હઝરત મૂસા علیہ السلام હજ્જના માટે તશરીફ લાવ્યા તો આપની સાથે બની ઈસ્રાઈલના ઘણા બધા લોકો હતા એઓ આ સ્થળેથી પસાર થયા. તૌરાત શરીફમાં વર્ણન કરેલા લક્ષણોના થકી હઝરત મૂસા علیہ السلامએ ઓળખી લીધું કે આ મદીના મુનવ્વરા હુઝૂર ખાતમુન્નબિય્યિન صلی اللہ علیہ وسلمની હિજરતની જગા છે. *(ખુલાસતુલ વફા, ૭૧)*



### ☆ સુલૈમાન علیہ السلامની બશારત ☆

એકવાર હઝરત સુલૈમાન علیہ السلامમદીના મુનવ્વરાની ભૂમીએ થઈને પસાર થયા તો આપે પોતાના સાથીઓને ફર્માવ્યું :–

هٰذِهٖ دَارُ هِجْرَةِ نَبِيٍّ يَّكُوْنُ فِىْ اٰخِرِ الزَّمَانِ
طُوْبٰى لِمَنْ اٰمَنَ بِهٖ وَ طُوْبٰى لِمَنِ اتَّبَعَهٗ ۔

"આ નબી આખિરુઝ્ઝમાં صلی اللہ علیہ وسلمની હિજરતનું સ્થળ છે. એના માટે ભલાઈ છે જે એમના પર ઈમાન લાવે અને એના માટે ભલાઈ છે જે એમની પયરવી કરે. *(તફસીરે ખાઝિન, ૫/૭૦)*

### ☆ મદીના મુનવ્વરાનો વસ્તી વિકાસ ☆

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે. તે કહે છે કે જયારે બખ્ત નસરે યહૂદીઓના શહેર બયતુલ મુક઼દસને ઉજ્જડ કરી આપ્યું અને યહૂદીઓના મોટાભાગને ગુલામ બનાવીને લઈ ગયો તો કેટલાક લોકોએ ક઼ૌમને મશ્વરો આપ્યો કે હવે અરબના સિવાય સુકૂન નથી મળી શકતું જેથી એ દેશની તરફ હિજરત કરીએ અને ત્યાં ખજૂરોવાળા શહેરમાં આબાદ થઈને આખરી રસૂલ صلی اللہ علیہ وسلمનો ઈન્તેઝાર કરીએ. યહૂદીઓના આલિમો તથા અગ્રેસરો પોતાની ક઼ૌમના લોકોને લઈને એ શહેરની તરફ ચાલી નીકળ્યા. જ્યાં મદીના મુનવ્વરાની અમુક ખૂબીઓ જાહેર થતી ત્યાં રોકાઈ જતા પછી તેહક઼ીક઼ કર્યા બાદ આગળ વધી જતા. આ રીતે કેટલાયે દિવસોના સફર બાદ તે લોકો મદીના મુનવ્વરા પહોંચી ગયા અને જ્યાં એમની કિતાબોમાં દર્શાવેલ સર્વ ખૂબીઓ મૌજૂદ હતી ત્યાં રોકાણ કર્યું. *(ખસાઈસે કુબરા, ૧/૪૫)*

### ☆ સૈયદે આલમ صلی اللہ علیہ وسلمનું મદીનામાં આગમન ☆

હુઝૂર સૈયદે આલમ

ﷺના એલાને નબુવ્વત પછી દિન પ્રતિ દિન મક્કાના કાફિરોની સરકશી વધતી રહી અને મુસલમાનો પર તેમના જુલ્મની કોઈ સીમા ન રહી. એક દિવસે મક્કાના સરદારોએ દારુન્નદવામાં હુઝૂર ﷺની વિરૂધ્ધ મિટિંગ કરી જેમાં સર્વ લોકોએ મળીને હુઝૂર ﷺને કત્લ કરવાનો પ્લાન બનાવ્યો. હવે અલ્લાહ ﷻએ હુઝૂર રહમતે આલમ ﷺને મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા હિજરત કરવાનો હુકમ ફર્માવ્યો.

રાત્રે એ લોકોએ આપના ઘરને ઘેરી લીધું જેથી સવારે જયારે આપ ફજરના માટે નીકળો તો આપને કત્લ કરી આપે. આપે આપની અમાનતો હઝરત અલી رضی اللہ عنہના હવાલે કરી અને ત્યાંથી મદીના શરીફની તરફ રવાના થવાના માટે તૈયાર થઈ ગયા. આપ આપના ઘરેથી સૂરએ યાસીન પઢતા પઢતા નીકળ્યા અને કાફિરોની તરફ એક મુટ્ઠીભર માટી ફેંકી જેનાથી સૌ આંધળા થઈ ગયા. જયારે સવારે હોશ આવ્યો તો જોયું કે દરેકના માથા પર માટી પડેલી છે.

હિજરતના સમયે આપની સાથે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પણ હતા. રસ્તામાં આપે ગારે ષૌરમાં રોકાણ કર્યું એ ગુફામાં હઝરત અબૂબક્રને સાપે કરડી લીધું. જયારે હુઝૂર રહમતે આલમ ﷺએ સાપના કરડેલા પર પોતાનું લુઆબે દહન (થૂક મુબારક) લગાડયું તો ઝહેરની અસર જતી રહી.

કાફિરો આપને શોધતા શોધતા ગુફા સુધી પહોંચ્યા. અલ્લાહના હુકમથી તરત જ કરોળિયાએ ગુફાના દ્વાર પર જાળુ વણી કાઢયું અને કબૂતરીએ તરત જ માળો બનાવીને ઈંડાં મૂક્યા. આ જોઈને કાફિરો સમજયા કે ગુફામાં કોઈ નથી જેથી પાછા જતા રહ્યા.

ગુફામાં આપ ત્રણ રાતો રોકાયા અને ચોથી રાત્રે ત્યાંથી રવાના થયા. કુરૈશે આપની ગિરફતારી પર ૧૦૦ ઊંટ ઈનામ નિશ્ચિત કર્યા હતાં. એની લાલચમાં બરીદા અસ્લમી પોતાના સીત્તેર સાથીઓને લઈને નીકળ્યા હતા. રસ્તામાં હુઝૂરથી ભેટો થઈ ગયો. થોડીવાર વાતચીત કર્યા બાદ બરીદા અસ્લમી પોતાના સાથીઓની સાથે મુસલમાન થઈ ગયા.

મદીના શરીફની બહાર હુઝૂર ﷺએ કુબા સ્થળે પોતાના સાથીઓની સાથે ત્રણ દિવસ રોકાણ કર્યું. અહીં આપે એક મસ્જિદે કુબાની તામીર કરી જે આજે પણ મસ્જિદે કુબાના નામથી જાણીતી છે.

એ મસ્જિદના ફઝાઈલના સંબંધે ખૂદ કુર્આને મુકદસમાં આયત મૌજૂદ છે. જેમ કે અલ્લાહ عزوجل ફર્માવે છે :–

لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ اَحَقُّ
اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ
وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ۝

''બેશક ! તે મસ્જિદ કે પ્રથમ દિવસથી જેનો પાયો પરહેઝગારી પર રાખવામાં આવ્યો છે તે એને પાત્ર છે કે તમે એમાં ઉભા રહો, એમાં એ લોકો છે કે ખૂબ સુથરા થવા ચાહે છે અને સુથરા લોકો અલ્લાહને પ્યારા છે.''
*(સૂ. તૌબા, આ–૧૦૮, કન્ઝુલ ઈમાન)*

મસ્જિદે કુબાના ફઝાઈલમાં હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **اَلصَّلٰوةُ فِىْ مَسْجِدِ قُبَاءٍ كَعُمْرَةٍ** ''મસ્જિદે કુબામાં નમાઝ પઢવી ઉમરાની જેમ છે.'' *(તિર્મિઝી શરીફ, હદીષ : ૩૨૪)*

હુઝૂર ﷺ કુબાથી રવાના થઈને બનૂ સાલિમની આબાદીમાં આવ્યા. અહીં સો લોકોની સાથે હુઝૂરે જુમ્આની નમાઝ અદા કરી. હુઝૂરની ઈક્તેદામાં આ ઈસ્લામનો પ્રથમ જુમ્આ હતો એ સ્થળે એક મસ્જિદ ' મસ્જિદે જુમ્આ'ના નામથી આજે પણ મૌજૂદ છે.

જયારે મદીનાવાળાઓને હુઝૂર ﷺના આગમનની ખબર થઈ તો સર્વ લોકો સ્વાગત માટે દોડી ગયા. શહેર નજીક આવ્યું તો મદીનાવાસીઓના જોશની એ સ્થિતિ હતી કે પર્દાનશીન સ્ત્રીઓ ઘરોની છતો પર ચઢીને આ અશઆર :–

طَلَعَ الْبَدْرُ عَلَيْنَا مِنْ ثَنِيَّاتِ الْوَدَاعِ
وَجَبَ الشُّكْرُ عَلَيْنَا مَا دَعٰى لِلّٰهِ دَاعٍ
اَيُّهَا الْمَبْعُوْثُ فِيْنَا جِئْتَ بِالْاَمْرِ الْمُطَاعِ
اَنْتَ شَرَّفْتَ الْمَدِيْنَه مَرْحَبًا يَا خَيْرَ دَاعٍ
فَلَبِسْنَا ثَوْبَ يَمَنٍ بَعْدَ تَلْفِيْقِ الرِّقَاعِ
فَعَلَيْكَ اللّٰهُ صَلّٰى مَا سَعٰى لِلّٰهِ سَاعٍ

**તલઅલ્ બદરુ અલૈના મિન્ષનિય્યાતિલ્ વદાઈ**

**વજબ શુક્રુ અલૈના મા દઆ લિલ્લાહિ દાઈ**
**ઐયુહલ્ મબઊષુ ફીના જિઅ્ત બિલ્અમ્રિલ્ મુતાઈ**
**અન્ત શર્રફતલ્ મદીના મરહબા યા ખૈર દાઈ**
**ફલબિસ્ના ષૌબ યમનિન્ બઅ્દ તલ્ફીક્રિરિકાઈ**
**ફઅલૈકલ્લાહુ સલ્લા મા સઆ લિલ્લાહિ સાઈ**

(તર્જુમો) : અમારા પર ચાંદ ઉગી ગયો વિદાઅની ઘાટીઓથી, અમારા પર ખુદાનો શુક્ર વાજિબ છે જ્યાં સુધી અલ્લાહથી દુઆ માંગનારા દુઆ માંગે છે. હે તે ઝાતે ગિરામી ! જે અમારા દરમ્યાન મોકલવામાં આવ્યા, આપ તે દીન લાવ્યા જે અનુસરવાને લાયક છે. આપે મદીનાને મુશર્રફ ફર્માવી આપ્યું, તો આપના માટે ખુશઆમદિદ છે, હે બેહતરીન દા'વત આપનાર ! અમે યમની કપડાં પહેર્યાં જ્યારે એનાથી પહેલાં થીંગડાં મારી મારીને કપડાં પહેર્યા કરતા હતા. આપના પર અલ્લાહ તે સમય સુધી રહમતો નાઝિલ ફર્માવે જ્યાં સુધી અલ્લાહના માટે કોશિશ કરનારા કોશિશ કરતા રહે.

મદીનાની નાની નાની બાળકીઓ ખુશીથી ઝુમી ઝુમીને તથા દફ વગાડી વગાડીને આ ગીત ગાતી હતી :

نَحۡنُ جَوَارٍ مِّنۡ بَنِی النَّجَّار
يَا حَبَّذَا مُحَمَّدٌ مِّنۡ جَار

**નહ્નુ જવારિમ્ મિમ્બનિન્નજારી**
**યા હબ્બઝા મુહમ્મદુમ્ મિન્જારી**

**(તર્જુમો)** : "અમે ખાનદાને બનૂ નજ્જારની બાળકીઓ છીએ, વાહ ! કેટલું સરસ થયું કે મુહમ્મદ ﷺ અમારા પડોશી થઈ ગયા !"

મદીનાના દરેક કબીલાવાળા એ તમન્ના કરવા લાગ્યા કે હુઝૂર ﷺ એમના ઘરે રોકાણ કરે, પણ આપે ફર્માવ્યું, જે જગાએ મારી ઊંટણી બેસી જશે તેના ત્યાં હું કયામ કરીશ. જેથી હઝરત અબૂ ઐયૂબ અન્સારીના ઘર સામે આપની ઊંટણી બેસી ગઈ. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ હુઝૂર ﷺની ઈજાઝતથી આપનો સામાન ઉઠાવીને પોતાના ઘરની અંદર લઈ ગયા અને હુઝૂર ﷺએ એમના જ ઘરે રોકાણ કર્યું.

**☆ મદીનાના ફઝાઈલ ☆**

હઝરત અબ્દુલ્લાહ બિન ઝયદ رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મક્કા મુકર્રમાને હરમ બનાવ્યું અને એના માટે દુઆ ફર્માવી. જે રીતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મક્કાને હરમ બનાવ્યું એ જ રીતે મેં મદીનાને હરમ બનાવ્યું અને જે રીતે તેમણે મક્કાના માટે બરકતની દુઆ માંગી, એ જ પ્રમાણે મેં મદીનાના માટે બરકતની દુઆ કરી. *(બુખારી શરીફ, હદીષ : ૨૧૨૯)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ મદીના મુનવ્વરાના માટે આ શબ્દોમાં દુઆ ફર્માવી :–

اَللّٰهُمَّ اجۡعَلۡ بِالۡمَدِيۡنَةِ ضِعۡفَیۡ مَا جَعَلۡتَ بِمَكَّةَ مِنَ الۡبَرَكَةِ

"હે અલ્લાહ ! મદીના મુનવ્વરામાં મક્કા શરીફથી બમણી બરકત નાઝિલ ફર્માવ." *(બુખારી શરીફ, હદીષ–૧૮૮૫)*

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે જ્યારે સરકારે દો આલમ ﷺ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો હઝરત અબૂબક્ર સિદ્દીક તથા હઝરત બિલાલ رضی اللہ عنہما તાવમાં પકડાઈ ગયા. એકવાર હઝરત બિલાલ رضی اللہ عنہએ કહ્યું, અલ્લાહની લઅનત થાય શયબા બિન રબીઆ, ઉત્બા બિન રબીઆ તથા ઉમૈયા બિન ખલફ પર જેમણે અમને અમારા શહેરથી વબાઓવાળા શહેરની તરફ કાઢી મૂક્યા. જ્યારે નબી કરીમ ﷺએ સાંભળ્યું તો આપે મદીના શહેરના માટે આ પ્રમાણે દુઆ ફર્માવી :

اَللّٰهُمَّ حَبِّبۡ اِلَيۡنَا الۡمَدِيۡنَةَ كَحُبِّنَا مَكَّةَ اَوۡ اَشَدَّ اَللّٰهُمَّ بَارِكۡ لَنَا فِی صَاعِنَا وَ فِی مُدِّنَا وَ صَحِّحۡهَا لَنَا وَ انۡقُلۡ حُمَّاهَا اِلَی الۡجُحۡفَةِ

"હે અલ્લાહ ! અમારા દિલોમાં મદીનાની મહોબ્બત એવી રીતે વસાવી આપ જેવી રીતે અમારા દિલોમાં મક્કાની મહોબ્બત વસેલી છે, બલ્કે એનાથી વધુ. હે અલ્લાહ ! અમારા માટે અમારા સાઅ તથા મુદમાં બરકત અતા ફર્માવ, અને મદીનાને તંદુરસ્તીવાળુ કરી આપ અને એના તાવને 'જુહફા'ની તરફ મુન્તકિલ કરી આપ."

હઝરત ઈસ્માઈલ પોતાના દાદા હઝરત ષાબિત બિન કૈસ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે સરકારે

અબદક઼રાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મદીનાની ધૂળ માટી કોઢીપણાથી શિફા છે. *(જામિઉલ અહાદીષ લિસ્સિયૂતી, હદીષ : ૧૪૫૪૪)*

હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''સાત દિવસો સુધી દરરોજ સાત સાત અજૂવા ખજૂર ખાવુ કોઢીપણાથી શિફા માટે ફાયદાકારક છે.'' *(જામિઉલ અહાદીષ લિસ્સિયૂતી, હદીષ : ૨૭૧૩૨)*

હઝરત સઅદ બિન માલિક તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہماથી રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''મદીના મુનવ્વરાના દરેક રસ્તા પર બબ્બે ફરિશ્તા છે જે એની હિફાઝત કરે છે. આ શહેરમાં પ્લેગ તથા દજ્જાલ પ્રવેશી નથી શકતા, અને જે આ શહેરને બુરી નજરથી જુએ તેને અલ્લાહ عزوجل એ રીતે ઓગાળી નાખશે જે રીતે પાણીમાં મીઠુ ઓગળી જાય છે. *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ : ૧૬૧૫)*

હઝરત ઝયદ બિન અસ્લમ પોતાના વાલિદ અસ્લમથી રિવાયત કરે છે કે હઝરત ઉમર رضی اللہ عنہએ આ દુઆ ફર્માવી :

**اَللّٰهُمَّ ارْزُقْنِىْ شَهَادَةً فِى سَبِيْلِكَ وَ اجْعَلْ مَوْتِىْ**
**فِى بَلَدِ رَسُوْلِكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَ سَلَّمَ۔**

**અલ્લાહુમ્મર્ઝુક઼ની શહાદતન્ ફી સબીલિક વજઅલ્ મૌતી ફી બલદિ રસૂલિક ﷺ.**

**(તર્જુમો)** : ''હે અલ્લાહ ! મને શહાદત નસીબ ફર્માવ તારી રાહમાં અને મને મૌત આપ તારા રસૂલના શહેરમાં.'' *(બુખારી શરીફ, હદીષ : ૧૮૯૦)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

**مَنِ اسْتَطَاعَ مِنْكُمْ اَنْ يَّمُوْتَ بِالْمَدِيْنَةِ فَلْيَفْعَلْ فَاِنِّىْ**
**اَشْهَدُ لِمَنْ مَّاتَ بِهَا**

''તમારામાંથી જેનાથી થઈ શકે તે મદીનામાં ઈન્તેક઼ાલ કરે, કેમ કે જે મદીનામાં ઈન્તેક઼ાલ કરશે, તેના માટે હું ક઼યામતના દિવસે ગવાહી આપીશ. *(સુનને ઈબ્ને માજહ, હદીષ : ૩૧૧૨)*

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે સરકારે કૌનૈન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**مَنْ مَّاتَ فِى اَحَدِ الْحَرَمَيْنِ بَعَثَهُ اللّٰهُ مِنَ الْاٰمِنِيْنَ يَوْمَ الْقِيَامَةِ**

''જે હરમૈન શરીફૈનમાંથી કોઈમાં ઈન્તેકાલ કરી જાય તેને અલ્લાહ عزوجل ક઼યામતના દિવસે અમાનની સાથે ઉઠાવશે.'' *(શુઅબુલ ઈમાન લિલ્ બયહક઼ી, હદીષ : ૩૯૯૫)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ફર્માવ્યું :–

**صِيَامُ شَهْرِ رَمَضَانَ بِالْمَدِيْنَةِ كَصِيَامِ اَلْفِ شَهْرٍ فِيْمَا سِوَاهُ**
**وَ صَلٰوةُ الْجُمُعَةِ بِالْمَدِيْنَةِ كَاَلْفٍ فِيْمَا سِوَاهُ**

''મદીનામાં માહે રમઝાનના રોઝા અન્ય શહેરોમાં એક હજાર રોઝાઓ બરાબર છે, અને મદીનામાં જુમ્આની નમાઝ અન્ય શહેરોમાં એક હજાર જુમ્આની નમાઝોના બરાબર છે. *(શુઅબુલ ઈમાન લિલ બયહક઼ી, હદીષ : ૩૯૯૦)*

ઉપર વર્ણવેલ હદીષોમાં મદીના શહેરની અઝમતો વિવિધ રીતે જાહેર થાય છે. દા.ત. :–

- ★ મદીના શહેરની અઝમત તથા હુર્મત એ રીતે છે જેવી રીતે મક્કા શહેરની અઝમત તથા હુર્મત છે.
- ★ મદીના શહેરમાં પણ તે વાતો મના છે જે વાતો મક્કા શહેરમાં મના છે.
- ★ મદીના શહેરમાં પણ અલ્લાહ عزوجلની બરકતો એ જ પ્રમાણે નાઝિલ થાય છે જેવી રીતે મક્કા શહેરમાં નાઝિલ થાય છે, બલ્કે મદીના શહેરમાં મક્કા શહેર કરતાં બમણી બરકતો નાઝિલ થાય છે.
- ★ મદીના શહેર તંદુરસ્તી તથા રાહતનું શહેર છે.
- ★ મદીના શહેરના ગર્દો ગુબાર (ધૂળ)માં પણ શિફા છે.
- ★ મદીના શહેરના ખજૂરમાં શિફા છે.
- ★ ફરિશ્તાઓ મદીના શહેરની નિગેહબાની અને દરવાની
  કરે છે અને તેના રહેવાસીઓને બલાઓથી મેહફૂઝ રાખે છે.
- ★ દજ્જાલ જે પૂરી દુનિયાને ફિત્ના તથા ફસાદથી ભરી

દેશે તે પણ મદીના શહેરને કાંઈ નુકસાન નથી પહોંચાડી શકતો.

★ મદીના શહેરમાં કદી પ્લેગ જેવી વબા નથી ફેલાઈ શકતી.

★ સહાબાએ કિરામ હુઝૂર રહમતે આલમ ﷺના જલ્વાગર હોવાના કારણે મદીના શહેરથી દીવાનગી ભરી અકીદત તથા મહોબ્બત ધરાવતા હતા અને મદીનામાં જ વફાત પામવાની તમન્નાઓ તથા દુઆઓ કર્યા કરતા હતા.

★ મદીના શહેરમાં મૃત્યુ પામનારાઓ તરફથી હુઝૂર રહમતે આલમ ﷺ કયામતના દિવસે ગવાહી આપશે.

★ મદીનામાં ઈન્તેકાલ કરનારાઓ કયામતના દિવસે અમાનની સાથે ઉઠાડવામાં આવશે.

★ મદીના શહેરમાં માહે રમઝાન ગુજારવામાં અન્ય શહેરોમાં એક હજાર રમઝાનના મહિના ગુજારવા બરાબર સવાબ મળશે.

★ મદીના શહેરમાં એક જુમ્આની નમાઝ અન્ય શહેરોમાં એક હજાર જુમ્આની નમાઝોના બરાબર અજરો સવાબ ધરાવે છે.

## ☆ મસ્જિદે નબવીની તામીર ☆

મદીનામાં કોઈ એવી જગા ન હતી જ્યાં મુસલમાન બાજમાઅત નમાઝ પઢી શકે એટલા માટે મસ્જિદે નબવીનું બાંધકામ ખૂબ જરૂરી હતું. હુઝૂર ﷺની કયામગાહ (રહેઠાણ) નજીક બનૂ નજ્જારનો એક બાગ હતો. આપે મસ્જિદ બાંધવા માટે એ બાગને કિંમતથી ખરીદવા ચાહ્યો, એ લોકોએ એવું કહીને એ જમીન મસ્જિદની તામીરના માટે પેશ કરી આપી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ખુદાથી જ એનો અજરો સવાબ મેળવીશું. પરંતુ કેમ કે એ જમીન અસલમાં બે યતીમોની હતી જેથી આપે તે બંનેવ યતીમ બાળકોને બોલાવ્યા. તે યતીમ બાળકોએ પણ જમીન મસ્જિદના માટે ભેટ ધરવા ચાહી પણ હુઝૂર ﷺએ એને પસંદ ન કર્યું, એટલા માટે હઝરત અબૂબક્ર رضی اللہ عنہના માલ વડે આપે એની કિંમત અદા કરી આપી. *(મદારિજુન્નબુવ્વત, ૨/૧૧૫)*

એ જમીનમાં કેટલાક ઝાડો, કેટલાક ખંડેરો તથા અમુક મુશ્રિકોની કબરો હતી. આપે ઝાડોને કાપવાનો અને મુશ્રિકોની કબરોને ખોદીને ફેંકી દેવાનો હુકમ આપ્યો. પછી જમીનને સમતલ કરીને ખૂદ આપે પોતાના દસ્તે મુબારક વડે મસ્જિદનો પાયો નાખ્યો અને કાચી ઈંટોની દીવાલ અને ખજૂરના થાંભલાઓ પર ખજૂરના પાંદડાંથી છત બનાવી જે વરસાદમાં ટપક્તી હતી. એ મસ્જિદના બાંધકામમાં સહાબાએ કિરામની સાથે હુઝૂર ﷺ પણ ખૂદ ઈંટો ઉઠાવીને લાવતા હતા અને સહાબાએ કિરામને જોશ અપાવવાના માટે તેમની સાથે અવાજ મિલાવીને હુઝૂર ﷺ શૌર્યગીતનો શેઅર પઢતા હતા :–

اَللّٰهُمَّ لَا خَيْرَ اِلَّا خَيْرُ الْاٰخِرَةِ
فَاغْفِرِ الْاَنْصَارَ وَ الْمُهَاجِرَةِ

"હે અલ્લાહ ! ભલાઈ તો કેવળ આખેરતની જ ભલાઈ છે. એટલા માટે હે અલ્લાહ ! તું અન્સાર તથા મુહાજિરોને બખ્શી આપ. *(બુખારી, હદીષ : ૪૨૮)*

## ☆ મસ્જિદે નબવીના ફઝાઈલ ☆

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

صَلٰوةٌ فِيْ مَسْجِدِيْ هٰذَا خَيْرٌ مِّنْ اَلْفِ صَلٰوةٍ فِيْمَا
سِوَاهُ اِلَّا الْمَسْجِدَ الْحَرَامَ

"મારી આ મસ્જિદ (મસ્જિદે નબવી)માં નમાઝ પઢવી એ મસ્જિદે હરામ સિવાય બાકીની સર્વ મસ્જિદોમાં એક હજાર નમાઝોથી અફઝલ છે." *(બુખારી શરીફ, હદીષ : ૧૧૯૦)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે સરવરે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ મસ્જિદોનો સફર કરો : મસ્જિદે હરામનો, મારી મસ્જિદનો તથા મસ્જિદે અક્સાનો. *(બુખારી શરીફ, હદીષ : ૧૧૮૯)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે શહનશાહે કૌનેન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે શખ્સ મારી મસ્જિદમાં ચાલીસ નમાઝો અદા કરે અને તેની કોઈ નમાઝ ફૌત ન થાય (ન છૂટે) તો તેના માટે દોઝખથી નજાત, અઝાબથી છૂટકારો તથા નિફાક્થી દૂરી લખી દેવામાં આવે છે." *(મુસ્નદે ઈમામ અહમદ, હદીષ : ૧૨૯૧૯)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે આ'ઝમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ جَآءَ مَسْجِدِیْ هٰذَا لَمْ یَاْتِهٖ اِلَّا لِخَیْرٍ یَّتَعَلَّمُهٗ اَوْ یُعَلِّمُهٗ فَهُوَ بِمَنْزِلَةِ الْمُجَاهِدِ فِیْ سَبِیْلِ اللّٰهِ وَمَنْ جَآءَ لِغَیْرِ ذٰلِكَ فَهُوَ بِمَنْزِلَةِ الرَّجُلِ یَنْظُرُ اِلٰی مَتَاعِ غَیْرِهٖ۔

"જે શખ્સ મારી આ મસ્જિદમાં ભલી વાત શીખવા કે શીખવાડવાની નિય્યતથી આવે તે અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળાની જેમ છે, અને જે કોઈ અન્ય હેતુસર આવે તે એ શખ્સની જેમ છે જે અન્યોના સાઝો સામાન પર નજર રાખે છે." *(સુનને ઈબ્ને માજહ, હદીષ : ૨૩૨)*

★ આ હદીષોથી મસ્જિદે નબવી શરીફના વિવિધ ફઝાઈલ જાહેર થાય છે એમાંથી અમુક આ પ્રમાણે છે :–

★ મસ્જિદે નબવીમાં નમાઝ પઢવી આમ (સામાન્ય) મસ્જિદોમાં નમાઝ પઢવા કરતાં હજારગણો અધિક સવાબ ધરાવે છે.

★ ઝિયારતની નિય્યતથી મદીના મુનવ્વરા તરફ સફર કરવાની સ્પષ્ટતા ખૂદ રહમતે આલમ ﷺએ ફર્માવી.

★ મસ્જિદે નબવી શરીફમાં સતત ચાલીસ નમાઝો અદા કરવી એ દોઝખ, અઝાબ તથા નિફાક઼થી મુક્તિનો સબબ છે.

સારી નિય્યત સાથે મસ્જિદે નબવી શરીફની હાજરી અલ્લાહના માર્ગમાં જેહાદના સમાન સવાબ ધરાવે છે.

### ☆ રોઝએ અન્વરની ઝિયારતનો હુકમ ☆

હુઝૂર સૈયદે આલમ ﷺના રોઝાએ અન્વરની ઝિયારત યક઼ીનન ! આશિક઼ોના દિલના માટે ખુશી અને ગમગીન દિલોના રંજો ગમને દૂર કરવાનો ઝરીઓ છે. આપની બારગાહમાં હાજર થઈને આપના વસીલા (તવસ્સુલ)થી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં ઈસ્તિગફાર કરવું ગુનાહોની બખ્શિશનો સબબ છે. ખૂદ ખલ્લાક઼ે કાઈનાત ﷻ કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"અને જો જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય અને પછી અલ્લાહથી માફી ચાહે, અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને ઘણો જ તૌબા ક઼બૂલ કરનાર મહેરબાન પામશે." *(સૂ. નિસાઅ, આ. ૬૪, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં ગુનેહગારોના ગુનાહોની બખ્શિશના માટે અર્હમુર્રાહિમીને ત્રણ શર્તો રાખી : (૧) દરબારે રસૂલ ﷺમાં હાજરી. (૨) ઈસ્તિગફાર અને (૩) રસૂલ થકી મગફિરતની દુઆ. આ હુકમ કેવળ હુઝૂર ﷺની જાહેરી હયાત સુધી જ સીમિત નથી, બલ્કે રોઝએ અક઼દસ ﷺમાં હાજરી પણ યક઼ીનન ! દરબારે રસૂલમાં જ હાજરી છે. એટલા માટે ઉલમાએ કિરામે સ્પષ્ટતા કરી છે કે હુઝૂર ﷺના દરબારનો આ ફયઝ આપની વફાતે અક઼દસ ﷺથી કટ નથી થયો, એટલા માટે જે ગુનેહગાર ક઼બ્રે અન્વરની પાસે હાજર થઈ જાય અને ત્યાં ઈસ્તિગફાર (ગુનાહોથી તૌબા) કરે અને કેમ કે હુઝૂરે અક઼દસ ﷺ તો પોતાની ક઼બ્રે અન્વરમાં પોતાની ઉમ્મતના માટે ઈસ્તિગફાર કરતા જ રહે છે જેથી એ ગુનેહગારના માટે મગફેરતની ત્રણેવ શરતો જોવા મળી, એટલા માટે ઈન્શાઅલ્લાહુ તઆલા ! તેની જરૂર મગફેરત થઈ જશે. *(સીરતે મુસ્તફા, પેજ–૬૩૬)*

### ☆ રોઝએ રસૂલ ﷺની ઝિયારતના ફઝાઈલ ☆

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર તાજદારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : مَنْ زَارَ قَبْرِیْ وَجَبَتْ لَهٗ شَفَاعَتِیْ۔ "જેણે મારી ક઼બ્રની ઝિયારત કરી તેના માટે મારી શફાઅત વાજિબ થઈ ગઈ." *(દારકુત્ની, હદીષ : ૧૯૪)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, "જેણે મારી ક઼બ્રની ઝિયારત કરી તેની ક઼યામતના દિવસે હું શફાઅત કરીશ." *(શુઅબુલ ઈમાન લિલ્બયહક઼ી, હદીષ : ૪૧૫૩)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર તાજદારે મદીના ﷺએ ફર્માવ્યું, "જેણે મારી વફાત પછી મારી ક઼બ્રની ઝિયારત કરી જાણે તેણે

મારી જિંદગીમાં મારી ઝિયારત કરી." *(અલ્મુઅ્જમિ કબીર લિત્તબ્રાની, હદીષ : ૪૧૧)*

આલે ખિતાબમાંથી એક શખ્સથી મરવી છે કે હુઝૂર રહમતે આલમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ زَارَنِیْ مُتَعَمِّدًا کَانَ فِیْ جِوَارِیْ یَوْمَ الْقِیَامَۃِ وَمَنْ سَکَنَ الْمَدِیْنَۃَ وَصَبَرَ عَلٰی بَلَآئِھَا کُنْتُ لَہٗ شَھِیْدًا وَّ شَفِیْعًا یَوْمَ الْقِیَامَۃِ۔

"જેણે ઈરાદાપૂર્વક મારી ક઼બ્રની ઝિયારત કરી તે ક઼યામતના દિવસે મારા પડોશમાં હશે, અને જેણે મદીના મુનવ્વરામાં વસવાટ કર્યો અને તેની બલાઓ (તકલીફો) પર સબ્ર કરી તો ક઼યામતના દિવસે હું તેના માટે ગવાહ તથા સિફારિશી રહીશ." *(શુઅબુલ ઈમાન, લિલ્બયહક઼ી, હદીષ : ૪૧૫૨)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

مَنْ جَآءَنِیْ زَآئِرًا لَّا یَعْلَمُ لَہٗ حَاجَۃً اِلَّا زِیَارَتِیْ کَانَ حَقًّا عَلَیَّ اَنْ اَکُوْنَ لَہٗ شَفِیْعًا یَّوْمَ الْقِیَامَۃِ۔

"જે શખ્સ મારા રોઝાની ઝિયારતના માટે આવ્યો કે મારા રોઝાની ઝિયારત સિવાય કોઈ અન્ય હેતુસર ન આવ્યો હોય, તો મારા પર તેનો હક્ક઼ છે કે ક઼યામતના દિવસે હું તેની શફાઅત કરૂં." *(મજમઉઝ્ ઝવાઈદ, હદીષ : ૫૮૪૨)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી મરવી છે કે હુઝૂર તાજદારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો,

مَنْ حَجَّ الْبَیْتَ وَلَمْ یَزُرْنِیْ فَقَدْ جَفَانِیْ۔ "જેણે હજ્જ કરી અને મારી ક઼બ્રની ઝિયારત ન કરી એણે મારા પર જુલ્મ કર્યો." *(જામિઉલ અહાદીષ લિસ્સિયૂતી, હદીષ : ૨૧૯૯૭)*

હદીષે કુદસી હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે : અલ્લાહ عزوجل ઈર્શાદ ફર્માવે છે, જે શખ્સ મારા ઘરે અથવા મારા રસૂલના ઘરે અથવા બયતુલ મુક઼દસની ઝિયારતના માટે ગયો અને તેનો ઈન્તેકાલ થઈ ગયો તો તેણે શહાદતની મૌત પામી. *(મુસ્નદુલ ફ઼િરદોસ, હદીષ : ૪૪૪૭)*

આ હદીષોમાં રોઝાએ અન્વર પર હાજરીના નીચે પ્રમાણે ફઝાઈલ વર્ણવવામાં આવ્યા છે :–

★ જે શખ્સ રોઝએ અન્વર પર હાજર થયો તેની શફાઅતની ગેરંટી ખૂદ હુઝૂર રહમતે આલમ ﷺએ લીધી છે.

★ ક઼બ્રે અન્વરની ઝિયારત કરવી ખૂદ હુઝૂર રહમતે આલમ ﷺની ઝિયારત કરવાના બરાબર બરકતો તથા નેકીઓનો સબબ છે.

★ જે શખ્સ ખાસ કરીને રોઝાએ રસૂલ ﷺની ઝિયારતના હેતુથી મદીના મુનવ્વરા હાજર થાય તેને ક઼યામતના દિવસે હુઝૂર રહમતે આલમ ﷺ રહમતની આગોશમાં જગા અતા ફર્માવશે.

★ મદીના મુનવ્વરામાં વસવાટ કરનારા માટે રહમતે આલમ ﷺએ શહાદત તથા શફાઅતનો વાયદો ફર્માવ્યો છે.

★ હજ્જ કરીને રોઝએ અન્વરની ઝિયારત કર્યા વિના પરત થઈ જવું અત્યંત મેહરૂમીનું કામ છે.

★ રોઝએ રસૂલની ઝિયારતના માટે જનારો જો મૃત્યુ પામે તો તેને શહાદતનો દરજ્જો અર્પણ થાય છે.

(*હવાલો :* આદાબે મદીના , પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી દયાદરા શાખા)

## ભાવનગર ખાતે મસ્જિદ માટે અપીલ

**ભાવનગર** શહેર ખાતે સુન્ની દા'વતે ઈસ્લામી (ભાવનગર શાખા) દ્વારા "મસ્જિદે ઉષ્માનગની" ઠે. નવાપરા વિસ્તારમાં મસ્જિદના બાંધકામનો પ્લાન છે જેમાં અંદાજિત ખર્ચ રૂા. ૩૩ લાખ છે. સખીદાતાઓને અપીલ છે કે પોતાના તેમજ મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે અલ્લાહના ઘરના બાંધકામના આ સવાબે જારીઆના કામમાં દિલ ખોલીને સહકાર કરશો.

સંપર્ક કરો : ઈરફાનભાઈ MR મો. ૯૪૨૭૪૩૧૪૪૩ તેમજ આરિફભાઈ મો. ૯૯૨૫૮૩૧૪૧૨

# કુર્આની ઈલ્મના શ્રેષ્ઠ જાણકાર ૪ સહાબીઓ

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

બંદાઓ સુધી દીને હક્ક઼ પહોંચાડવા માટે હમેશાંથી અલ્લાહ તઆલાની સુન્નત ક઼ાયમ રહી કે નબી તથા રસૂલ પોત પોતાની ક઼ૌમોની ઝબાનમાં પૈગામે હક્ક઼ સંભળાવે. એટલા માટે તેઓ પોતાની સાથે (અલ્લાહની) કિતાબ લાવતા તો તેની સ્પષ્ટતા તથા તફસીલ પણ પોતે કરતા.

અલ્લાહ તઆલા કુર્આનમાં ફર્માવે છે : "અને અમે બધા રસૂલ તેની ક઼ૌમની ઝબાન (ભાષામાં)માં મોકલ્યા." *(સૂરએ ઈબ્રાહીમ)*

હુઝૂર ﷺ કુર્આન શરીફ લઈને આવ્યા તો તેની તશરીહ (સમજૂતી) તથા તફસીર (વિસ્તૃત વિવરણ) પણ કરી. કેમ કે આપની મુબારક તબિયતમાં અલ્લાહ તઆલાએ એવી જાણકારી (સમજણ) આપી હતી કે આપ કુર્આન શરીફને ટૂંકાણ (સંક્ષિપ્ત)માં અને તફસીલ (વિસ્તાર) એમ બંને રીતે ખૂબ જ સારી રીતે જાણતા હતા. એટલા માટે સમય તથા ઘટના સ્થળે ખૂબ જ સારી રીતે વિસ્તારથી સમજાવતા હતા. પરંતુ સહાબાએ કિરામ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُને કોઈ આયતના જાહેરી અર્થ તથા મતલબ અને એહકામના કારણોની જાણકારીની સાથે સાથે તફસીલી જાણકારી અને વિષય તથા ભેદ જાણવા માટે હુઝૂર ﷺની તરફ રજૂઆત કરવી લાઝિમ હતી. નહીં તો મુખ્તસર (ટૂંકાણમાં) તથા મુશ્કિલ અને મુતશાબેહ આયતોનું ઈલ્મ કેવળ માતૃભાષા (અરબી ઝબાન) અને રોજ બરોજની બોલચાલ લુગાત (શબ્દકોશ)ની ઓળખથી મેળવી શકાતુ ન હતું.

એટલા માટે સહાબાએ કિરામને આ સિલસિલામાં રાત દિવસ ખર્ચ કરવા લાગ્યા. બહષ તથા ધ્યાન અને ગૌરોફિક્રના ઉપાયથી કુર્આનની આયતોના અર્થ મેળવ્યા. અને જ્યાં જરૂરત પડતી તુરંત હુઝૂર સૈયદે આલમ ﷺની ખિદમત તરફ વળતા. આવી રીતે જેમ જેમ કુર્આન શરીફ નાઝિલ થતું જતું સહાબાએ કિરામ પણ તેને સમજવા તથા સમજાવવામાં વ્યસ્ત રહેવા લાગ્યા. તેમ છતાં આ મેદાનમાં બધા સહાબા એક સરખા ન હતા. તે બીજા ઈલ્મોની જેમ અલગ અલગ દરજ્જાઓ કે અમુક હઝરાત માટે એક અર્થ જાહેર થતો તો બીજા ઉપર છુપાયેલો રહેતો. અને એમાં કાંઈ જુદાપણા જેવું નથી કે શબ્દકોશનો ઘેરાવ નબીના સિવાય કોઈ બીજો કરી શકતો નથી. અમુક સહાબાને ફહમે કુર્આન (કુર્આનની સમજ)માં ખૂબ જ ઊંચો મકામ મળેલો હતો. તેમાં દસ સહાબાએ કિરામને ખાસ પ્રસિદ્ધિ મળી જે આ પ્રમાણે છે :–

ચાર ખલીફાઓ, અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્દુલ્લાહ બિન મસઊદ, ઉબય બિન કઅબ, ઝૈદ બિન ષાબિત, અબૂ મૂસા અશઅરી, અબ્દુલ્લાહ બિન ઝુબૈર (رِضۡوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡنَ)

તેમાં ખુલ્ફાએ ષલાષા : અબૂબકર સિદ્દીક઼, ઉમર ફારૂકે આ'ઝમ અને ઉષ્માન ઝુન્નુરૈનથી કુર્આનની તફસીરમાં વધારે રિવાયતો મન્કૂલ નથી. કારણ તેનું એ રહ્યું કે તેમના વિસાલ જલ્દી થઈ ગયા અને ખિલાફત તથા ફતહોની વ્યસ્તતાના લીધે એટલો સમય ન મળ્યો (ખિલાફતના કામનો બોજ ખૂબ જ વધારે હતો) એટલા માટે ખુલ્ફાએ અર્બઅહમાં હઝરત અલી મુર્તઝા رَضِیَ اللّٰہُ عَنۡہُની તફસીરમાં ખૂબ વધારે રિવાયતો છે. તેનું કારણ એ હતું કે આપ હઝરત

ઉષ્માન ગની رضی اللہ عنہના જમાના સુધી ખિલાફતની વ્યસ્તતાથી મુક્ત રહ્યા. અને આપનો વિસાલ તે જમાનામાં થયો જ્યારે કુર્આનની તફસીરના માટે લોકોને વધારે જરૂરત ઉભી થઈ હતી કે તે સમયે ઈસ્લામ અરબની જમીનમાંથી નીકળીને બીજી કૌમો સુધી પહોંચી ગયો હતો.

એવી જ રીતે અબ્દુલ્લાહ બિન અબ્બાસ, અબ્દુલ્લાહ બિન મસઊદ અને ઉબય બિન કઅબ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَથી પણ તફસીરના પ્રકરણમાં ખૂબ વધારે રિવાયતો મન્કૂલ છે કે આ ત્રણેવ હઝરાત પોતાનાં પવિત્ર સ્થાનો પર આમ તથા ખાસ લોકોનાં માટે કેન્દ્ર સ્થાને હતા.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ મક્કા શરીફમાં, હઝરત ઉબય બિન કઅબ મદીના મુનવ્વરામાં, હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ કૂફામાં, બાકી ત્રણેવ હઝરાત એટલે કે ઝૈદ બિન ષાબિત, અબૂ મૂસા અશ્અરી અને અબ્દુલ્લાહ બિન ઝુબૈર જો કે તફસીરમાં મશ્હૂર રહ્યા પણ તેમની રિવાયતો ઓછી છે. તે ચાર હઝરાતમાં પણ વધારે રિવાયતોને કારણે ક્રમ આ પ્રમાણે છે : (૧) અબ્દુલ્લાહ બિન અબ્બાસ (૨) અબ્દુલ્લાહ બિન મસઊદ (૩) અલી બિન અબી તાલિબ (૪) ઉબય બિન કઅબ (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ)

એટલા માટે તે હઝરાતે અર્બઅહ (ચાર હઝરાત)ની તફસીરી ખિદમતના કારણે થોડીક ટૂંકાણમાં તેમની જીવન કથા લખવામાં આવે છે.

## [૧] હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (رضی اللہ عنہ)

આપ અબ્દુલ્લાહ બિન અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ બિન હાશિમ બિન અબ્દે મુનાફ કુરૈશી હાશમી હુઝૂર નબીએ અકરમ ﷺના કાકાના દિકરા છે. વાલિદાનું નામ લુબાબા કિબ્રી બિન્તે હારિષ હલાલિયા છે. આપની વિલાદત તે સમયે થઈ જ્યારે હુઝૂર ﷺનું ખાનદાન શુઅબે અબી તાલિબ મક્કા મુકર્રમામાં ઘેરાવમાં હતું. હુઝૂર ﷺની ખિદમતમાં તેમને લાવવામાં આવ્યા તો આપે પોતાનાં લુઆબે દહનથી તહનીક કરી. (ઘૂંટી આપી) આ હિજરતના ત્રણ વર્ષ પહેલાંની વાત છે.

હિજરત પછી જ્યારે આપનું હજી તો બચપન જ હતું આપે હુઝૂર ﷺની સોહબત મેળવી લીધી અને રાત દિવસ આપની સાથે રહેવા લાગ્યા. એક તો આપ ખાનદાનના માણસ બીજું આપનાં માસી ઉમ્મુલ મોમિનીન હઝરત મૈમૂના رضی اللہ عنہا હતાં જેથી આપને પાસે રહેવાના તથા સોહબતના વધારે મૌકા મળતા રહ્યા. હુઝૂર ﷺના વિસાલના સમયે આપની મુબારક ઉમર લગભગ ૧૫ વર્ષની હતી.

### ★ ઈલ્મે હદીષનો અજબનો શોખ ! ★

પોતે બયાન કરે છે કે વિસાલના પછી મેં પોતાની ઉમર જેવડા એક અન્સારી સહાબીને કહ્યું, હુઝૂર ﷺની સોહબતથી તો આપણે મેહરૂમ થઈ ગયા એટલા માટે ચાલો હવે અકાબિર સહાબા (બુઝુર્ગ સહાબા)ની ખિદમતમાં હાજર થઈ હદીષો મેળવીએ અને ઈલ્મ મેળવીએ. તેણે કહ્યું, હે ઈબ્ને અબ્બાસ ! જુઓ તો ખરા ! આટલા જલીલુલ કદ્ર સહાબાની મૌજૂદગીમાં કોઈને શું જરૂરત પડી છે કે તેઓ આવીને આપનાથી હદીષ તથા મસ્અલાઓ પૂછે. કહે છે (ઈબ્ને અબ્બાસ) કે મેં તેમની વાત ઉપર કાન ન ધર્યા અને સતત કોશિશ કરતો રહ્યો. મને જેના બારામાં ઈલ્મ થતો કે તેમની પાસે હુઝૂર ﷺની કોઈ હદીષ છે તો હું તેમના ઘર ઉપર પહોંચતો અને હદીષ સાંભળીને યાદ કરી લેતો. અમુક હઝરાતના દરવાજા ઉપર પહોંચીને જાણવા મળતું કે તે આરામમાં છે તો તેમની ચોખટ ઉપર માથુ રાખી સૂઈ જતો. હવાઓના સપાટા ચાલતા, ધૂળ ઉડીને મારા ચહેરા અને કપડાં ઉપર લાગી જતી છતાં હું તે જ હાલતમાં રાહ જોતો. તેઓ પોતે બહાર તશરીફ લાવતા તો તે સમયે હું

મારો મક઼સદ બયાન કરતો. તે હઝરાત મને કહેતા કે આપતો નબુવ્વતના ખાનદાનના માણસ છો, આપે અહીંયા આવવાની તકલીફ કેમ ઉપાડી ? અમને યાદ કર્યા હોત તો અમે પોતે આપની પાસે પહોંચતા ! હું અર્ઝ કરતો, હું તાલિબે ઈલ્મ છું એટલા માટે હું એ વાતનો હક્કદાર છું કે આપની ખિદમતમાં હાજરી દઉં. અમુક હઝરાત પૂછતા, આપ અહીંયા ક્યારથી રાહ જોતા હતા ? તો હું સમય કહેતો જેના ઉપર તેઓ નારાજ થઈ કહેતા કે તમે તમારી આવવાની ખબર અમને કેમ ન દીધી કે અમે તુરંત જ આવતા ?! હું અર્ઝ કરતો, મારા દિલે એ ન પસંદ કર્યું કેમ કે હું પોતે આપને બોલાવું અને આપ પોતાની જરૂરતમાં હોય. આપની આ કુર્બાની અને મહેનતનો નતીજો હતો કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ઓછી ઉમર હોવા છતાં મુમતાઝ ઓલમાએ સહાબામાં આપને જગ્યા દેતા. જ્યારે બધા લોકોમાં આપ છવાઈ ગયા તો તે અન્સારી સહાબી ખૂબ જ પસ્તાવા લાગ્યા અને કહેતા હતા, આ નૌજવાન મારાથી વધારે અક઼લમંદ નીકળ્યો. આપનો વિસાલ ૬૮ હિજરીમાં થયો તે સમયે આપની ઉમર ૭૦ વર્ષ કરતાં વધારે હતી. તાઈફમાં દફન થયા હઝરત મુહમ્મદ બિન હન્ફિયાએ દફન કર્યા પછી કહ્યું કે આજે ઉમ્મતના મોટા આલિમનો ઈન્તેકાલ થઈ ગયો.

### ★ ફઝ્લ તથા કમાલ ★

આપના લક઼બોમાં હિબ્ર તથા બહલ (ઉમ્મતના મોટા આલિમ અને ઈલ્મનો દરિયો) બંને આપના ખૂબ જ વધારે ઈલ્મ તથા ફઝ્લને સૂચવે છે. આપ ઈજ્તેહાદના ઊંચા દરજ્જા ઉપર બિરાજમાન હતા અને કુર્આન શરીફના અર્થ સમજવામાં આપને ખાસ શાન મળેલી હતી, એટલા માટે આપને તર્જુમાનુલ કુર્આન અને રઈસુલ મુફસ્સિરીન પણ કહેવામાં આવે છે.

આપના વિશાળ ઈલ્મને નજરની સામે રાખી હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ આપને અકાબિર સહાબામાં જગ્યા દેતા. આપની રાય (મશ્વરા)ની ક઼દર કરતા અને જ્યારે મુશ્કિલ ફેંસલા આપના દરબારમાં પેશ થતા તો આપથી મશ્વરો કરતા. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતે બયાન કરે છે કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ મારી પાસે જલીલુલ ક઼દ્ર બદરી સહાબી (જંગે બદરવાળા)ની સાથે તશરીફ લાવતા હતા. અમુક હઝરાતના દિલમાં આ વાત ખટકતી તો તેમણે અમીરુલ મોમિનીનને અર્ઝ કરી, આપ અમને તેમની પાસે લઈને ન જયા કરો, તેમની જેવા તો અમારા દિકરા છે ! અમીરુલ મોમિનીને ફર્માવ્યું, આ તમારા બધા કરતાં વધારે જાણે છે. અંતે એક દિવસ તે બધા હઝરાતને પોતાની પાસે બોલાવ્યા અને મને પણ તેમની વચ્ચે રાખ્યો, પછી બધાને ''ઈઝા જાઅ''ની તફસીર પૂછી. અમુકે કહ્યું કે આ આયતમાં મદદ તથા ફતહ પછી હમ્દ તથા અસ્તગફારનો હુકમ છે, કોઈક ચૂપ રહ્યા. મને પણ પૂછયું, મેં (હઝરત ઈબ્ને અબ્બાસે) અર્ઝ કરી, આ આયતમાં હુઝૂર صلی اللہ علیہ وسلمના વિસાલની ખબરની નિશાની છે. એટલા માટે અલ્લાહ તઆલાની હમ્દ બયાન કરો અને મગફિરત માંગતા રહો. અમીરુલ મોમિનીને ફર્માવ્યું, હું પણ આ આયતની તફસીર આ જ જાણુ છું. આ પ્રકારના વાક઼િઆ આપની બુધ્ધિ તીવ્રતા, ચિંતન શક્તિ અને ઈલ્મે તફસીરમાં બીજાઓ ઉપર ઉત્તમતાની રોશન દલીલો છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ આપને તર્જુમાનુલ કુર્આન ફર્માવ્યાં છે. મશ્હૂર તાબઈ હઝરત અતા બિન અબી રબાહ رضی اللہ عنہ (ઈમામે આ'ઝમ અબૂ હનીફાના ઉસ્તાદ) ફર્માવે છે કે, મેં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની મજલિસથી વધારે કોઈની પણ મજલિસ ઈલ્મ તથા ફઝ્લમાં ઈજ્જતવાળી ન જોઈ. કુર્આનના અર્થ તથા મતલબ શીખવા આપની પાસે (લોકો) આવતા, હદીષ પઢવાવાળા અહીંયાં આવતા, ફિક઼્હ શીખવાવાળા અહીંયા

આવતા, અને શેઅર તથા સુખનનો શોખ રાખવાવાળા પણ આપની મજલિસમાં હાજરી આપતા.

ઉબૈદુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉકબા કહે છે, મેં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી વધારે ન કોઈને હદીષમાં જોયો અને ન ખુલ્ફાએ ષલાષાના ફેંસલાઓને જાણવામાં, આપથી વધારે સારી સમજવાળો નજરમાં આવ્યો અને ન મજબૂત રાયવાળો, એક દિવસ ઈલ્મે ફિક્હના માટે મજલિસ લાગતી તો બીજા દિવસે ઈલ્મે તફસીરની મેહફિલ લાગતી. પછી એક દિવસ શેઅર તથા મગાઝી ઉપર તો બીજા દિવસે શેઅર તથા સુખન ઉપર વાતચીત કરતા. મેં હમેશાં એ જ જોયું કે જ્યારે પણ કોઈ સવાલ આપનાથી થતો તો તરત જ જવાબ આપતા અને જ્યારે પણ કોઈ આલિમને આપથી મળવું હોય તો આપ ખૂબ જ વિનમ્રતાથી મળતા.

હઝરત ઈબ્ને કૈસાન رضی اللہ عنہ મશહૂર તાબઈ ફર્માવે છે : મને લોકોએ કહ્યું કે તમે મોટા બુઝુર્ગ સહાબાને છોડીને આ છોકરાની મજલિસ પસંદ કરી રાખી છે ?! મેં કહ્યું, ૭૦ સહાબાને જોયા જ્યારે પણ કોઈ મામલામાં ફેંસલો કરતા તો ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના કૌલની તરફ પાછા ફરતા.

અબૂ વાઈલ કહે છે : એકવાર હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ એ આપને હજ્જના અમીર બનાવ્યા. આપે સૂરએ બક્રહ અથવા સૂરએ નૂરની તફસીર કરતાં મેદાને અરફાતમાં ખુત્બો (બયાન) આપ્યો. આ એવો ખુત્બો (બયાન) હતો કે રૂમી, તુર્કી અને યમની સાંભળી લેતા તો મુસલમાન થઈ જતા.

હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ પોતે ફર્માવે છે કે : એવું લાગે છે કે તફસીરના સમયે આલમે ગૈબને પાતળા પડદાઓમાં જોતા. (એટલે કે અસલ મક્સદને જાણી લેતા અને વિચારતો કરો કે ઉપર જે ખુત્બાવાળ ી રિવાયત છે કે આવા મુર્દા અને પથ્થર દિલ કાફિરો પણ મુસલમાન બની જાય એ ઈલ્મનો દરિયો તે સમયે બયાન કરતી વખતે કેવો જોશ મારતો હશે !

આ લખાણનો ખુલાસો એ છે કે આપની આખી જિંદગી ઈલ્મ શીખવામાં અને શીખવાડવાથી લાગેલી હતી. હઝરત અલી رضی اللہ عنہ ની તરફથી બસરાના ગવર્નરની હેસિયતથી થોડાક દિવસ આપે અમારતની વ્યસ્તતામાં વિતાવી, બાકી પૂરી જિંદગી ઈલ્મી ખિદમતમાં ગુજારી.

આપની તરફ અમુક સહાબાએ પણ રુજૂઅ કર્યો અને તાબઈનની તો એક ખૂબ મોટી જમાઅત હતી જેણે આપથી ઈલ્મનો ફૈઝ મેળવ્યો અને કુર્આન શરીફના અઘરા સ્થળોનો દર્સ લીધો.

હઝરત સઈદ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ કહે છે કે : હું કૂફાથી બૈતુલ્લાહ જવાની તૈયારી કરતો હતો કે એક યહૂદીએ મારી પાસે આવીને કહ્યું કે આપ તો ઈલ્મની તલબમાં લાગેલા રહો છો, એ તો બતાવો કે જ્યારે હઝરત શુઐબ علیہ السلام એ હઝરત મૂસા علیہ السلام ને પોતાને ત્યાં મદયન (શહેર)માં રાખ્યા અને મહેરની રીતે આઠ વર્ષ જરૂરી અને બાકી બે વર્ષ ઈખ્તિયારી (પસંદ હોય તો, રહેવું હોય તો)નો વાયદો લીધો તો હઝરત મૂસા علیہ السلام એ કઈ મુદત પૂરી કરી ? એટલે કે આઠ વર્ષમાં ચાલ્યા આવ્યા કે પૂરેપૂરાં દસ વર્ષ ? પછી કહે છે : મેં કહ્યું, મને આનું ઈલ્મ નથી. હું હિબ્રુલ ઉમ્મત એટલે કે ઈબ્ને અબ્બાસની પાસે જઈ રહ્યો છું પાછો આવીને જવાબ આપીશ. હું મક્કા મુકર્રમામાં આવ્યો, આપથી જાણ્યું તો આપે કહ્યું દસ વર્ષની મુદત પૂરી કરી, કે નબી જ્યારે વાયદો કરે છે તો પૂરો કરે છે (પછી તે ઈખ્તિયારી વાયદો ભલે હોય) ફર્માવે છે : હું કૂફા આવ્યો અને તે યહૂદીને તે જવાબ સંભળાવ્યો તો તે બોલ્યો, તેમણે (ઈબ્ને અબ્બાસે) સાચું કહ્યું. હઝરત મૂસા (علیہ السلام) ઉપર જે કિતાબ નાઝિલ થઈ તેમાં આ જ પ્રમાણે છે. ખુદાની કસમ ! આ શખ્સ આલિમ છે.આપના શાર્ગિદ હઝરત મુજાહિદ કહે છે કે જ્યારે આપ કોઈ આયતની તફસીર કરતા તો નૂર જ નૂર દેખાતું.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી

કુર્આનની તફસીરના સિલસિલામાં ખૂબ જ અધિક પ્રમાણમાં રિવાયતો નક્લ થયેલ છે, ત્યાં સુધી કે કોઈ આયત એવી નથી જેની તફસીરમાં આપનો કોઈ કૌલ નક્લ થયો ન હોય. *(જામેઉલ અહાદીષ, જિ. ૭, પેજ નં. ૭ થી ૧૩)*

અન્વારુલ આરિફીન કિતાબમાં આપના ઈલ્મની વિશાળતામાં એક ખૂબ જ સરસ રિવાયત આવેલ છે : અમીરુલ મોમિનીન હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضي الله عنه મોટા ભાગે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ને મસ્અલા પૂછયા કરતા કેમ કે હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ને હુઝૂર ﷺ ની દુઆ હતી કે હે અલ્લાહ ! અબ્દુલ્લાહ બિન અબ્બાસને કિતાબ અને હિકમત શીખવાડી દે અને અબ્દુલ્લાહ બિન અબ્બાસના સીનાને જાહેરી ઈલ્મ અને બાતિની ઈલ્મથી રોશન કરી દે. હુઝૂર ﷺ ની દુઆની બરકતથી હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما નો સીનો ઈલ્મ અને હિકમતથી ચમકી ઉઠયો હતો અને આપની ઈલ્મી જાણકારી ખૂબ જ વિશાળ હતી. એકવાર કોઈ ઈસાઈ બાદશાહે થોડાક સવાલો હઝરત ઉમર رضي الله عنه ની પાસે મોકલ્યા કે તે સવાલોના જવાબ આપે, અને તે એ સવાલો હતા કે આસ્માની કિતાબોમાંથી તે બધા સવાલોના જવાબ આપવામાં આવે.

**પહેલો સવાલ** : એક માના પેટમાંથી બે બાળ કો એક જ સમયે અને એક જ દિવસમાં પેદા થયા પછી એક જ દિવસે બંનેનો ઈન્તેકાલ થયો. જેમાંથી એક ભાઈની ઉમર ૧૦૦ વર્ષ મોટી હતી અને બીજા ભાઈની ઉમર ૧૦૦ વર્ષ નાની હતી તો તે બંને ભાઈ કોણ હતા ?

**બીજો સવાલ** : તે કઈ જમીન છે જ્યાં તે જ્યારથી પેદા કરવામાં આવી છે ત્યારથી ક્યામત સુધી એક જ વાર સૂરજ નીકળ્યો હતો અને પછી ન નીકળ્યો અને ક્યારેય નહીં નીકળે ?

**ત્રીજો સવાલ** : તે કઈ ક્બર છે જેનો મુર્દુ પણ જીવતુ અને ક્બર પણ જીવતી, અને ક્બર પોતાના મુર્દાને લઈને હરતી ફરતી હતી ત્યાર પછી તે મુર્દા વ્યક્તિ ક્બરમાંથી બહાર આવી અમુક સમય જીવતી તથા સલામત રહી.

**ચોથો સવાલ** : તે કયો કેદી છે જેને કેદખાનામાં (જેલમાં) અલ્લાહ તઆલાની તરફથી શ્વાસ લેવાની ઈજાઝત નથી, શ્વાસ લીધા વગર જીવતો રહે છે ?

હવે હઝરત ઉમર رضي الله عنه એ તે સવાલોને વાંચતાની સાથે જ હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ને કહ્યું કે હે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ! رضي الله عنهما તમે આ સવાલોના જવાબો લખી દો. તે જ સમયે આપે ક્લમ ઉપાડી નીચે મુજબ જવાબો લખ્યા.

**પહેલો જવાબ** : તે બંને ભાઈ જે એક જ દિવસે પેદા થયા અને એક જ દિવસે ઈન્તેકાલ પામ્યા અને પછી એક ભાઈ ૧૦૦ વર્ષ ઉમરમાં નાનો અને એક ભાઈ ૧૦૦ વર્ષ ઉમરમાં મોટો, તો તે બંને ભાઈ હઝરત અઝીઝ અને હઝરત ઉઝૈર (عليه السلام) છે કે એક જ દિવસે સાથે પેદા થયા અને તે બંનેનો વિસાલ પણ એક જ દિવસે થયો પણ વચમાં હઝરત ઉઝૈર عليه السلام ને અલ્લાહ તઆલાએ પોતાની કુદરતનો કમાલ દેખાડવાના માટે ૧૦૦ વર્ષ સુધી મુર્દા બનાવીને રાખ્યા. પછી ૧૦૦ વર્ષ પછી જીવતા કર્યા જેનું કુર્આન શરીફમાં ઝિક્ર છે. પછી ૧૦૦ વર્ષ પછી જીવતા થઈ પોતાના ઘરે ગયા અને થોડીક મુદ્દત સુધી જીવતા રહ્યા. તેના પછી આપની અને આપના ભાઈનો એક જ દિવસે વિસાલ થયો એટલા માટે હઝર ઉઝૈર عليه السلام ની ૧૦૦ વર્ષ ઉમર નાની છે. અને હઝરત અઝીઝ عليه السلام ની ૧૦૦ વર્ષ ઉમર મોટી છે.

**બીજો જવાબ** : તે જમીન કે જેની ઉપર આખી ઉમરમાં એક જ વાર સૂરજ નીકળ્યો હતો અને પછી નીકળ્યો નથી અને નીકળશે પણ નહીં. તે જમીન દરિયાએ નીલની નીચે (તળીયું, પાણીની નીચેની જમીન છે) છે કે જ્યાં વધુ પેજ નં. ૪૩....પર

# ખુલફાએ રાશિદીન અને ખૌફે ખુદા

રજૂકર્તા : **મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચણ** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ખુદા તઆલાના એ મક્બૂલ બંદાઓ જેમણે નબી કરીમ ﷺથી ઈમાનની હાલતમાં ફયઝ પ્રાપ્ત કર્યું એને "સહાબા" કહેવામાં આવે છે. સહાબાએ કિરામ આસ્માને રુશ્દો હિદાયતના એ ચમકતા તારાઓ છે જેમની ચમક ક્યામત સુધી ભટકેલા લોકોને ઈસ્લામ તરફ લઈ જવાનું કામ પૂરું પાડે છે, ઈશ્કે રસૂલ એમની ઘૂટ્ટી (ગળથુથી)માં હતું. આકા ﷺના હુકમ પર રાહે ખુદામાં પોતાની જાનોને કુર્બાન કરી દેવી એમના માટે ઘણી ખુશનસીબીની વાત હતી. નબી કરીમ ﷺની બેમિષાલ સોહબત તથા તર્બિયતે એમને એ દીની તથા દુનિયવી પ્રગતિ આપી કે જેનું દષ્ટાંત ઈતિહાસ રજૂ કરવાથી લાચાર છે. સહાબાએ કિરામ જેવી રીતે બાહ્ય અખ્લાકથી બીજી કૌમથી શ્રેષ્ઠતમ હતા તેવી જ રીતે એમનું બાતિન પણ રોશન તથા પાક હતું. એમનાં દિલો અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માંબરદારીના જઝબાથી ભરપૂર હતાં, ખુદાનો ખૌફ (ડર) એમની નસ નસમાં હતો. અલ્લાહ તઆલાની બારગાહમાં હાજરી અને હિસાબના ખૌફથી એમની આંખો આંસૂથી ભીની રહેતી અને દિલ ધ્રુજી ઉઠતું. ખરેખર એમની જિંદગી આપણા માટે પેરવીના પાત્ર છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, "મારા સહાબા તારાઓ સમાન છે, તમે એમનામાંથી જેની પણ પેરવી કરશો હિદાયત પામશો." *(મિશ્કાત શરીફ, પેજ : ૫૫૪)*

આજના પુરફિતન દૌરમાં આપણા માટે અધિક જરૂરી છે કે આપણે મુહમ્મદે અરબી ﷺના સહાબાએ કિરામની સીરતને સામે રાખીએ, એમના જીવનચરિત્રનું વાંચન કરીએ, એમના રાત દિવસોનો ચિંતિત મને અભ્યાસ કરીએ કે એમની જિંદગી કેટલી સફળ હતી. દરેક પ્રકારના ગુણો એમની શખ્સિયતમાં એકત્રિત હતા. એમનામાં કેટલાકના બારામાં નબી કરીમ ﷺએ દુનિયામાં જ જન્નતી હોવાની બશારત આપી દીધી હતી, જેના પર કુર્આની આયતો તથા હદીષો સાક્ષી છે, તેમ છતાંય પણ એમનાં દિલોમાં ખુદાનો ખૌફ એટલી હદે હતો કે અલ્લાહ તઆલાની બારગાહમાં હાજરીના તસવ્વુરથી એમના રુવાટાં ઊભાં થઈ જતાં, આંખોથી આંસૂ વહેવા લાગતાં, કુર્આન કરીમની તિલાવતના સમયે ખુદાના ખૌફથી કેટલાક સહાબા બેભાન થઈ જતા હતા ! હવે આપણે પોતાનો હિસાબ કરીએ કે આપણે કેટલા ગુનાહોમાં સપડાયેલ છીએ અને કેવી ગુનાહોભરી જિંદગી વિતાવી રહ્યા છીએ, કુર્આન તથા હદીષોના આદેશો ઉપર આપણુ પાલન કેટલુ કમજોર છે, નાશવંત દુનિયાને પ્રાપ્ત કરવા માટે આપણે કેટલા પ્રયત્નો કરી રહ્યા છીએ અને આખેરતની કાયમની નેઅમતોથી આપણે કેટલા ગાફેલ છીએ, આપણા દિલો પોતાના ખાલિક અલ્લાહ તઆલાના ખૌફથી કેટલાં ખાલી છે, આપણે કેટલા બેખૌફ તથા નીડર બની ગયા છીએ. કાશ ! આપણને પણ એ સમજ પ્રાપ્ત થઈ જાય કે ગુનાહોથી તૌબા કરી શરીઅતના સંપૂર્ણપણે પાબંદ થઈ જઈએ અને અલ્લાહનો ખૌફ આપણામાં પેદા થઈ જાય તો કામયાબી જ કામયાબી છે.

અહીંયાં આપણે ખુલ્ફાએ રાશિદીનના જીવનચરિત્રમાંથી એમના "ખૌફે ખુદા" વિશે ચર્ચા કરીએ. કેમ કે ખશિયતે ઈલાહી (ખુદાનો ખૌફ)એ

સર્વ નેક કામોની બુનિયાદ છે. જેમાં અલ્લાહનો ખૌફ જેટલો વધારે હશે એની જિંદગીની પુસ્તકનાં પાનાંઓ એટલાં જ સાફ અને રોશન હશે.

## ★ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ અને ખૌફે ખુદા ★

હઝરત અબૂબક્ર رضی اللہ عنہનો મર્તબો ઘણો બુલંદ છે, આપ જમાનએ જાહિલિયત તથા ઈસ્લામ બંનેવમાં શિર્ક તથા મૂર્તિપૂજાથી દૂર રહ્યા, સૌથી પહેલાં યુવાનોમાં આપે ઈસ્લામ સ્વીકાર્યો. આપ નબી કરીમ ﷺના હિજરત તથા ગારના સાથી છે. મેઅરાજથી પરત થતાં સૌથી પહેલાં હુઝૂર ﷺની આપે સમર્થન કર્યું હતું. આપ શમ્એ રિસાલતના એ પરવાના છે કે સૌથી પહેલાં આપ નબીના ખલીફા થયા. આપ ઈન્સાનોમાં અંબિયાએ કિરામ પછી સૌથી અફઝલ છે. હુઝૂર ﷺએ આપને દુનિયામાં જ જન્નતની બશારત આપી હતી.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ આવ્યા અને મારો હાથ પકડી જન્નતના દરવાજાઓને દેખાડયા, જેનાથી મારી ઉમ્મત જન્નતમાં જશે. હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ કહ્યું, હે અલ્લાહના રસૂલ ! ﷺ મારી ઈચ્છા હતી કે હું પણ આપ ﷺની સાથે જન્નતના દરવાજાઓને જોઉં. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "હે અબૂબક્ર ! તમે એ વ્યક્તિ છો કે મારી ઉમ્મતમાં સૌથી પહેલાં જન્નતમાં પ્રવેશ કરશો." *(મિશ્કાત શરીફ, પેજ : ૬૬૫)*

આ ફઝીલતો તથા વિશિષ્ટતાઓ હોવા છતાંય અલ્લાહનો ખૌફ એમના દિલમાં ભરપૂર હતો, જેનો અંદાજો આપના કથનો, અખ્લાક્ તથા કિરદારથી લગાડી શકાય છે. રિવાયત છે કે હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ એક વખત બગીચામાં પ્રવેશ્યા અને વૃક્ષના છાંયડામાં એક પક્ષીને જોયું તો આપે એક ઠંડો શ્વાસ લઈને કહ્યું, હે પક્ષી ! તું કેટલું ખુશનસીબ છે કે એક વૃક્ષથી ખાય છે અને બીજાની નીચે બેસી આરામ કરે છે, પછી તું વિના હિસાબ કિતાબે પોતાના ઠેકાણે પહોંચી જઈશ. હે કાશ ! અબૂબક્ર ! પણ તારી સમાન હોત. *(શોઅબુલ ઈમાન, ભાગ–૧૦, પેજ : ૪૮૫)*

હઝરત સૈયદ્દના અબૂ આસિમ અસમઈ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની પ્રશંસા કરવામાં આવી તો અલ્લાહની બારગાહમાં દરખાસ્ત કરતાં કહેતા, હે ઈલાહલ આલમીન ! તું મારી જાતને મારા કરતાં વધુ જાણવાવાળો છે અને હું મારી જાતને એ લોકોથી ઘણી સારી રીતે જાણુ છું. ઈલાહલ આલમીન ! મને એ લોકોથી સારો બનાવી દે અને મારા એ સર્વ ગુનાહોને માફ કરી દે, જેમના વિશે એમને ખબર નથી અને મારા વિશે જે કાંઈ એ કહે છે એના પર મારી પકડ ન કર. *(કન્ઝુલ ઉમ્માલ, પેજ–૧૭૭, ભાગ : ૧૪)*

હઝરત સૈયદના અબૂ ઈમ્રાન જૂની رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ કહ્યું, કાશ ! હું નેક મો'મિનના બાવડાનો વાળ હોત. *(જમઉલ જવામિઅ, ભાગ : ૧૧, પેજ : ૪૧)*

હઝરત સૈયદના ક્તાદા رضی اللہ عنہથી રિવાયત છે કે એક વખત હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ આ પ્રમાણે ફર્માવ્યું, કાશ ! હું હરીયાળી હોત જેને જાનવર ખાઈ જતા. (હવાલો ઉપર મુજબ) હઝરત સૈયદના ષાબિત બુનાનીથી મરવી છે કે હઝરત સૈયદના અબૂબક્ર رضی اللہ عنہ આ શેર (પંક્તિ) નસીહત રૂપે પઢયા કરતા હતા :–

અર્થાત : "હે ગાફેલ નવયુવાન ! તું પોતાના દોસ્તોના મૃત્યુની ખબર તો આપતો રહે છે, શું કદીક તેં વિચાર્યું કે એક દિવસ તું પણ એમની જેમ વિના પ્રાણનો બની જઈશ, કેમ કે ઘણીવાર કોઈ નવયુવાન ઉમ્મીદો પૂરી થતા પહેલાં જ આખિરતના સફર પર રવાના થઈ જાય છે." *(તારીખુલ ખુલફા, પેજ : ૮૨)*

ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہએ અઝ્ઝોહદ કિતાબમાં હઝરત મુજાહિદથી રિવાયત કરી છે કે જ્યારે હઝરત ઈબ્નુઝ્ઝુબૈર નમાઝ માટે ઊભા થતા હતા ત્યારે ખુશૂઅ તથા ખુઝૂઅના કારણે લાકડીની જેમ થોભી જતા, એમનું આ કથન છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની પણ આ જ હાલત થઈ જતી હતી. *(હવાલો : ઉપર મુજબ)*

હઝરત મુઝમિરહ બિન હબીબ رضی اللہ عنہથી રિવાયત છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہના પુત્રના મૃત્યુનો સમય નિકટ આવ્યો તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના પુત્રએ વારંવાર મસ્નદ તરફ જોયું. પુત્રના વિસાલ પછી લોકોએ અબૂબક્ર સિદ્દીક્થી આ વિશે પૂછયું કે તમારા પુત્ર વિસાલ વખતે મસ્નદ તરફ વારંવાર કેમ જોતા હતા ?! અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ આ સાંભળી મસ્નદ ઉઠાવી તો એની નીચેથી પાંચ અથવા છ દીનાર મળ્યા. આપે દીનાર જોઈ અફસોસની સાથે હાથ મારી اِنَّا لِلّٰہِ وَ اِنَّآ اِلَیۡہِ رَاجِعُوۡنَ પઢયું અને કહ્યું, હે પુત્ર ! મને ગુમાન ન હતું કે તારો દુશ્મન આ રીતે તારી સાથે રહેતો હતો ! *(હવાલો : તારીખુલ ખુલફા)*

હઝરત સૈયદના ઝૈદ બિન અરકમ رضی اللہ عنہ ફર્માવે છે કે એક વખત અમે હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہની બારગાહમાં બેઠા હતા, મધ અને પાણી લાવવામાં આવ્યું, જ્યારે આ બંનેવ ચીજો આપના નજદીક કરવામાં આવી તો ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા ત્યાં સુધી કે બધા સહાબાએ કિરામ પણ રડવા લાગ્યા. સહાબાએ કિરામ રડતા રડતા ચૂપ થઈ ગયા પણ આપ રડતા જ રહ્યા. સહાબાએ કિરામ આપને જોઈ ફરી રડવા લાગ્યા ત્યાં સુધી કે સહાબાએ કિરામને જાણ ન થઈ શકી કે શું વસ્તુ છે ? પણ જ્યારે અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ પોતાની આંખો સાફ કરી તો સહાબાએ કિરામે પૂછયું, હે અલ્લાહના રસૂલના ખલીફા ! આપને કઈ વસ્તુએ રડાવ્યા ? ફર્માવ્યું, એક વખત હું નબી કરીમ ﷺની ખિદમતમાં બેઠો હતો. અચાનક મેં જોયું કે આપ પોતાની પાસેથી કોઈ વસ્તુ હટાવી રહ્યા છે, જો કે એ સમયે મને કોઈ વસ્તુ દેખાતી ન હતી. મેં કહ્યું, હે અલ્લાહના રસૂલ ! ﷺ આપ કઈ વસ્તુને હટાવી રહ્યા છો ? નબી કરીમ ﷺએ ફર્માવ્યું, દુનિયાએ મારો ઈરાદો કર્યો હતો, મેં એનાથી કહ્યું, હટી જા અને દૂર થઈ જા ! તો એણે કહ્યું, આપે તો પોતાને મારાથી બચાવી લીધા પણ આપના પછી આવનાર લોકો મારાથી નહીં બચી શકે ! *(હિલયતુલ ઔલિયા, ભાગ : ૧, પેજ : ૬૩)*

હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہથી રિવાયત છે કે હું નબી કરીમ ﷺની બારગાહમાં હાજર હતો, કુર્આન કરીમની આ આયતે કરીમા જ્યારે નાઝિલ થઈ :–

مَنۡ یَّعۡمَلۡ سُوۡٓءًا یُّجۡزَ بِہٖ ۙ وَ لَا یَجِدۡ لَہٗ مِنۡ دُوۡنِ اللّٰہِ وَلِیًّا وَّ لَا نَصِیۡرًا

"જે બુરાઈ કરશે એનો બદલો પામશે અને અલ્લાહના સિવાય કોઈ હિમાયતી જોશે ન મદદગાર." *(સૂરએ નિસાઅ, પારા : ૪, આ : ૧૨૩)*

તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! શું હું તમને એ આયત ન સંભળાવું જે મારા પર હમણા નાઝિલ થઈ હતી. મેં કહ્યું, કેમ નહીં યા રસૂલલ્લાહ ?! ﷺ તો આપ ﷺએ આ આયતે મુબારકા તિલાવત ફર્માવી, જ્યારે આ આયતે કરીમા સાંભળી તો અલ્લાહના ખૌફથી મને એવું લાગ્યું કે મારી કમરનું હાડકુ તૂટી જશે, મેં દર્દના કારણે કમર સીધી કરી તો હુઝૂરે ફર્માવ્યું, હે અબૂબક્ર ! ગભરાશો નહીં, તમે અને તમારા મો'મિન દોસ્તોને આનો બદલો દુનિયામાં જ આપવામાં આવશે ત્યાં સુધી કે તમે અલ્લાહ તબારક વ તઆલાથી એવી હાલતમાં મુલાકાત કરશો કે તમારા પર કોઈ ગુનોહ નહીં હોય, પણ બીજા લોકોના ગુનાહ એકત્રિત થતા રહેશે ત્યાં સુધી કે એમને કયામતના દિવસે એનો બદલો આપવામાં આવશે. *(તિર્મિઝી શરીફ, ભાગ : ૨, પેજ : ૧૨૯)*

## ★ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ અને ખૌફે ખુદા ★

હઝરત સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہએ જલીલુલ કદ્ર સહાબી છે, જેમના ઈસ્લામ સ્વીકારવાથી ઈસ્લામને ઘણી મદદ મળી. આપ નબી કરીમ ﷺના બીજા ખલીફા છે, અશ્રાએ મુબશ્શરામાંથી છે. ઘણી કુર્આની આયતો આપના મંતવ્ય મુજબ નાઝિલ થઈ. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, જો મારા પછી કોઈ નબી હોત તો ઉમર બિન ખત્તાબ હોત. *(તિર્મિઝી શરીફ, ભાગ : ૨, પેજ : ૧૦૯)* વધુ નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જિન્નાતો તથા ઈન્સાનોના શયતાનને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہથી ભાગતો જોઉં છું." *(તિર્મિઝી શરીફ, ભાગ : ૨, પેજ : ૨૧૦)*

આટલી બુલંદ શાનના માલિક હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ખૌફે ખુદાની એ હાલત હતી કે કુર્આનની તિલાવતના સમયે એમની આંખોએથી આંસૂં વહેવા લાગતાં હતાં, અને કોઈકવાર તો બેભાન થઈ જમીન પર પડી જતા, લોકો એમની ઈયાદત માટે ઘરે હાજર થતા હતા. એક રિવાયતમાં છે કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ જ્યારે કુર્આન શરીફની કોઈ આયત સાંભળતા તો ખૌફે ખુદાથી બેભાન થઈ પડી જતા અને કેટલાયે દિવસો સુધી એમની ઈયાદત કરવામાં આવતી. *(હિલયતુલ અવલિયા, ભાગ : ૧, પેજ : ૮૮)*

એક દિવસે આપે જમીનથી એક તણખલુ ઉઠાવ્યું અને અને કહ્યું, કાશ ! હું આ તણખલુ હોતો, કાશ ! મારું ઝિક્ર ન થતું, કાશ ! મને ભૂલાવી દીધો હોત, કાશ ! મારી મા મને જન્મ ન આપતી. *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ : ૪, પેજ : ૧૮૦)*

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہના ચહેરા પર આંસૂઓના વહેણથી બે કાળી લકીરો હતી. *(ઈહયાઉલ ઉલૂમ, ભોગ : ૪, પેજ : ૧૮૦)*

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે. એ ફર્માવે છે કે હું હઝરત ઉમર ફારૂકના રડવાનો અવાજ ત્રણ સફોની પાછળથી સાંભળી લેતો હતો. *(હિલયતુલ ઔલિયા, ભાગ : ૧, પેજ : ૮૮)*

હઝરત અબ્દુલ્લાહ બિન શદ્દાદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું નમાઝમાં અંતિમ સફમાં હોવા છતાંય હઝરત ઉમર આ આયતે કરીમા : اِنَّمَا اَشْكُوْ بَثِّیْ وَ حُزْنِیْ اِلَی اللّٰهِ "હું તો પોતાની પરેશાની અને ગમની ફરિયાદ અલ્લાહથી જ કરું છું." (સૂરએ યૂસુફ) પઢી એટલા રડતા કે હું એમના રડવાની અવાઝ સાંભળતો હતો. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૯૯)*

હઝરત સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ "સૂરએ તકવીર" اِذَا الشَّمْسُ كُوِّرَتْ તિલાવત કરી પણ જ્યારે આ આયતે મુબારક પર وَاِذَا الصُّحُفُ نُشِرَتْ "અને જ્યારે નામએ આમાલ ખોલવામાં આવશે" સુધી પહોંચ્યા તો બેભાન થઈ પડી ગયા." *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ : ૪, પેજ : ૧૮૦)*

એક દિવસ આપ رضی اللہ عنہ એક આદમીના ઘર પાસેથી પસાર થયા. એ નમાઝમાં સૂરએ તૂર પઢી રહ્યો હતો. આપ ઉભા રહી સાંભળતા રહ્યા. જ્યારે એ આ આયત પર પહોંચ્યો :–

اِنَّ عَذَابَ رَبِّكَ لَوَاقِعٌ مَّالَهٗ مِنْ دَافِعٍ "બેશક ! તારા રબનો અઝાબ જરૂર થવાનો છે એને કોઈ રોકવાવાળુ નથી." તો ઉમર ફારૂક પોતાની સવારી પરથી ઉતર્યા અને દીવાલથી ટેક લગાડી લાંબા સમય સુધી ઉભા રહ્યા. પછી ઘરે પરત ફર્યા તો એક મહિના સુધી બીમાર રહ્યા, લોકો આપની ઈયાદત કરતા પણ ખબર ન પડતી કે બીમારી શું છે ? *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ–૪, પેજ–૧૮૦)*

આપ رضی اللہ عنہએ ફર્માવ્યું, જો અવાજ દેવામાં આવે કે એક વ્યક્તિ સિવાય બધા જહન્નમમાં ચાલ્યા જાય તો મને ઉમ્મીદ છે કે એ જહન્નમમાં જવાવાળો વ્યક્તિ હું હશે. અને જો એલાન કરવામાં આવે કે એક

આદમીના સિવાય બધા જન્નતમાં દાખિલ થશે તો મને ખૌફ છે કે ક્યાંક હું જન્નતથી મેહરૂમ વ્યક્તિ ન હોઉં. *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ-૪, પેજ-૧૬૨)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہનું બયાન છે કે હું હઝરત ઉમર સાથે બહાર નીકળ્યો, ત્યાં સુધી કે એ ચાલતા ચાલતા એક બાગમાં દાખલ થયા તો મેં એમને કહેતાં સાંભળ્યા જ્યારે કે મારા અને એમના વચ્ચે કોઈ દીવાલ આડ ન હતી અને હઝરત ઉમર બાગના વચ્ચે હતા, હે ખત્તાબના બેટા ઉમર ! અમીરુલ મોમિનીન ! ખુદાની કસમ ! અલ્લાહથી ડરવું જોઈએ નહીં તો એ જરૂર તમોને અઝાબ આપશે. *(મુઅત્તા ઈમામ માલિક (મુતર્જિમ), પેજ-૮૨૩)*

મૌતથી થોડા સમય પહેલાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہથી કહ્યું, હે અમીરુલ મોમિનીન ! આપનાથી અલ્લાહ તઆલાએ દેશનો વિકાસ કર્યો, મોટા મોટા શહેરો આબાદ થયાં અને આ શું ? પેલુ શું ? આપે કહ્યું, "હું ચાહુ છું કે મારી નજાત થઈ જાય ન મને બદલો મળ ન ગુનાહનો ભાર મારા ઉપર નાંખવામાં આવે. *(હિલયતુલ ઔલિયા, ભાગ-૧, પેજ-૮૯)*

વિચારો ! હઝરત ઉમર رضی اللہ عنہને કેટલો ખુદાનો ખૌફ હતો કે અગણિત નેઅમતો તથા ઉચ્ચતાઓ હોવા છતાંય એ ડરથી ધ્રુજી રહ્યા છે કે ક્યાંક મારા પર ગુનાહોનો ભાર ન નાંખવામાં આવે અને બધી નેકીઓ બર્બાદ થઈ જાય ! હઝરત સાલિમ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ઊંટના ઝખ્મને સાફ કરતા જતા અને કહેતા હતા કે મને ડર છે કે ક્યાંક કયામતના દિવસે મને આ ઝખ્મના બારામાં પૂછવામાં ન આવે. *(તારીખુલ ખુલ્ફા, પેજ-૧૧૦)*

ખરેખર અમીરુલ મોમિનીન હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہનું દિલ ખૌફે ખુદાથી ભરપૂર હતું જેના પર ઉપર વર્ણન કરેલ રિવાયતો સાક્ષી છે. આપની ખુદાના ખૌફ સંબંધી રિવાયતોથી કિતાબો માલામાલ છે જેને અમે વિલંબના કારણે રજૂ નથી કરતાં, અકલમંદ માટે આટલી જ રિવાયતો કાફી છે.

### ★ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ અને ખૌફે ખુદા ★

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નબી કરીમ ﷺના ઘણા મહબૂબ ખલીફા હતા આપના નિકાહમાં ક્રમશઃ હુઝૂરે અકરમ ﷺની બે પુત્રીઓ હતી એટલા માટે આપને 'ઝુન્નૂરૈન'ના લકબથી યાદ કરવામાં આવે છે. આપ કુર્આન શરીફને એકત્રિત કરવાવાળા અને 'અશરએ મુબશ્શરા'માંથી છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે. આપ ﷺ અન્સારના એક બગીચામાં તશરીફ લઈ ગયા, હાજત પૂરી ફર્માવી અને પછી મને કહ્યું હે અબૂ મૂસા ! દરવાજા પર રહો, મારી પાસે વિના ઈજાઝતે કોઈ ન આવે. ત્યાર પછી એક વ્યક્તિ આવ્યો અને દરવાજો ખખડાવ્યો, મેં પૂછયું કોણ ? જવાબ મળ્યો "હું અબૂબકર છું" મેં (અબૂ મૂસાએ) આકા ﷺની બારગાહમાં કહ્યું, હે અલ્લાહના રસૂલ ! અબૂબકર અંદર આવવાની ઈજાઝત માંગે છે ! આપ ﷺએ ફર્માવ્યું, એમને અંદર આવવાની ઈજાઝત આપો અને જન્નતની બશારત પણ આપી દો. જેથી એ અંદર દાખલ થયા. પછી ફરી બીજી વ્યક્તિએ આવીને દરવાજો ખખડાવ્યો. મેં (અબૂ મૂસાએ) પૂછયું, કોણ ? આવનાર વ્યક્તિએ કહ્યું, "હું ઉમર છું." અબૂ મૂસા કહે છે મેં નબીની બારગાહમાં અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ! હઝરત ઉમર અંદર આવવાની ઈજાઝત માંગે છે. આપ ﷺએ ફર્માવ્યું, એમના માટે દરવાજો ખોલી દો અને જન્નતની ખુશખબરી આપી દો. અબૂ મૂસા કહે છે, મેં દરવાજો ખોલ્યો અને એમને જન્નતની ખુશખબરી આપી. એ અંદર પધાર્યા. ફરી એક વધુ વ્યક્તિ આવ્યો અને એણે દરવાજો ખખડાવ્યો. મેં પૂછયું, કોણ ? આવનાર વ્યક્તિએ કહ્યું, "હું ઉષ્માન છું." મેં (અબૂ મૂસાએ) કહ્યું, હે અલ્લાહ રસૂલ ! હઝરત ઉષ્માન ઈજાઝત માંગે છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું, એમના માટે દરવાજો ખોલી દો અને એમને પણ જન્નતની બશારત આપી દો. *(તિર્મિઝી શરીફ, ભાગ-૨, પેજ-૨૧૨)*

વાંચકો ! અમીરુલ મોમિનીન જામિઉલ કુર્આન હઝરત સૈયદુના ઉષ્માન ગની رضی اللہ عنہ હુઝૂર તાજદારે કાયનાત ﷺના એ ખુશનસીબ સહાબાઓમાંથી છે જેમને હુઝૂરે જન્નતની બશારત આપી હતી તેમ છતાંય પોતાના ખાલિક અલ્લાહ તઆલાનો ડર એમના દિલમાં એટલો હતો કે અલ્લાહની બારગાહમાં હાજરીના ખૌફથી ધ્રુજી ઉઠતા અને રડતા રડતા આપની દાઢી મુબારક ભીની થઈ જતી. જેમ કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ કોઈ કબ્ર પાસે ઉભા રહેતા તો એટલા રડતા કે આપની દાઢી આંસૂઓથી ભીની થઈ જતી. આપને પૂછવામાં આવ્યું કે આપ જન્નત દોઝખની ચર્ચા પર એટલા નથી રડતા જેટલા કે કબ્ર પર રડો છો ! તો આપે ફર્માવ્યું, મેં નબી કરીમ ﷺથી સાંભળ્યું છે કે કબ્ર આખિરતની મંઝિલોમાંથી સૌથી પહેલી મંઝિલ છે, જો એનાથી નજાત મળી ગઈ તો પછીનો મામલો એનાથી સરળ હશે, અને જો કબ્રથી નજાત ન મળી તો પછીનો મામલો ઘણો કડક છે ! પછી ઉષ્માન ગની رضی اللہ عنہએ કહ્યું, નબી કરીમ ﷺનો ઈર્શાદ છે, મેં કબ્રથી વધુ ભયંકર મંઝર નથી જોયો. *(તિર્મિઝી, ભાગ–૨, પેજ–૫૫)*

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ ખૌફે ઈલાહીના કારણે કહ્યું, મારી ઈચ્છા છે કે મને વફાત પછી ન ઉઠાવવામાં આવે. *(ઈહયાઉલ ઉલૂમ, ભાગ–૪, પેજ–૧૮૦)*

આ જ રીતે એક વખત હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ કહ્યું, જો મને જન્નત અને જહન્નમના દરમ્યાન લાવવામાં આવે અને એ ખબર ન હોય કે મને બંનેવમાંથી શામાં નાખવામાં આવશે તો હું ત્યાં જ ધૂળ બની જવાનું પસંદ કરીશ. *(હિલયતુલ ઔલિયા, ભાગ–૧, પેજ–૯૯)*

### ★ હઝરત અલી શેરે ખુદા અને ખૌફે ખુદા ★

આપ બાળકોમાં સૌ પ્રથમ ઈસ્લામ કબૂલ કરનાર છે. હિજરતની રાત્રે નબી કરીમ ﷺના બિસ્તર મુબારક પર સૂવાવાળા, ફાતેહે ખૈબર, શેરે ખુદા હઝરત અલી رضی اللہ عنہ છે.

તિબ્રાનીએ હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاથી રિવાયત કરી છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જેણે અલીને મેહબૂબ રાખ્યા એણે મને મેહબૂબ રાખ્યો અને જેણે મને મેહબૂબ રાખ્યો એણે અલ્લાહને મેહબૂબ રાખ્યો. અને જેણે અલીથી દુશ્મની રાખી તો એણે મારાથી દુશ્મની રાખી અને જેણે મારાથી દુશ્મની રાખી એણે અલ્લાહથી દુશ્મની રાખી. *(તારીખુલ ખુલ્ફા, પેજ–૧૩૭)*

હવે અહિંયાં આપના ખૌફે ખુદા વિશે અમુક રિવાયતો રજૂ કરવામાં આવે છે : હઝરત સૈયદુના ઝર્રાર કિનાની رضی اللہ عنہ કહે છે કે હું ખુદાને ગવાહ બનાવી કહું છું કે મેં હઝરત અલી رضی اللہ عنہને ઘણી વાર એ સમયે જોયા જ્યારે કે રાત અંધકારમય અને તારાઓ ઝગમગ થઈ રહ્યા હતા અને આપ رضی اللہ عنہ મેહરાબમાં ધ્રુજતા ધ્રુજતા પોતાની દાઢી મુબારક પકડી બેચૈન અવસ્થામાં બેઠા હતા જેમ કે ઝેરીલા સાપે ડંખ માર્યો હોય. આપ દુઃખિયારાઓની જેમ રડતા અને વિના ઈરાદે હે મારા રબ ! હે મારા રબ ! બોલતા અને ત્યાર પછી દુનિયાને સંબોધન કરી કહેતા, તું મને ધોકો આપવા આવી છે ! કોઈ બીજાને ધોકો આપજે ! હું તને ત્રણ તલાક આપી ચૂકયો છું ! તારી ઉમર ઓછી અને તારી મેહફિલ તુચ્છ છે જ્યારે કે તારી મુસીબતો વેઠવી સરળ છે. સો વખત અફસોસ ! સફરનો સામાન ઓછો અને સફર લાંબો છે જ્યારે કે રસ્તો ભયંકર છે. *(હિલયતુલ ઔલિયા, ભાગ–૧, પેજ–૮૫)*

હઝરત સૈયદુના અલી મુર્તઝા رضی اللہ عنہએ એક વખત ફજરની નમાઝ પઢાવી, એ સમયે આપ ઉદાસ હતા અને પોતાનો હાથ ઉલટ પુલટ કરી રહ્યા હતા. પછી કહેવા લાગ્યા કે મેં નબી કરીમ ﷺના સહાબાને જોયા છે પણ આજે એમની જેમ કોઈ દેખાતુ નથી. એમની સવાર એ સ્થિતિમાં થતી કેવાળ વિખરેલા, રંગ પીળો અને ચહેરા ઉપર ધૂળ હોતી, એમની રાતો અલ્લાહ તઆલાની બારગાહમાં કયામ

અને સજદાઓમાં પસાર થતી. એઓ કુર્આન શરીફની તિલાવત કરતા, પોતાના કપાળ અને પગ ઉપર ભાર આપતા, સવાર થઈ જતી તો અલ્લાહ તઆલાનું ઝિક્ર કરતાં એવી રીતે ધ્રુજતા જેવી રીતે કે હવાથી વૃક્ષનાં પાંદડાંઓ હાલે છે અને એમની આંખોથી આંસૂ એટલાં વહેતાં કે એમનાં કપડાં ભીનાં થઈ જતાં. પછી કહેવા લાગ્યા, અલ્લાહની ક઼સમ ! "હું એ ક઼ૌમ સાથે છું જે ગફલતમાં રાત વિતાવે છે." આ વાક્ય કહી આપ رضی اللہ عنہ ઉભા થઈ ગયા, ત્યાર પછી કોઈએ આપને હસતા ન જોયા ત્યાં સુધી કે ઈબ્ને મુલ્જીમે આપને શહીદ કરી દીધા. *(ઈહ્યાઉલ ઉલૂમ, ભાગ–૪, પેજ–૧૮૦, ૧૮૧)*

હઝરત અલી رضی اللہ عنہએ પોતાના પુત્રને કહ્યું, હે બેટા ! અલ્લાહ તઆલાથી એવો ખૌફ રાખો કે તમને ગુમાન થવા લાગે કે જો સર્વ જમીનવાળાઓની નેકીઓ એની બારગાહમાં પેશ કરવામાં આવે તો ક઼બૂલ ન કરે, અને અલ્લાહ તઆલાથી એવી ઉમ્મીદ રાખો કે જો સર્વ જમીનવાળાઓની બુરાઈઓ લઈ એની બારગાહમાં જાવ તો પણ એ બખ્શી આપશે. *(ઈહ્યાઉલ ઉલૂમ, ભાગ–૪, પેજ–૧૬૨)*

વાંચકો ! ખુલ્ફાએ રાશિદીનની ખુદાના ખૌફની રિવાયતોમાં આપણા માટે હજારો ઈબરત તથા નસીહતનાં મોતી છે, આપણે જે હાલતમાં પણ પોતાની જિંદગીની પળો વિતાવીએ પણ ખુદાનો ખૌફ દિલમાં જરૂર રાખીએ અને દરેક ક઼દમ શરીઅત મુજબ ઉઠાવીએ અને ઈસ્લામના ક઼ાનૂનોથી વાળ બરાબર પણ મોઢુ ન ફેરવીએ, કેમ કે એમાં આપણી કામયાબી છે.

અલ્લાહ તઆલા આપણા દિલોમાં એનો ખૌફ દાખલ કરે અને નેક અમલ કરવાની તૌફીક઼ આપે. (આમીન) *(અશરફિયા મહાનામા, મે–૨૦૧૩)*

પેજ નં. ૩૯ નું ચાલુ...

ફિરઔન ડૂબી ગયો હતો અને હઝરત મૂસા علیہ السلام ક઼ૌમે બની ઈસ્રાઈલની સાથે પાર થઈ ગયા હતા. અને હઝરત મૂસા علیہ السلامનો મોજિઝો છે કે દરિયો સૂકાઈ ગયો (એટલે કે દરિયો ફાટી ગયો અને વચ્ચે રસ્તો બની ગયો) હતો અને દરિયાના તળીયાને સૂરજે અલ્લાહ તઆલાના હુકમથી ખૂબ જ જલ્દી સૂકાવી દીધુ તો હઝરત મૂસા علیہ السلام ક઼ૌમે બની ઈસ્રાઈલની સાથે પાર ઉતરી ગયા અને ફિરઔન ડૂબી ગયો. તે જમીન ઉપર આખી ઉમરમાં કેવળ એક જ વાર સૂરજ નીકળ્યો અને હવે પછી ક્યારેય નહીં નીકળે. (એટલે કે સૂરજનો પ્રકાશ નહીં પડે)

**ત્રીજો જવાબ** : તે ક઼બર જેનો મુર્દા પણ જીવતો અને ક઼બર પણ જીવતી અને ક઼બર પોતાના મુર્દાને લઈ આમતેમ હરતી ફરતી હતી. તો તે હઝરત યૂનુસ علیہ السلامની માછલી છે કે માછલી પણ જીવતી અને યૂનુસ علیہ السلام પણ જીવતા અને માછલી આપને લઈને દરિયામાં આમ તેમ હરતી ફરતી હતી પછી માછલીના પેટમાંથી આપ બહાર નીકળીને એક અરસા સુધી જીવતા સલામત રહ્યા પછી વિસાલ પામ્યા.

**ચોથો જવાબ** : તે કેદી કેદખાનામાં શ્વાસ નથી લેતો તે બાળક છે જે પોતાની માના પેટમાં કેદ છે અને શ્વાસ લીધા વગર જીવતો રહે છે.

આ જવાબો હઝરત ઉમર رضی اللہ عنہએ લખાવીને તે ઈસાઈ બાદશાહની પાસે મોકલી આપ્યા. તે ઈસાઈ બાદશાહ આ જવાબો જોઈને બોલ્યો કે કદાચ મુસલમાનોમાં હજી પણ કોઈ નબી જીવતા છે. કેમ કે આ જવાબો નબી સિવાય બીજુ કોઈ પણ કહી શકતું નથી. *(અન્વારુલ આરિફીન, પેજ–૧૫૯ થી ૧૬૨)*

**સમજૂતી** : સુબ્હાનલ્લાહ ! અલ્લાહના પ્યારા હબીબ ﷺના પ્યારા સહાબી અને ગુલામના ઈલ્મનો આ આલમ છે તો આક઼ા ﷺના ઈલ્મનો શું આલમ હશે ? વિચારો અને તે લોકો જે હુઝૂર ﷺના ઈલ્મે ગૈબનો ઈન્કાર કરે છે તેમને આ રિવાયતથી સમજવું જોઈએ અને જો ન સમજે તો સમજો કે તેની બુદ્ધિ સડી ગઈ છે. *(ક્રમશઃ)*

મુસ્લિમોના વર્તમાન હાલત પર એક નઝર

# વિશ્વમાં ૬૦ લાખ મુસ્લિમોની ઈદ શરણાર્થી કેમ્પોમાં !

(કાર્યાલય)

દુનિયાના બાર દેશોમાં વસનારા મુસલમાનોએ ઈદની ખુશીઓનુ સ્વાગત રંજો ગમના ગાઢ પડછાયાઓમાં કરી. વિવિધ દેશોમાં સાઈઠ લાખ મુસલમાન શરણાર્થી વસ્તીઓ તથા અસર ગ્રસ્તોના કેમ્પોમાં ઈદ મનાવી. બર્મા તથા સીરિયાના મુસલમાન ઈદની ખુશીઓથી મેહરૂમ રહ્યા છે. જ્યારે સઊદી અરબ તથા મિસ્ર સહિત ખાડી પ્રદેશોમાં ઈદની ખુશીઓ બમણી જોવા મળી. નવ ઈસ્લામી અને ચાર ગૈર ઈસ્લામી દેશોના બહુમતિ વિસ્તારોમાં ઈદની ખુશીઓ ઝાંખી પડી ગઈ.

મધ્યપૂર્વ, આફ્રિકા, એશિયા તથા યૂરોપમાં આવેલ બાર દેશોમાં ગયા વરસની સરખામણીમાં ઈદની રોનકો આ વર્ષે ઘણી ઓછી જોવા મળી. *અરબી વેબસાઈટ સ્કાય ન્યૂઝ*ની રિપોર્ટ મુજબ આઠ ઈસ્લામી અને ચાર ગૈર ઈસ્લામી દેશોના મુસલમાનોએ આ વર્ષે ઉગ્રવાદ, આપસી અથડામણો, ક઼ૌમી તોફાનો, પક્ષપાતભર્યા વ્યવહાર, સ્થળાંતર, અશાંતિ, કટ્ટરવાદી સંગઠનો તથા ગવર્નમેન્ટ થકી પાબંદીઓ તથા જુલ્મોનો સામનો કરવો પડયો છે.

ઈસ્લામી દેશોમાં સીરિયા, સૂડાન, પેલેસ્ટાઈન, સુમાલિયા તથા નાઈજીર્યા અગ્ર ક્રમે છે. જ્યારે કે ગૈર ઈસ્લામી દેશોમાં બર્મા, શ્રીલંકા, જર્મનીનુ પાટનગર બર્લિન તથા ચીની રાજ્ય શંકયાંગનાં નામો નોંધ પાત્ર છે. જ્યારે કે યમન, ટયૂનિસ તથા ઉત્તર માલીમાં પણ અશાંતિ ફેલાયેલી છે જ્યાં ઈદના આગમનની સાથેસાથે ભયજનક વાતાવરણના વાદળો છવાયેલાં છે અને પાછલાં વરસોની જેમ ઈદનો ઉત્સાહ જોવા નથી મળ્યો. *અરબી વેબસાઈટ અલ મુહીત*ના અનુસાર દુનિયામાં આ વરસે સાઈઠ લાખ મુસલમાનો પોતાનાં ઘરોથી દૂર મુહાજિરીન (હિજરતકર્તા) બનીને અસરગ્રસ્તોના તંબૂઓ તથા શરણાર્થી કેમ્પોમાં ઈદ પસાર કરવા મજબૂર થયા, જેનું કારણ આપસી અથડામણો, પક્ષપાતી વલણ તથા વંશના ખાત્માની ચળવળ છે. જ્યારે કે ઘણી મોટી સંખ્યા ઘરોની અંદર સ્થાનિક ગવર્નમેન્ટોના દુશ્મનીભર્યા વ્યવહારના કારણે પાબંદીઓનો સામનો કરી રહી છે જેના લીધે તેમની ઈદની ખુશીઓમાં ભંગ પડી ગયો. રિપોર્ટ પ્રમાણે બશાર અલ અસદની ગવર્નમેન્ટ તરફથી પબ્લિકની વસ્તીઓ પર જાલિમાના ગોળીબારો તથા બોમ્બવર્ષાના પરિણામે રમઝાનના મહિનામાં ૨૭૦૦ વ્યક્તિઓનાં મૃત્યુ થઈ ચૂકયાં છે જેમાં સ્ત્રીઓ તથા બાળકોની મોટી સંખ્યા પણ સામેલ છે.

એક મહિના દરમ્યાન ગણત્રી મુજબ ત્રણસોથી અધિક સ્ત્રીઓ તથા યુવાન છોકરીઓની ઈજ્જતો લૂંટવામાં આવી. સીરિયાનાં શહેરો અલ્અદબ, દરઆ, હલબ, પાટનગર દમિશ્ક઼, હમ્સ તથા દેશના ઉત્તર ભાગોમાં શહેરો ખંડેર બની ચૂક્યાં છે. જેના કારણે સીરિયાવાસીઓના ચેહરાની ખુશી ગાયબ થઈ ચૂકી છે અને ઈદની ખુશીઓ ઝાંખી થઈ ગઈ છે. બજારો ઈદની વરસોથી ચાલી આવતી રોનકોથી વંચિત છે. અને ઈદના આગમન સાથે બજારોને બદલે ક઼બ્રસ્તાનોમાં ઘસારો જણાય રહ્યો છે. આખેઆખી વસ્તીઓનાં મકાનો ખાલી જોવા મળે છે. દમિશ્ક઼ તથા હમ્સનાં બજારોની રોનક અનોખી હતી પણ આજે ન ગ્રાહક છે ન દુકાનદાર ! બજારોની ઉજ્જડતાની સાથોસાથ લોકોના ચહેરાઓ પર ગમ તથા

પરેશાનીના વાદળો ઘેરાઈ ચૂક્યાં છે.

હલબ તથા દમિશ્ક જેવાં શહેરોમાં મૌતના પડછાયા ઘુમરાઈ રહ્યા છે. સીરિયાના પ્રચાર માધ્યમોએ વરસે ઈદુલ ફિત્રને સીરિયાઈ પબ્લિકના માટે ખૂબ જ અફસોસનાક ઠરાવી છે. દેશના છાસઠ હજાર વતનીઓ તુર્કીમાં, જ્યારે ચાલીસ હજાર લોકો ઉર્દુનમાં તથા લગભગ એક લાખ લોકોએ લેબનાનની શરણાર્થી વસ્તીઓમાં ઈદ ગુજારી. જ્યારે દેશમાં રહેલા લગભગ આઠ લાખ લોકો પોતાના ઘરો ત્યજીને દૂર ઈદ ગુજારવા પર મજબૂર છે. બશાર અલ સઅદની ગવર્નમેન્ટી ફોર્સે ઈદના મોકા પર પણ બોમ્બ ગોળા વર્ષાવવાનો ક્રમ સતત ચાલુ જ રાખ્યો.

*સ્કાય ન્યૂઝ*ના અનુસાર સીરિયાની જેમ બર્માના મુસલમાનો માટે ઈદ ઘણી જ મુશ્કેલીઓમાં પસાર થઈ. બૌધ્ધોની ગવર્નમેન્ટ તથા ''મીગ'' ઉગ્રવાદીઓના હુમ્લાઓના પરિણામે રમઝાન કત્લ થનારા મુસ્લિમોની સંખ્યા ૨૧૦૦થી ઉપર નીકળી ચૂકી છે. જ્યારે યંગૂન તથા રાખનીના વિસ્તારોમાં વસનારા ૫૫૦૦૦ રોહિંગ્યા મુસલમાનોએ પોતાનાં ઘરબાર છોડીને શરણાર્થી કેમ્પોમાં ઈદ મનાવી. આ અસરગ્રસ્તોએ બાંગ્લાદેશી સરહદ તથા બીજી બાજુ થાઈલેન્ડની બોર્ડરની સાથે બનેલી શરણાર્થી વસાહતોમાં ખૂબ જ અફસોસ તથા કફોડી હાલતમાં ઈદનું સ્વાગત કર્યું. ન તો ત્યાં ઈદનાં બજારો બન્યાં ન નમાઝના માટે કોઈ મસ્જિદ કે મુસલ્લાની વ્યવસ્થા થઈ, ઈદની ખુશીના સ્થાને તેઓની આંખોમાં લાચારી તથા નિઃસહાયતાની છબી જોવા મળે છે. *અલ્જઝીરાના ન્યૂઝ* અનુસાર બાંગ્લાદેશી સરહદની સાથે કેમ્પોમાં રહેતા પચાસ હજાર મુસ્લિમોને અધિક કઠણાઈઓનો ભેટો થયો. આ લોકો જરૂરી ઈલાજ તથા ખાવા પીવાની પાયાની સહૂલતોથી પણ મેહરૂમ છે. એ લાચારોએ પ્રચાર માધ્યમો થકી આલમી બિરાદરીને ઈદના મોકા પર કપડાં તથા મીઠાઈઓને બદલે કેવળ જરૂરી ઈલાજની સગવડોની માગણી કરી છે. કેમ કે વિશ્વની સહાયક સંસ્થાઓ તરફથી મોકલવામાં આવેલી ખાવાની ચીજો મ્યાનમારી ગવર્નમેન્ટ તથા બૌધ્ધ સંગઠનો સગે વગે કરી નાખી. સ્થાનિક પ્રચાર માધ્યમોના જણાવ્યા અનુસાર યુનો સહિત અન્ય સંસ્થાઓની મોકલેલ સહાય સામગ્રી બૌધ્ધોના પ્રાર્થનાલયોમાં ભેગી થતી રહી છે જ્યારે કે ગવર્નમેન્ટ ફોર્સ તથા બૌધ્ધ ઉગ્રગાદીઓના હાથેથી બચી નીકળનાર લોકોને બીમારીઓએ ઘેરી લીધા છે. તોફાનોના કારણે ઘાયલ થનારા લોકો મોટી સંખ્યામાં બેયારો મદદગાર પડેલા છે. વર્ષા તથા કુદરતી આફતોના લીધે પણ બીમારીઓની વબામાં સપડાયેલા લોકોની સંખ્યા દસ હજારથી વધુ છે. આ મુશ્કેલીઓના કારણે મ્યાનમારના મુસલમાનો માટે ૧૯૯૨ પછી આ ઈદ અધિક મુશ્કેલીઓ તથા પરેશાનીઓથી ભરપુર સાબિત થઈ.

ન્યૂઝ ચેનલ *અલ્જઝીરા*ના પ્રમાણે પેલેસ્ટાઈની મુસલમાનોને પૂરા રમઝાન માસની જેમ ઈદ પણ ઈઝરાઈલી ફોજોના જુલ્મો વચ્ચે ગુજારવી પડી. કેમ કે ઈઝરાઈલીઓ ચાહે છે કે મુસલમાનો મસ્જિદે અક્સામાં ઈદની નમાઝ પઢવા ન આવે. ૨૭મી રાતે મસ્જિદે અક્સામાં પંદર વરસ પછી ખત્મે કુર્આનના માટે એકત્ર થયેલા પાંચ લાખ મુસલમાનોને જોઈને ઈઝરાઈલી ગવર્નમેન્ટમાં હલચલ મચી ગઈ છે. પેલેસ્ટાઈની ઈદ બજારો પર ઈઝરાઈલી સૈનિકોએ છાપા મારવાનું શરૂ કરી આપ્યું જ્યારે કે છ હજાર પેલેસ્ટાઈની મુસલમાનોએ ઈઝરાઈલી જેલોમાં ઈદ મનાવી જેમાં પંદરસો સ્ત્રીઓ પણ છે.

*'અલ્મુહીત'*ના જણાવ્યાનુસાર સૂડાન, સૂમાલિયા, ઉત્તર માલી, નાઈજીર્યા તથા અન્ય સ્થળોએ આપસી અથડામણોના સબબે ચાલીસ લાખથી વધુ મુસલમાનોની જિંદગી ખતરાથી ખેલી રહી છે. અહીં કમસે કમ ચાલીસ લાખ લોકો પોતાના ઘરોએથી સ્થળાંતર કરી ચૂક્યા છે. એ લોકોને દેશની આંત્રિક અથડામણો અને ઈઝરાઈલની સમર્થન પામેલ ત્રાસવાદી સંગઠનો તરફથી થતી તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. જ્યારે કે એ આફ્રિકી દેશોમાં દુકાળની સ્થિતિ તેમજ અનાજની તંગીએ લોકોને

ઘેરેલા છે.'અલ્ જઝીરા'ના જણાવ્યાનુસાર એ દેશોમાં સર્વે કરનારા પ્રચાર માધ્યમોના આધારે ખબર મળી કે ઈદની તૈયારીઓ ન હોવા બરાબર છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) તથા અન્ય સહાયક સંસ્થાઓ તરફથી સહાય કેમ્પોમાં વસતા મુસલમાનોની નજરો હિલાલ અહમર તથા યૂરોપી તેમજ ખાડી વિસ્તારની સહાયક સંસ્થાઓ પર જામેલી છે.

બર્મા ઉપરાંત જે દેશોમાં મુસ્લિમો જે કત્લના બનાવો તથા પક્ષપાતી વલણનો સામનો કરી રહ્યા છે એમાં ચીનનું શંકયાંગ રાજ્ય, જર્મનીનું પાટનગર બર્લિન તથા શ્રીલંકા અગ્રસ્થાને છે. શંકયાંગના મુસલમાન આ વરસે રમઝાનના રોઝા ધરવાથી વંચિત રહ્યા છે. ચીની ગવર્નમેન્ટે રમઝાનથી પહેલાં એ વિસ્તારમાં થનારાં તોફાનો પછી મુસલમાનો પર સખત પાબંદી લાગુ કરી રાખી છે જેના કારણે તેઓ રોઝા તથા તરાવીહ સહિત કોઈ પણ ઈબાદતથી મેહરૂમ છે, જ્યારે કે ગવર્નમેન્ટી ઓર્ડર પ્રમાણે હંગામાથી બચવા તથા અમન તથા શાંતિના હેતુસર ઈદની તૈયારીઓ કરવા તથા ઈદની નમાઝ પઢવાથી પણ રાજ્યમાં વસનારા અયગૂર મુસલમાનો મેહરૂમ રહ્યા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈદગાહ જવાની તેમને પરવાનગી મળી નહીં. શ્રીલંકાના પૂર્વી તથા ઉત્તરી વિસ્તારોમાં પણ તામિલ ટાઈગર તથા બૌદ્ધ ઉગ્રવાદી સંગઠનોએ બર્માની ઢબથી મુસલમાનો વિરૂદ્ધ રમઝાનમાં કાર્યવાહીનો ક્રમ ચાલુ રાખ્યો. રમઝાનમાં બે મસ્જિદો પર હુમ્લા તથા સ્ત્રી સહિત દસ મુસ્લિમોનાં મૃત્યુ થયાં. આ પરિસ્થિતિમાં ઈદની તૈયારીઓ તથા ખુશીઓ દફન થઈ ગઈ.

યૂરોપી દેશ જર્મનીના પાટનગર બર્લિનમાં ગયા વરસે અદાલતે "પ્રોડવીચ લેન્ડ" નામની કટ્ટરવાદી સંસ્થાને નબીએ આખિરુઝ્ઝમાં ﷺની તૌહીન કરતાં કાર્ટૂનો બનાવવાની ઈજાઝત આપી દીધી છે. સંસ્થાએ ઈદના દિવસે વિવિધ મસ્જિદોની સામે કાર્ટૂનોનું પ્રદર્શન કરવાનો ઈરાદો જાહેર કરેલો જેના કારણે ત્યાં રહેનારા દોઢ લાખ મુસલમાન સખત અંજપાભરી સ્થિતિમાં આવી ગયા હતા અને ગવર્નમેન્ટથી માગણી કરી હતી કે બુરી હરકતને રોકે અને ખાસ ઈદના મોક઼ા પર માનવ જાતમાંની સૌથી શ્રેષ્ઠ હસ્તી નબી ﷺની આ રીતની તૌહીનનો બનાવ ઘણો જ દિલ રંજાડનાર તથા અફસોસનાક છે જેના કારણે લોકોના દિલમાં અજંપો તો ગુસ્સો ઉછાળા મારી રહ્યો છે. *(કન્ઝુલ ઈમાન મંથલી, સપ્ટેમ્બર–૨૦૧૩)*

જ્યાં મુસલમાનો સુકૂનથી જીવે છે, ઈદોની તથા અન્ય જિંદગીની ખુશીઓ મનાવી અમનથી જીવી રહ્યા છે તેમના દિલોમાં ખરેખર જો મુસ્લિમોની આ હાલત જાણી રંજ થશે તો એ એમની ઈસ્લામ તથા મુસ્લિમો પ્રત્યેની લાગણીનું એક પ્રતીક ગણાશે. તેમજ મુસલમાનોએ આ સંજોગો તથા હાલતો જોઈ જાણીને તો સમજવું જોઈએ અને કાફિરો જેમ અમન ચમન, મોજ મજા તથા ખેલકૂદ, ટી.વી. મોબાઈલ પર મનોરંજન તથા ગુનાહિત કામોથી દૂર રહીને, ખુદાનો શુક્ર કરીને ગુનાહિત જિંદગીથી તૌબા કરી ખુદાનો શુક્ર અદા કરવો જોઈએ કે તેમને હજી એ દિવસો નથી આવ્યા અને ખુદા એ દિવસો ન લાવે તેવી દુઆ કરવી જોઈએ.

## અલ્લાહ બેહતરીન બદલો આપે

દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ) ખાતે મદ્રસામાં પઢતા બાળકો તથા મસ્જિદના મુક્તદીઓના પીવાના પાણી માટે "વોટર ફિલ્ટર પ્લાન" બેસાડવામાં આવ્યો જેનો ખર્ચ રૂા. એક લાખ (રૂા. ૧,૦૦,૦૦૦/–) જનાબ અબ્દુલ કાદિર ભાણવડવાળા તરફથી હસ્તે જનાબ બશીરભાઈ ગોડીલ, જનાબ મુફ્તી મુઝમ્મિલ સાહબના વાલિદ સાહબના હસ્તે મળ્યા છે. તેઓની આ નેકી રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં ક઼બૂલ ફર્માવે, મર્હૂમોની મગફેરત ફર્માવે, તેઓની તથા ઔલાદની બંને દુનિયામાં આબરૂ રાખે. (આમીન) *–લિ. અરાકિને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)*

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### ★ જરૂરી ખુલાસો ★

સુન્ની મુસ્લિમ કમિટી ગોંડલનું હાલનું પ્રકાશન સરકારે સોહરવર્દ કિતાબ પેજ નં. ૩ પર સૈયદ ઈસ્માઈલમિયાં નજુમિયાં (બાબલાબાપુ) જેતપુર મારફત ધોરાજીમાં હઝરત જલીલશાહ બાવા દરગાહ શરીફના ગાદીનશીન હઝરત સૈયદ શફીમિયાં બુખારી અંગે જે લખાણ લખાયેલ છે તે તેમની ભૂલ અને નાસમજ અને બેદરકારીના કારણે લખાઈ ગયેલ છે. આ લખાણ બદલ હઝરત શફીમિયાં બાપુની જે માનહાની થયેલ છે જે મારી ગંભીર ભૂલના કારણે થયેલ છે. કિતાબમાં આ લખાણથી શફીમિયાં બાપુને કાંઈ જ લાગતુ વળગતુ નથી જે બદલ તેઓ લેખિત માફી માંગે છે. *–લિ. સૈયદ ઈસ્માઈલમિયાં નજુમિયાં (ઉર્ફે બાબલાબાપુ) SMC–ના પત્રના આધારે*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**કારંટા શરીફ** : પીરઝાદા ફતે મુહમ્મદ ગુલામ રસૂલમિયાં કારંટાવાળા જેઓ બારીયા મુકામે બાળ કોને તા'લીમ આપતા હતા તે દરમ્યાન હાર્ટ એટેકથી ૨ શાબાનના રોજ તા. ૧૨–૬–૨૦૧૩ બુધવારે ઈન્તેકાલ કરી ગયા છે.

**લુવારા** : (તા. જિ. ભરૂચ) ખાતે અ. ગફૂરભાઈ ઘોડીવાલાનાં વાલિદા હજીયાણી અમીના હસન ઘોડીવાલાનો તા. ૫–૭–૨૦૧૩, ૨૫ શાબાન હિ.સ. ૧૪૩૪ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે.

**દયાદરા** : ખાતે તા. ૧૯–૭–૨૦૧૩ જુમ્આના રોજ ૯ રમઝાન શરીફ હિ.સ. ૧૪૩૪ના રોજ દાઊદ સુલેમાન સરપંચનો ઈન્તેકાલ થઈ ગયો.

**દયાદરા** : ખાતે તા. ૨૫–૭–૨૦૧૩ જુમેરાતે ૧૫ રમઝાન હિ.સ. ૧૪૩૪ના રોજ યાકુબ આદમ ગોટલા (બાદશાહ)નો ઈન્તેકાલ થઈ ગયો.

**દયાદરા** : ખાતે તા. ૩–૮–૨૦૧૩ શનિવાર, ૨૪ રમઝાન હિ.સ. ૧૪૩૪ના રોજ બીબીબેન સુલેમાન ખીડાંનો ઈન્તેકાલ થઈ ગયો.

**વડોદરા** : "બરકાતે ખ્વાજા" માસિકના ચાહક જનાબ ઈદ્રીસભાઈ ખત્રી પાવીજેતપુરવાળા તેમના બહેન તથા બનેવીના ઈન્તેકાલ વિશે જણાવે છે કે બાવામાનપુરા ખાતે તા. ૧૦–૮–૨૦૧૩ શનિવારે ૨–શવ્વાલ હિ.સ. ૧૪૩૪ના રોજ ખત્રી દિલબરહુસૈન તથા તેમના પત્ની જુબેદાબેનનો એક જ દિવસે ઈન્તેકાલ થયો અને એક સાથે જનાઝા ઉઠયા હતા.

**દયાદરા** : ખાતે તા. ૧૨–૮–૨૦૧૩ સોમવારે ૩–શવ્વાલ હિ.સ. ૧૪૩૪ યુસુફ ઉમરજી સાલેહનો ઈન્તેકાલ થઈ ગયો જેમની દફનવિધિ તા. ૧૪–૮–૨૦૧૩ બુધવારે કરવામાં આવી. તા. ૧૭–૮–૨૦૧૩ શનિવારે મસ્જિદમાં ઝિયારત રાખવામાં આવી હતી.

**નબીપુર** : ખાતે જનાબ હાફેઝ ગુલામ મરચીનો તા. ૪–૮–૨૦૧૩ સોમવારના રોજ અચાનક હાર્ટ એટેક આવતાં ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમ હાફેઝ સાહબ દીની કામોમાં ખૂબ જ રસ ધરાવતા હતા. ધાર્મિક જલસાઓમાં, સુન્ની દા'વતે ઈસ્લામીના ઈજતેમાના બયાનોમાં અચૂક હાજરી આપતા હતા તથા દીની કિતાબો તથા સુન્ની માસિકોના તથા અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાની કિતાબોના પ્રચારના કામોમાં અંગત રસ લઈ સહકાર કરતા હતા. આપ લુવારા ગામે ત્યાર બાદ ઝંઘાર ગામે જીવનના અંત સુધી મદ્રસાના તલબાની તા'લીમમાં સંકળાયેલ રહ્યા હતા.

મર્હૂમ હાફેઝ સાહબ તેમજ ઉપરોક્ત સર્વ મર્હૂમોની રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મગફેરત ફર્માવે, તેમને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ" ખાતે કુર્આનખ્વાની કરાવી સર્વ મર્હૂમો માટે દુઆ ગુજારવામાં આવી. *–તંત્રી*

# અલ્લાહ તઆલા બંને જહાનમાં બેહતરીન બદલો આપે

**જનાબ "જિગર" નબીપુરી સાહબ (હાલ : લંડન)**ના અમો ખૂબ જ આભારી છીએ કે તેમણે લગભગ ૭૨ વરસની વય થવા છતાં યુવાનને છાજે તેવા હોસલા સાથે દીનો સુન્નિયતની લાગણી સાથે અમોને દીની કામોમાં અગાઉની જેમ સહકાર, માગદર્શન તથા પ્રોત્સાહન આપવાનું સતત ચાલુ રાખ્યું છે. વિશેષતઃ છેલ્લા બે ત્રણ વરસોથી અમારા પ્રતિકૂળ સંજોગોમાં અમને જે સપોર્ટ કર્યો છે તેના બદલ અમો આપના ખૂબ જ આભારી છીએ. સાથોસાથ **જનાબ માસ્તર ઈસ્માઈલ હવેલીવાળા**ના પણ અમો આભારી છીએ. રબ તઆલાથી દુઆ છે કે રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આપ હઝરાતની મહેનતને કબૂલ ફર્માવે તથા આપની નેક નિય્યતીનો બદલો બંને જહાનમાં તેની શાને આલી પ્રમાણે અતા કરે, તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *લિ. પ્રમુખ :* ***પટેલ શબ્બીર અલી રઝવી***

*"ઈસ્લામિક વેલ્ફેર મિશન"–દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*


**★ ખત્મે કાદરિયા (ખત્મે ગૌષિયા) ★**

ગ્લેઝડ પેપર પર એ–૪ સાઈઝમાં અરબી–ગુજરાતી બંનેમાં છપાયેલ ખત્મે કાદરિયા (ખત્મે ગૌષિયા) કાર્ડ મફતમાં મેળવવા સંપર્ક કરો : બોનાન્ઝા STD PCO, ઠે. મોટા ચકલા, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૬૫, મો. ૯૪૨૭૪ ૩૭૫૯૦

**કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

**આયોજિત જમવા રહેવા સાથે**

**૩ × ૨ લક્ઝરી બસ દ્વારા**

**બસ ઉપડવાની તારીખ : ૨૭/૧૦/૨૦૧૩, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**સ્પે. શિમલા કુલુ–મનાલી પ્રવાસ**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, ફતેપુર–સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી, અજમેર, મીરાદાતર અને પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૮,૦૦૧/– | રૂા. ૪,૭૦૧/– | ૧૫ |

**બસ ઉપડવાનું સ્થળ :** તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૮૯૮૭૯૮૮૬૨**

**નોંધ :** **૧.** રૂા. ૧૫૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૩.** મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૧૧/૧૧/૨૦૧૩ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૫૦૧ ડિપોઝીટ ભરી આપની મનપસંદ શિટ બુક કરાવો. **૬.** મનાલીથી રોહતાંગ સ્વખર્ચે જવાનું રહેશે. રોહતાંગ પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૭.** બેંક, એલ. આઈ.સી. અને જી.આઈ.સી. ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. **૮.** એલ.ટી. સી. મે વનારે એક આખી ટીકીટે રૂા. ૭૫૦/– વધુ ચૂકવવાના રહેશે.

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| હાફેઝ હનીફ બરકાતી | ભરૂચ |
| અ. સત્તારખાન લતીફખાન | લુણાવાડા |
| ફૈસલભાઈ છાવર (ઉપલેટા) | અમદાવાદ |
| અબ્દુલ અઝીઝ કાગઝી | નેત્રંગ |
| હાફેઝ અ. રશીદ | ખોજબલ |
| મુહમ્મદ શફી શેખ | ભરૂચ |
| અઝીઝભાઈ પટેલ | સૂરત |
| ઉદેસિંહ રૂપસિંહ રાઠોડ | ટુંડાવ |
| ખત્રી ઈસ્માઈલજી સુલેમાનજી વડદલાવાલા | બોડેલી |
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ફઝલભાઈ બત્તીવાલા | બોડેલી |
| સલીમખાન | ઝાલોદ |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| અબ્દુલ હમીદભાઈ (મુલ્લા એગ્ઝ માર્ટ) | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| અબ્દુલ સમદભાઈ આછોદી (નાના વરાછા) | સુરત |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| અઝીઝભાઈ મછાસરવી–અડાજણ દરગાહ | સૂરત |
| અનીશ અ. ગની વાલોડીયા | સૂરત |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |

| નામ | શહેર |
|---|---|
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| સલીમભાઈ જોહાં | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| સલીમભાઈ શેખ (જમાલપુર) | અમદાવાદ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |
| મુનીરભાઈ પઠાણ (અમન મોબાઈલ) | ભરૂચ |
| યુસૂફભાઈ ગડીમલ | ભરૂચ |
| હાજી મુસ્તાકભાઈ મુન્શી વાગરાવાળા | ભરૂચ |
| હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| મૌલાના ઝહીર દહેગામી મિસ્બાહી | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| અબ્દુલ્લાહ (ફાઈન હેન્ડલૂમ) | જામનગર |
| અબ્દુર્રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| ડૉ. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |
| ઉષ્માનગની મુબલ્લિગ | વડોદરા |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ **૨** નું ચાલુ.....

| **નામ** | **શહેર** |
|---|---|
| અમીરમિયાં કાઝી | વડોદરા (તાંદલજા) |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| ડો. મોહયુદ્દીન રુકનુદ્દીન સૈયદ | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| રોશન અલીભાઈ | અંજાર |
| મહેબૂબભાઈ અ. રહમાનજી ખત્રી | દેડીયાપાડા |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | જુહાપુરા, અમદાવાદ |
| આરિફભાઈ હુક્કાવાલા | મોડાસા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ખલીલભાઈ કુરૈશી (ગાઝી લેન્ડવાળા) | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| ડો. નજીર મુહમ્મદ દેવલા | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદ્દીન મહંમદમિયાં | હાડગુડ |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| ઈમરાનભાઈ પાંચા (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |

| **નામ** | **શહેર** |
|---|---|
| મૌલાના મુનવ્વર રઝા | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ ડભાડ | ચીખલી |
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| શેખ મુહમ્મદ હનીફભાઈ | ગાંધીનગર (પોર) |
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ | દાહોદ |
| ઝાકિરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ/અમીનભાઈ | ગોંડલ |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| સલીમભાઈ લીંબુવાળા | આણંદ |
| અ. સત્તાર અ. રહમાન | વેરાવળ |
| તૌસીફ પટેલ | વાગરા |
| મુતવલ્લી અશરફભાઈ/દિલાવરભાઈ | નોબાર |
| ખત્રી ઈદરીસભાઈ | પાવીજેતપુર |
| મૌલાના ઈલ્યાસખાન નૂરી | રતનપોર |
| મૌલાના ગુલામરસૂલ એ. કાદરી | વિસનગર |
| શબ્બીરભાઈ ટેલર | સંજાણબંદર |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની બંને જહાનને આબાદ ફમવિ. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

નોંધ : **બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહકો તથા **અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બરો, ડોનરો કરી આપી સુન્નિયતના કામમાં વેગ આપવા ઈચ્છનારાઓ અમારો સંપર્ક કરે એવી વિનંતિ. *–તંત્રી*